उन्नति

# વિચાર

વર્ષ ૧૫ અંક ૨ મે – ઓગસ્ટ, ૨૦૧૦

અનુક્રમ

**સંપાદકીય** 1

**વિકાસલક્ષી મુદ્દાઓ**
- લોક-આધારિત આપત્તિ વ્યવસ્થાપનઃ સામુદાયિક યોજના થકી જોખમ નિવારણ 2

**મંતવ્ય**
- મુસ્લિમ મહિલાઓ અને બુરખો 8

**આપણી વાત**
- ગુજરાતમાં શાળા સુરક્ષા પ્રયાસ 10
- આરોગ્ય તકેદારીઃ આઈડિયલનો અનુભવ 15
- દુકાળ સહાય સેવાઓ ઉપર સમુદાયની દેખરેખ 20

**આપના માટે**
- વિકાસલક્ષી યોજનાઓ અને આપત્તિ નિવારણ વચ્ચે સંકલન 26

**સંદર્ભ સાહિત્ય** 30

**અમારા વિશે** 33

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

સંપાદકીય

## આપત્તિ નિવારણ અને જોખમ નિવારણમાં સમુદાય-આધારિત અભિગમ

સામાન્ય રીતે આપત્તિ એટલે સંકટની એવી સ્થિતિ કે જેમાં સ્થાનિક સમુદાય સ્વ પ્રયત્ને ટકી શકવા અને સામનો કરવા અસમર્થ હોય અને તેને બહારની મદદની જરૂર પડે છે. સમુદાય સંચાલિત આપત્તિ જોખમ ઘટાડાનો અભિગમ સાંપ્રત સમયમાં વ્યાપક થઈ રહ્યો છે કે જે પરંપરાગત આપત્તિ વ્યવસ્થાપન કરતાં અલગ અને અદ્યતન છે. પરંપરાગત અભિગમમાં આપત્તિ બાદ અસરગ્રસ્ત સમુદાયનાં જાન-માલ બચાવવા અને રાહત પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ હતો. પરંતુ આ નવીન અભિગમમાં આપત્તિ પૂર્વે, તે દરમ્યાન અને તે પછીનાં કાર્યો અને પ્રક્રિયાનો પણ સમાવેશ થાય છે. આ અભિગમમાં સમુદાય પોતાના સ્તરે વિવિધ સંકટોનું આકલન કરે, સંકટ અનુસાર નિઃસહાય વ્યક્તિ કે જૂથો તારવે. આવા સમુદાયની હાલની ક્ષમતા અને ક્ષમતાવર્ધનની ઉણપો તે તારવે અને આકલનને આધારે કુદરતી અને માનવસર્જિત સંકટો આપત્તિ ન બને તે માટે સંકટને રોકવાના પ્રયાસ, સંકટની અસરોને ઓછી કરવાનાં કાર્યો, સંકટ વખતે સમુદાય ટકી શકે તે માટે ક્ષમતાવર્ધન અને સંકટનો સામનો કરવાની પૂર્વતૈયારી મુખ્ય બાબતો છે.

ભારતમાં છેલ્લા બે દાયકામાં નિયમિત રીતે પૂર, ચક્રવાત, સુનામી, ભૂકંપ, કોમી રમખાણ અને આતંકવાદી ઘટનાઓ જેવી આપત્તિઓ આવતી રહી છે. આવી દરેક આપત્તિમાં સૌથી વધારે સહન કરનાર અને તેનો પ્રતિરોધ કરનાર સ્થાનિક સમુદાય જ હોય છે. બહારની સંસ્થાઓ, સરકાર, દાતાઓ, મદદકર્તાઓ વગેરેને આવા આપત્તિના સ્થળે પહોંચતાં થોડો સમય લાગે છે. સ્થાનિક સમુદાય પાસે દરેક પ્રકારના સંકટમાં ટકી રહેવા અને સામનો કરવા માટે વિવિધ પ્રકારનાં કૌશલ્ય અને વ્યવસ્થાઓ હોય છે. તેમને ધ્યાનમાં લઈને આપત્તિ નિવારણની તથા જોખમ નિવારણની વ્યૂહરચના ઘડવી જોઈએ.

સમુદાયની પોતાની પરંપરાગત વ્યવસ્થા અને તેના કૌશલ્યને ટકાવવાં અને મજબૂત કરવાં જરૂરી છે. સમુદાય સંચાલિત અભિગમમાં સંકટના આકલન, આકલન આધારિત કાર્યલક્ષી યોજનાનું ઘડતર, કાર્યલક્ષી યોજનાનો અમલ અને સંકટ સમયે પ્રતિરોધની કામગીરી પણ સ્થાનિક સમુદાય દ્વારા સંચાલિત થાય તો જ સાચા અર્થમાં આપત્તિ વ્યવસ્થાપનમાં સ્વાવલંબન પ્રાપ્ત થઈ શકે. આ અભિગમને ધ્યાનમાં રાખીને આપત્તિ સામે ટકવા માટે ભારતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ વિવિધ કાયદાઓનું ઘડતર કર્યું છે. ઉપરાંત, આપત્તિ વ્યવસ્થાપન અંગેની નીતિઓ અને માર્ગદર્શિકાઓ પણ તૈયાર કરવામાં આવ્યાં છે. તેમાં આપત્તિના જોખમને ઘટાડવાને સ્થાનિક અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રાથમિકતા આપવામાં આવી છે. ટૂંકમાં, આપત્તિમાં થનારાં રાહત કાર્યો અને ત્યાર બાદનાં પુનર્વસન માટેનાં કાર્યો અને વિકાસલક્ષી કાર્યો પણ ભવિષ્યમાં આવાં સંકટોને આપત્તિમાં પરિણમતાં અટકાવવામાં ઉપયોગી બને તે રીતે ઘડાય અને તેમનો અમલ થાય તે જરૂરી છે.

# લોક-આધારિત આપત્તિ વ્યવસ્થાપન: સામુદાયિક યોજના થકી જોખમ નિવારણ

તાજેતરનાં વર્ષોમાં આપત્તિઓ સાથે સંબંધિત વિવિધ ખ્યાલો અને વ્યવહારોમાં મોટું પરિવર્તન આવ્યું છે: આપત્તિનો પ્રતિભાવ આપવો અને તેનું નિવારણ કરવું તેમાં સમર્થતા અને સક્ષમતાના અભિગમો ઉમેરાયા છે. અસહાયતા ઘટે તે માટે સમુદાયની સામેલગીરી અને તેની પોતાની પ્રતિકારક્ષમતા વધારવા ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. આ વિશે 'ઉન્નતિ' દ્વારા કરાયેલાં બે પ્રકાશનોમાંથી કેટલીક બાબતો અહીં સરળ રીતે રજૂ કરવાનો પ્રયાસ કરાયો છે.

## પ્રસ્તાવના

બે દાયકા દરમ્યાન ભારતમાં લાતુરનો ધરતીકંપ ઓરિસ્સાનું મહાવિનાશક વાવાઝોડું, કચ્છનો ભૂકંપ, દક્ષિણ ભારતમાં સુનામી, કાશ્મીરનો ભૂકંપ કે પછી મુંબઈ-બિહાર અને ઉત્તર પ્રદેશમાં ફરી વળેલા પૂરથી મહાવિનાશની સ્થિતિ સર્જાઈ હતી. તો ક્યારેક દુષ્કાળ, રોગચાળો અને મહામારીની સ્થિતિ પણ ઉદ્‌ભવી અને મોટી સંખ્યામાં જાનમાલનું જોખમ ઊભું થયું. આર્થિક નુક્સાન પણ સહન કરવું પડ્યું.

નાનાં નાનાં અને વારે ઘડીએ આવતાં સ્થાનિક કક્ષાનાં સંકટોથી જે માત્રામાં નુકસાન થયું છે એના કરતાં ખૂબ વધારે તીવ્રતા ધરાવતાં અને ક્યારેક આવતાં સંકટોથી ઓછું નુકસાન થયું છે. મોટાં સંકટોથી એક મોટો હાયકારો-ભય-જરૂર ઊભો થાય છે. પરંતુ નાનાં નાનાં સંકટોની ગરીબો ઉપર સીધી અસર થાય છે. ઉદાહરણ તરીકે, વારંઘડીએ આવતા દુષ્કાળથી એક સામાન્ય ખેડૂત ધીમે ધીમે ખેતમજૂરની દશામાં ફેરવાતો જાય છે. આવાં ધીમી ગતિએ આગળ વધતાં સંકટો સમયે યોગ્ય સમયે યોગ્ય મદદ પણ મળતી નથી અને છેવટે જતાં નુકસાન વધે છે. પાછલા દાયકાઓમાં સંકટ આવ્યા પછી માત્ર માનવીય દૃષ્ટિકોણને આધારે રાહત અથવા મદદ પહોંચાડવાના હેતુસર કામગીરી હાથ ધરવામાં આવતી. થોડા સમય સુધી આ સહાય ચાલતી અને વાત વિસરાઈ જતી. સમાજ ધીમે ધીમે પોતાની મૂળ સ્થિતિ ઉપર પાછો વળવાનો પ્રયત્ન કરતો, કેટલાક સફળ રહેતા તો કેટલાક નિષ્ફળ પણ જતા. પણ એકંદરે એ વાતની સમીક્ષા થતી કે લોકોને સમયસર રાહત પહોંચી કે નહીં, આશ્રય આપ્યો કે નહીં! રાહત કામને પુણ્યના કામ તરીકે એક માનવીય અભિગમથી મૂલવવામાં આવતું. જેમને નુકસાન થયું છે તેઓ પ્રત્યે સંવેદનાના ભાવ સાથે આ કામગીરી થતી. એમ મનાતું કે આવા સમયે સબળા અને સમૃદ્ધ લોકોએ નબળા અને ગરીબ લોકોને મદદ કરવી જોઈએ.

શરૂઆતનાં વર્ષોમાં આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા વિશેષ આયોજન એટલે કન્ટીન્જન્સી પ્લાનની હિમાયત કરવામાં આવી પણ તેમ છતાં સંકટની વિપરીત અસરો ચાલુ જ રહી. સૌનું હવે એમ માનવું છે કે સંકટની વિપરીત અસરો માટે અસહાયતા (વલ્નરેબીલીટી) જવાબદાર છે, જ્યાં સુધી અસહાયતાને કાબૂમાં કરવાનું, ઓછી કરવાનું આયોજન નહીં કરીએ ત્યાં સુધી વિકાસના ઉદ્દેશો પરિપૂર્ણ કરવામાં મુશ્કેલી અચૂક ઊભી થશે.

## સિદ્ધાંતો અને વ્યૂહરચના

આપત્તિઓની સર્વગ્રાહી સમીક્ષા કરવા દુનિયાના વિવિધ દેશના વડાઓ જાન્યુઆરી ૨૦૦૫માં જાપાનમાં કોબે ખાતે એકઠા મળેલા અને ૨૦૦૫ થી ૨૦૧૫ સુધીમાં અમલમાં મૂકી શકાય તેવાં કામો અને સિદ્ધાંતો, રણનીતિઓ માટે સર્વસંમતિ ઊભી કરેલી. તેમાં ભારત પણ સામેલ છે:

(૧) આપત્તિ જોખમ ઘટાડવાની વાતને વિકાસ કાર્યક્રમોની સાથે જોડવી.
(૨) દરેક સ્તરે જોખમ ઘટાડવાને લગતા પદ્ધતિસરના ઉપાયો કરવા.
(૩) તાત્કાલિક બચાવ-રાહત દરમ્યાન પણ આપત્તિ જોખમ ઘટાડાની વાતને સાંકળવી.

આ રણનીતિને કામે લગાડવાના હેતુસર ભારતમાં આપત્તિ સંચાલન ધારો ઘડાયો અને તે ધારા હેઠળ દરેક રાજ્યમાં આપત્તિ સંચાલન સત્તામંડળની રચના કરવામાં આવી છે. તે ઉપર મુજબના હેતુને આગળ લઈ જવા પ્રયત્ન કરશે. આમ સંકટ વખતે માત્ર મદદને બદલે સંકટ આવવા છતાં જોખમ કઈ રીતે ઓછું થાય તે માટે આયોજનબદ્ધ પ્રયત્નો કરવા જોઈએ એ બાબત હવે સૌએ સ્વીકારી છે.

સાથે સાથે સમુદાય ઉપરાંત વિવિધ હિતધારકોની ભૂમિકા ઉપર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો કે જેમાં લોકોને સક્ષમ બનાવવાની અને

**આપત્તિથી લોકોને થતી અસર**

મનુષ્યોના જીવનને આપત્તિઓ અનેક રીતે અસર કરે છે. તેનાં વિવિધ પાસાં નીચે મુજબ છે:

૧. મનુષ્યની જિંદગી
૨. મિલકતો કે અસ્કામતો
૩. જીવન જીવવાની સ્થિતિ
૪. જીવનનિર્વાહ
૫. સામાજિક સંબંધો
૬. આર્થિક પ્રવૃત્તિઓ
૭. સામાજિક કે ભૌતિક માળખાગત સવલતો કે સેવાઓ
૮. પર્યાવરણ

અસર પામતા સમુદાય દ્વારા જ સમસ્યાને ઓળખવાની, તેનાં કારણો અને અસરો શોધવાની, સાથે મળી તેની નકારાત્મક અસરો ઓછી થાય તેના ઉપાયો શોધવાની, પોતાનાં સંસાધનોનો અંદાજ કાઢવાની તથા પૂર્વતૈયારી અને જોખમ ઘટાડવાની યોજનાઓ તૈયાર કરવાની રણનીતિ ઉપર વિશેષ ભાર આપવામાં આવ્યો છે.

## લોક–આધારિત વ્યવસ્થાપન

આમ, સમુદાય જોખમ મુક્ત/ભય મુક્ત કેમ બની શકે તે વિચારધારા મુખ્ય બનતી રહી છે. અને તેથી જ સમુદાયની સમજ તથા તેની ભાગીદારીને કેન્દ્ર સ્થાને મૂકવામાં આવી છે કારણ કે સમુદાય પોતાની આસપાસની ભયજનક સ્થિતિ, પોતાનો સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ અને પોતાનાં સંસાધનોથી સુપરિચિત છે અને જ્યારે કોઈ સંકટ આવે છે ત્યારે સમુદાયના લોકો જ એકબીજાને ઝડપથી મદદ પહોંચતી કરી શકે છે. આને લોક-આધારિત આપત્તિ વ્યવસ્થાપન કહે છે. લોક-આધારિત આપત્તિ વ્યવસ્થાપન ખાસિયતો એ છે કે,

૧. તે સમાજનાં અસમાનતા વધારનારાં અને વિકાસને રૂંધનારાં માળખાંઓ દૂર કરવાની હિમાયત કરે છે અને અસહાયતાની અસર વધારનારાં મૂળભૂત કારણોને પડકારે છે.
૨. તે માને છે કે આપત્તિ વ્યવસ્થાપન એ વિકાસની યોજનાઓનાં આયોજન અને અમલનો આંતરિક ભાગ બનવો જોઈએ, તો જ ટકાઉ વિકાસ શક્ય બને.
૩. તે માને છે કે આપત્તિથી સુરક્ષિત સમાજ એ માણસનો મૂળભૂત અધિકાર છે.
૪. તે લોકોનાં જાણકારી, જ્ઞાન, સંસ્કૃતિ અને રીતરિવાજોનો આદર કરે છે તથા તેને માન્યતા આપે છે.
૫. તે માને છે કે દુર્બળ અથવા તો વંચિત સમુદાયો/વ્યક્તિઓની આપત્તિ વ્યવસ્થાપનમાં મુખ્ય ભૂમિકા છે.
૬. તે સ્ત્રી-પુરુષ વચ્ચેના સામાજિક ભેદભાવની નાબૂદીની વાત કરે છે તથા તમામ સ્તરે મહિલાઓની સહભાગિતાને પ્રોત્સાહન આપે છે.
૭. તે માને છે કે અસર પામતા વિવિધ હિતધારકોની સીધી અને નિર્ણાયક ભૂમિકા છે જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને સહકારની સહાયકની ભૂમિકા છે.
૮. તે માને છે કે સંચાર માધ્યમો આ વિભાવનાને ટકાવી રાખવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

તેનો મૂળ ઉદ્દેશ એ છે કે-

૧. આપત્તિનાં સંભવિત જોખમો ઓછાં કરવાં એટલે કે પાણી પહેલાં પાળ બાંધવી. એવાં કામો હાથ ધરવાં કે જેમના અમલથી નુકસાન ઘટે.
૨. સ્થાયી વિકાસ સાધવો અને ગરીબી ઘટાડવી. કોઈ પણ આપત્તિ સામાન્ય રીતે ચાલતી વિકાસની પ્રક્રિયા ઉપર સીધી અસર કરી શકે છે તેથી વિકાસના પ્રયત્નોને ટકાવી રાખવા આ પૂર્વ તૈયારી જરૂરી છે.
૩. લોકોને સક્ષમ બનાવવા. સમુદાયના લોકો આમાં જોડાયેલા હોવાથી પોતાની સામેનાં સંભવિત જોખમો સામે તેઓ સમજ કેળવે છે અને એથી એમની ક્ષમતામાં વધારો થાય છે.
૪. સમાનતા લાવવી. આ કાર્યક્રમમાં તમામ લોકોની ભાગીદારી જરૂરી છે જે તમામને જોડાવાની તક પૂરી પાડે છે.

આ વિચારને સફળ કરવા વિવિધ કક્ષાએ સંકલિત પ્રયત્ન થવા જોઈએ. તેમાં ગામથી લઈને તાલુકા, જિલ્લા અને છેક રાજ્ય કક્ષા સુધીનાં વિવિધ ઘટકો જેવાં કે પંચાયતી રાજ વ્યવસ્થા, ગામ સ્તરનાં સંગઠનો, સ્વયંસેવી સંસ્થાઓ, ધાર્મિક સંગઠનો, માધ્યમો, વિદ્યાર્થીઓ, વિષય નિષ્ણાતો અને ઔદ્યોગિક જૂથોની ભૂમિકા અગત્યની બનતી જાય છે.

## અસહાયતામાં ઘટાડો

સંકટ અને અસહાયતા બે ભેગાં થાય છે ત્યારે આપત્તિનું જોખમ ઊભું થાય છે. એથી એ સ્પષ્ટ થાય છે કે સંકટની તીવ્રતા ઘટે તો જોખમ ઘટે, અતવા જોખમ ઊભું કરનારાં પરિબળો સામેના રક્ષણની વ્યવસ્થામાં સુધારો થાય તો જોખમ ઘટે. અસહાયતા ઘટાડવા માટે દબાણો સામે કામ કરવાની લાંબા ગાળાની વ્યૂહરચના હોવી જોઈએ. એવું લાગે કે અસહાયતા દૂર કરવાનું કામ જટિલ અને પ્રચંડ છે. પણ જો આરંભના તબક્કે જ એ કામ હાથ ધરાય તો અમુક પરિસ્થિતિ સાથે સંબંધિત ઉકેલો શોધી શકાય છે. તે માટે બહુક્ષેત્રીય અને સહભાગી અભિગમ અપનાવવો પડે. ઘણી વાર એમ પણ જણાય છે કે અસહાયતાનાં

## અસહાયતા એટલે શું?

અસહાયતા એવાં પ્રવર્તમાન અને લાંબા ગાળાનાં પરિબળો, પરિસ્થિતિઓ અને નબળાઈઓ છે કે જે વ્યક્તિઓ, પરિવારો, સંગઠનો અને સમુદાયની આપત્તિની હાનિકારક અસરોનો સામનો કરવાની કે તેમાંથી ફરી બેઠા થવાની અને તે સામે પોતાનું રક્ષણ કરવાની ક્ષમતાને વિપરીત રીતે અસર કરે છે. ભૌગોલિક સ્થાન, શારીરિક સ્થિતિ, સામાજિક બાદબાકી અને સીમાન્તીકરણ, આર્થિક અસ્થિરતા કે પર્યાવરણીય પરિસ્થિતિને લીધે અસહાયતા ઊભી થઈ શકે છે.

(૧) **અસલામત પરિસ્થિતિઃ**
લોકો ઘરો, પાણી પુરવઠો, સામાજિક જૂથો અને નેટવર્ક્સ, પાક, પશુઓ, બચત, નોકરીઓ, પ્રાકૃતિક પર્યાવરણ વગેરે જેવાં વિવિધ સંસાધનો પર અવલંબન ધરાવે છે. જ્યારે સંકટ આવે છે ત્યારે આ સંસાધનો જોખમમાં મૂકાય છે. જો આ સંસાધનો અસલામત સ્થિતિમાં હોય તો લોકો અસહાય બને છે અને આપત્તિ સર્જાય છે. આવી અસલામત સ્થિતિ અમુક સ્થાન કે સામાજિક સ્થિતિ સાથે સંબંધિત હોય છે.

(૨) **ગતિશીલ દબાણોઃ**
અસલામત પરિસ્થિતિ એ આપણી આસપાસનાં મોટાં પરિબળોનું પરિણામ હોય છે. તે ગતિશીલ દબાણો છે. જેમ કે, કાયદાઓ, સંસ્થાઓ, નીતિઓ કે પ્રવૃત્તિઓ. આ પરિબળો પણ સંગઠનો કે અથવા સરકાર, ખાનગી સંસ્થા કે વ્યક્તિઓ પર આધારિત હોય છે. આ પરિબળોને કારણે સમુદાયની સંસાધન માટેની પહોંચ ઘટે એમ પણ બને. આપણને ઘણી વાર ખબર હોતી નથી કે આ પરિબળો કયાં છે પરંતુ તેમની સંયુક્ત અસરો વ્યક્તિ અને સમુદાયની અસહાયતામાં વધારો કરે છે.

(૩) **મૂળ કારણોઃ**
અસહાયતાનાં કારણો ઘણી વાર ઊંડાં હોય છે અને તે પ્રવર્તમાન આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક માહોલમાંથી પણ ઊભાં થાય છે. સત્તાધીશ લોકો જુદા જુદા આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પર્યાવરણમા જુદી જુદી રીતે વર્તે છે. આ મુદ્દાઓ અસરગ્રસ્ત સમુદાયની ઘણા જુદા લાગે એમ બને, પણ તેની એકંદર અસર ઘણી મજબૂત હોય છે. સ્થાનિક સ્તરે લોકોની અસહાયતા ખરાબ શાસન વ્યવસ્થા, લોભ, અસમાનતા કે અન્યાય જેવાં મૂળ કારણો સાથે સંબંધિત હોય છે.

કારણોમાં અલ્પવિકાસનાં પરિબળો મહત્ત્વનાં હોય છે. તેથી અસહાય વિસ્તારોમાં વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરવાથી અસહાયતાનું નિવારણ થઈ શકે છે.

લોકોએ પોતે જે અસહાયતા અને જોમખોનો સામનો તેઓ કરે છે તે ઓળખવાં જોઈએ કે જેથી તેઓ પોતે જ તેની સામે પગલાં ભરી શકે. સંકટ આવે ત્યારે સમયસર આશ્રયસ્થાને પહોંચી જઈને, ઘરથાળની જમીનનું સ્તર ઊંચું કરીને, સ્થાનિક સત્તાવાળાઓને વધારે સારી સેવાઓ પૂરી પાડવા માટે દબાણ કરીને પોતાની અસહાયતા તેઓ ઘટાડી શકે છે. વ્યક્તિઓ અને સમુદાયો પોતે જ તેથી તેઓ જે અસહાયતાઓનો સામનો કરે છે તેમને વિશેનું જ્ઞાન વધારે, માહિતી મેળવે અને પગલાં ભરે એ જરૂરી છે.

વળી, દરેક ગરીબ વ્યક્તિને આપત્તિમાં અસર થાય છે જ એવું નથી. ઉપરાંત માત્ર ગરીબોને જ આપત્તિમાં વિપરીત અસર થાય છે એવું પણ નથી. અસહાયતાઓનાં અનેક કારણોમાં ગરીબી પણ એક કારણ છે. વર્ગ, વંશીયતા, સામુદાયિક માળખું, સમુદાયની નિર્ણય પ્રક્રિયા અને રાજકીય પ્રશ્નો વગેરે જેવાં પરિબળો પણ અસહાયતા ઊભી કરવામાં ભૂમિકા ભજવે છે. કોઈક ગરીબ સમુદાય આર્થિક રીતે અસહાય હોય, પણ તે સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય રીતે તે અસહાયતાનો સામનો કરવા માટે સક્ષમ હોય એમ પણ બને.

## સામુદાયિક સહભાગિતા

સમુદાયની સહભાગિતાનો અર્થ એ છે કે જૂથ કે સમુદાયનો દરેક સભ્ય વિકાસલક્ષી પ્રવૃત્તિની નિર્ણય પ્રક્રિયા અને તેના અમલમાં ભાગ લે. સમુદાય અને વ્યક્તિઓના વિકાસ માટે સમાન ધ્યેયો સિદ્ધ કરવા જૂથ તરીકે તેઓ સાથે મળીને કામ કરે છે. તેના હેતુઓ નીચે મુજબ છે:

(૧) અસહાયતા ઘટાડવી અને આપત્તિનો સામનો કરવાની લોકોની ક્ષમતા વધારવી.
(૨) આપત્તિથી ઊભા થતા જોખમને ઘટાડવા માટે જરૂરી સંસાધનો વધારવાં.
(૩) સમુદાયમાં સ્થાનિક સંસાધનોના તેઓ માલિક છે તેવી ભાવના ઊભી કરવી.
(૪) કાર્યક્રમ ટકાઉ બને તે જોવું.
(૫) બહારની મદદ ઉપરનો સમુદાયનો આધાર ઘટાડવો.

સામુદાયિક સહભાગિતામાં વિવિધ હિતધારકો છે. લોકો, બિન-સરકારી સંગઠનો, સ્થાનિક વહીવટી તંત્ર, સ્થાનિક ધંધાદારીઓ

**આપત્તિના જોખમના ઘટાડા માટે સમુદાય – આધારિત પ્રક્રિયાઓ**

**(૧) પ્રક્રિયાનો આરંભ**

૧. સ્થાનિક સંદર્ભમાં આપત્તિના જોખમ વિશેની સમજ કેળવવી.
૨. સમુદાય સાથે સંપર્કો અને સંબંધો કેળવવા.
૩. પરિયોજનાનાં હેતુઓ અને પરિણામો નક્કી કરવાં.
૪. પરિયોજનાને ટેકો આપવા માટે સમુદાયના નેતાઓ નક્કી કરવા.
૫. અમલમાં સમુદાયને મદદ કરવા વિવિધ નિષ્ણાતોનું જૂથ ઊભું કરવું.

**(૨) જોખમનું સામુદાયિક રીતે આકલન**

૧. સંકટનું સહભાગી આકલન.
૨. અસહાયતાનું આકલન.
૩. કેટલાં સંસાધનો પ્રાપ્ય છે તેનું નકશાંકન.
૪. લોકોનો જોખમો વિશેનો ખ્યાલ અને લોકોની ક્ષમતાઓ.

**(૩) આપત્તિના જોખમને ઘટાડવાની આરંભિક યોજના**

૧. લોકજાગૃતિ કેળવવી.
૨. આપત્તિના સામનાની તૈયારી અને નિવારણ માટેનાં પગલાં નક્કી કરવાં.
૩. તાલીમ અને શિક્ષણ.

**(૪) સામુદાયિક કાર્ય દળો અને સમિતિઓની રચના**

૧. સમુદાયોને એકત્ર કરવો અને સંગઠનો બનાવવાં.
૨. ક્ષમતા નિર્માણ અને તૈયારી.

**(૫) અમલ**

૧. વ્યૂહરચનાઓ અને વ્યવસ્થાઓનો અમલ.
૨. સંગઠનો કે સંસ્થાઓને મજબૂત બનાવવાં.

**(૬) દેખરેખ અને મૂલ્યાંકન**

૧. આપત્તિના જોખમમાં ઘટાડા અંગેની યોજનામાં સતત સુધારો.
૨. સારી રીતોનું દસ્તાવેજીકરણ અને ફેલાવો કે જેથી અન્યત્ર તેમનો અમલ થાય.

અને વિદ્વાનો તથા નિષ્ણાતોએ એક સમુદાય તરીકે કામ કરવાનું હોય છે. સામુદાયિક સહભાગિતાના બે અભિગમો છેઃ

(૧) **પ્રત્યક્ષ અભિગમઃ** તેમાં સામુદાયિક બેઠકો, કાર્યશાળાઓ, પરિસંવાદો, ડ્રિલ, નમૂનારૂપ બચાવ નિદર્શન, વ્યાખ્યાનો, પ્રત્યક્ષ પ્રાથમિક સારવાર અને જૂથ ચર્ચાઓનો સમાવેશ થાય છે.

(૨) **પરોક્ષ અભિગમઃ** છાપેલી જાહેરખબરો, હૉર્ડિંગ્સ, ભીંતપત્રો, કેબલ નેટવર્ક દ્વારા જાહેરાતો, ચેતવણીની નોંધો, પરિપત્રો, ચોપાનિયાં, સુરક્ષા કિટનું વિતરણ વગેરેનો સમાવેશ પરોક્ષ અભિગમમાં કરવામાં આવે છે.

જો જોખમના ઘટાડા માટેની પરિયોજનામાં સમુદાયની તત્કાલીન જરૂરિયાતો અને પ્રાથમિકતાઓનું પ્રતિબિંબ પડતું હોય તો તેમાં સમુદાયની સહભાગિતા ટકે છે. તેમને તે માટે પ્રસ્તુત, વાસ્તવિક અને થઈ શકે તેવા ઉકેલો શોધી કાઢવા માટેના અભ્યાસ તથા નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવા જોઈએ. આપત્તિ જોખમ ઘટાડા માટે સમુદાયોને તૈયાર કરવા જોઈએ અને તેમણે સાથે મળીને કામ કરવું જોઈએ કારણ કે-

૧. આપત્તિની પરિસ્થિતિમાં તેઓ જ સૌ પ્રથમ આપત્તિનો સામનો કરનારા હોય છે.
૨. પરિસ્થિતિનો સામનો કરવા માટે તેમની પાસે સ્થાનિક સ્તરનું જ્ઞાન હોય છે. લોકો પાસે ઉપયોગી વિચારો હોય છે, તેમની પાસે દેશજ તકનિકી જ્ઞાન અને કૌશલ્ય હોય છે.
૩. સમુદાય આપત્તિ જોખમ ઘટાડાની પ્રક્રિયામાં સામેલ થાય તો, તેનો આત્મવિશ્વાસ વધે છે, તેઓ કૌશલ્ય પ્રાપ્ત કરે છે અને પારસ્પરિક સહકારની ક્ષમતા વધે છે.

## આપત્તિના જોખમનું આકલન

જોખમનું આકલન કરવા માટે એ જાણવું જરૂરી છે કે જુદા જુદા લોકોને માથે કેટલું જોખમ જુદાં જુદાં સંકટોના સંદર્ભમાં છે. લોકોના જીવન અને જીવનનિર્વાહને અસર કરનારાં માળખાં અને સાધનસામગ્રીને પણ સંકટોથી કેવી રીતે અસર થાય છે તે જાણવું જરૂરી છે. તેથી વિવિધ બાબતોનું નકશાંકન જરૂરી છે. તેમની અસહાયતાનું સ્વરૂપ અને કારણો મહત્ત્વનાં છે. ઉપરાંત, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય પરિબળો કે જે વિવિધ સંકટો સામે પ્રતિકાર કરવાની લોકોની શક્તિ ઘટાડે છે તે સમજવાં પણ અનિવાર્ય છે.

**૧. સમુદાય શું છે?**

જોખમનું આકલન કરવાની કવાયત કરતાં પહેલાં સમુદાયનો સામાજિક, આર્થિક અને રાજકીય માહોલ સમજવો જરૂરી છે. ગ્રામ પંચાયતના દસ્તાવેજોમાંથી પણ કેટલીક માહિતી ભેગી થઈ શકે છે. સામાજિક અને આર્થિક સંસાધનોનું નકશાંકન કરીને પરિસ્થિતિનું વિશ્લેષણ કરી શકાય.

**૨. સંકટનું સામુદાયિક આકલન**

વિવિધ સંકટોનાં સ્વરૂપ અને વર્તન વિશેની સમજ સમુદાયમાં ઊભી

### આપત્તિના જોખમના આકલનથી આ પ્રશ્નોના જવાબ મળે છે

૧. સમુદાયને સૌથી વધારે કયા સંકટને અનુભવ થયો છે? એ સંકટનાં કારણો કયાં છે? એ સંકટનાં લક્ષણો ક્યાં છે?
૨. કયા લોકોને સૌથી વધારે જોખમ ઊભું થાય છે? જોખમ વધારે હોય તેવા સ્થળે તેઓ શા માટે રહે છે?
૩. કયાં ભૌતિક માળખાં અને સાધન - સામગ્રીને જોખમ વધારે છે?
૪. સંકટ વારંવાર આવતું ઘટે તે માટે તેવી કઈ ક્ષમતાઓ સમુદાયમાં નથી?
૫. વારંવાર આવતાં સંકટની અસર ઘટાડવાના સંદર્ભમાં સમુદાયમાં કઈ ક્ષમતાઓ નથી?
૬. ભારે જોખમ ધરાવતા લોકોમાં જ્ઞાન, કૌશલ્ય અને વલણોના સંદર્ભમાં કઈ બાબતોનો અભાવ છે કે જેથી તેમના અસ્તિત્વ સામે જ જોખમ ઊભું થાય છે?
૭. આપત્તિનો સામનો કરવાની તૈયારી સમુદાયમાં કેટલી ઓછી છે કે જેથી સંકટ સમયે અસહાયતા વધે છે?
૮. સંકટનો સામનો કરી શકાય તે માટે સમુદાયની ક્ષમતા વધારવા કયાં પગલાં લેવાં જોઈએ?

થવી જોઈએ. તેમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છેઃ

(૧) સમુદાય પોતે જ પોતે જે સંકટોનો સામન કરે છે તે ઓળખી કાઢે અને છેલ્લાં ૨૦ વર્ષમાં ક્યારે ક્યારે ક્યાં સંકટો આવ્યાં તેનું વિશ્લેષણ કરે. તેમાં તેની અસર, સમુદાયનો પ્રતિભાવ, બહારનો ટેકો વગેરેનું વિશ્લેષણ થાય.

(૨) બધાં સંકટોની યાદી બનાવ્યા બાદ જોખમની દૃષ્ટિએ તેમાં પ્રાથમિકતા નક્કી કરવામાં આવે.

(૩) જે સંકટોને પ્રાથમિકતા અપાઈ તેમનાં લક્ષણો વિસે વિચારાય. કેવી રીતે એ સમુદાયને અસર કરે છે અને તેમનો સામનો કરવાની ક્ષમતા કેવી રીતે વધારી શકાય તે તેમાં વિચારવામાં આવે છે. તેથી સંકટનું જોખમ કેટલું છે તે સમજી શકાય છે.

**૩. સમુદાયની અસહાયતાનું આકલન**

સંકટનો સામનો કરવાની ક્ષમતાના સંદર્ભમાં અસહાયતાને વિચારવામાં આવે છે. લોકોની જિંદગી, આરોગ્ય, જીવનનિર્વાહ અને અસ્કામતો વગેરે જેવાં પાસાં તેમાં અગત્યનાં છે. તેઓ કયા સ્થળે રહે છે તેના ઉપર તેનો ખૂબ આધાર છે. અત્યંત અસહાય જૂથો સલામત સ્થળે ખસી ના શકે તેમ હોય તો તેના ઉપર પણ અસહાયતા આધાર રાખે છે.

**૪. સમુદાયની ક્ષમતાનું આકલન**

આપત્તિનું જોખમ ઘટાડવા માટેની તાકાત અને સંસાધનો કેટલાં છે તે મહત્ત્વનું છે. વ્યક્તિઓ, પરિવારો અને સમુદાય આપત્તિનો સામનો કેટલો કરી શકે તેમ છે તેનું આકલન કરવું જરૂરી છે. આ પ્રકારની ક્ષમતામાં શું ખામીઓ છે તે અગત્યનું છે.

**૫. આપત્તિના જોખમનું આકલન**

છેલ્લે, આપત્તિના જોખમની માત્રા નક્કી કરવી જોઈએ. સંકટ કેવું છે, અસહાયતા કેટલી છે અને ક્ષમતા કેટલી છે તેને આધારે જોખમની માત્રાની ખબર પડે છે. સમુદાયની ક્ષમતા વિકસાવવામાં આવે તો જોખમની માત્રા ઘટે છે.

## સમુદાય–આધારિત આયોજન

સમુદાય પોતે જ ચર્ચા કરીને આપત્તિનું જોખમ ઘટાડવા માટેની વ્યૂહરચના ઘડી કાઢે છે. નાણાં, ભૌતિક સંસાધનો, સમય અને શક્તિ મર્યાદિત પ્રમાણમાં જ હોય છે અને તે વાપરવાનો શ્રેષ્ઠ સંભવિત માર્ગ આ જ હોય છે. વ્યૂહરચનામાં શું, ક્યારે, કોણ, ક્યારે અને કેવી રીતે જેવા સવાલોના જવાબો શોધવામાં આવે છે અને કાર્યલક્ષી યોજના તૈયાર કરવામાં આવે છે.

શું થઈ શકે તેમ છે એ બાબત ઉપર તેમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. સતત કાર્ય થાય, સતત ચિંતન થાય, લોકો શીખે અને તેમનું સશક્તિકરણ થયા એ બાબત તેમાં મહત્ત્વની છે. તેથી પરિવર્તનન નિર્દેશકો નક્કી કરવાનું મહત્ત્વની છે. તેથી પરિવર્તનન નિર્દેશકો નક્કી કરવાનું મહત્ત્વનું છે.

કાર્યલક્ષી યોજનામાં આકસ્મિકતા યોજના મહત્ત્વની છે. જ્યારે સંકટ આવી પડે ત્યારે શું કરવું એ તે સમુદાયને જણાવે છે. જે સંકટ સૌથી આવતું હોય તે સંકટના સંદર્ભમાં એ યોજના બને એ જરૂરી છે. સંકટ આવે ત્યારે અંધાધૂંધી થઈ જાય છે. તેવા સમયે સમુદાય પાસે આવી આકસ્મિકતા યોજના હોય તો વિવિધ વ્યક્તિઓ અને જૂથો વચ્ચે જવાબદારીઓ વહેંચાઈ ગઈ હોય તો આપત્તિનો સામનો વધારે સારી રીતે થઈ શકે છે.

## પડકારો

લોક-આધારિત આપત્તિ વ્યવસ્થાપનને સફળ બનાવવા કેટલીક મર્યાદાઓ અને અડચણો-મુશ્કેલીઓને સમજવી પણ જરૂરી છે.

૧. નાણાકીય ફાળવણીઃ અન્ય યોજનાઓની સરખામણીમાં આ કામોને ઓછી પ્રાથમિકતા અપાય છે.

## પંચાયતોની જવાબદારી

**સામાન્ય સમયમાં**

૧. સમુદાયને સૌથી વધારે કયા સંકટને અનુભવ થયો છે? એ સંકટનાં કારણો કયાં છે? એ સંકટનાં લક્ષણો ક્યાં છે?
૨. કાર્ય દળના સભ્યોની તાલીમ ઉપર દેખરેખ.
૩. વિવિધ સંકટો વિશે જાગૃતિ ઝુંબેશ.
૪. વર્ષમાં બે વાર મોક ડ્રિલ કરવું.
૫. વીજળી ના હોય ત્યારે કામ લાગે તેવાં આગોતરી ચેતવણીનાં સાધનો વસાવવાં.

**આપત્તિના ૪૮ કલાક અગાઉ**

૧. આકસ્મિકતા યોજનાને અદ્યતન બનાવવા તરત જ મળવું અને કાર્ય દળો તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભૂમિકા નક્કી કરવી.
૨. યોજનાનુસાર સંસાધનો પ્રાપ્ય છે કે કેમ તે ચકાસવું.
૩. લોકોને તૈયાર રાખવા.
૪. સ્થાનિક અધિકારીઓનાં નામ, સરનામાં અને ફોન નંબરો તૈયાર રાખવાં.
૫. આગોતરી ચેતવણી સૌને અને ખાસ કરીને અસહાય જૂથોને આપવી.
૬. અનાજ, ઘાસચારો અને દવાઓનો પૂરતો જથ્થો એકત્ર કરવો.

**આપત્તિ દરમ્યાન**

૧. બચાવ કામગીરી, લોકોને અન્યત્ર ખકેડવા.
૨. નામમાં વિવિધ કાર્ય દળો વચ્ચે સંકલન.
૩. વિવિધ સરકારી ખાતાંઓ વચ્ચે સંકલન.
૪. જે તે વિસ્તારનાં બિન-સરકારી સંગઠનો અને સમુદાય આધારિત સંગઠનો વચ્ચે સંકલન.
૫. નુકસાનની આકારણી.
૬. હવામાનની જાણકારી અને આપ-લે.
૭. પુનર્બાંધકામ અને પુનર્વસન માટે સરકાર તથા બિન-સરકારી સંગઠનો સાથે સંકલન.

**આપત્તિ બાદ**

૧. રાહત સામગ્રીની વહેંચણી પર દેખરેખ.
૨. નામમાં વિવિધ કાર્ય દળો વચ્ચે સંકલન.
૩. વિવિધ સરકારી ખાતાંઓ વચ્ચે સંકલન.
૪. જે તે વિસ્તારનાં બિન-સરકારી સંગઠનો અને સમુદાય આધારિત સંગઠનો વચ્ચે સંકલન.
૫. નુકસાનની આકારણી.
૬. હવામાનની જાણકારી અને આપ-લે.
૭. પુનર્બાંધકામ અને પુનર્વસન માટે સરકાર તથા બિન-સરકારી સંગઠનો સાથે સંકલન.

૨. જાણકારી અને ક્ષમતાઃ આ વિભાવનાને સાકાર કરવા માટે અપૂરતી સમજ અને જાગૃતિનો અભાવ વર્તાય છે. આ માટે કોઈ ખાસ પ્રકાર, પદ્ધતિવાળી તાલીમ રૂપરેખા કે કોઈ ચોક્કસ દિશા જોવા મળતાં નથી.
૩. હાલનું માળખુંઃ આપત્તિને હળવી કરવા હાલનું માળખું રાહત અને બચાવલક્ષી છે કે જેમાં સંકટ ઘટાડવાની વાત કરવામાં આવી નથી.
૪. વિવિધ હિતધારકો વચ્ચે સંસ્થાકીય સંબંધઃ આપત્તિ વ્યવસ્થાપન માટે વિવિધ હિતધારકો વચ્ચે ખાસ કંઈ સંકલન જોવા મળતું નથી.
૫. રાજકીય પ્રતિબદ્ધતાઃ આપત્તિ વ્યવસ્થાપનનો મુદ્દો રાજકીય પ્રસિદ્ધિ મેળવવા કોઈ ખાસ આકર્ષણ ઊભું કરતો નથી. વળી સરકારમાં વારે ઘડીએ થતા ફેરફારો, રાજકીય નેતૃત્વ અને અધિકારીઓની ફેરબદલ પણ કારણ બને છે.
૬. વલણો/વ્યવહારોઃ રાષ્ટ્રીય તેમ જ સ્થાનિક કક્ષાએ નીતિ ઘડનારી વ્યક્તિઓનું નકારાત્મક વલણ પણ આ વિભાવના માટે ઘાતક છે તેઓ માને છે કે લોકો કશું જ કરી નહીં શકે.
૭. કામ અધૂરું છોડવુંઃ લોક-આધારિત આપત્તિ વ્યવસ્થાપન એ લાંબા ગાળાની પ્રક્રિયા છે કે જેમાં આપણું સાતત્ય જરૂરી છે. સંસ્થાઓ એક જવાબદારી પતી જાય પછી નવા કામમાં લાગે છે.
૮. સંસ્થાગત સ્વરૂપનો અભાવઃ હાલ આ પ્રવૃત્તિને બળ મળે તે માટે સંસ્થાકીય સ્વરૂપ જોવા મળતું નથી. સંસ્થાઓ જોઈએ તેટલો સમય ફાળવાતી નથી.
૯. જરૂરી સંખ્યાબળનો અભાવઃ આપત્તિ વ્યવસ્થાપનની આ વિચારધારાને સમજે તેવા અનુભવી અને ઘડાયેલા કાર્યકરો બહુ જ ઓછા છે.

સ્રોતઃ 'ઉન્નતિ' દ્વારા પ્રકાશિત અંગ્રેજી પુસ્તક 'ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન' અને અપ્રકાશિત અંગ્રેજી દસ્તાવેજ 'કોમ્યુનિટી મેનેજડ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન પ્લાન'

# મુસ્લિમ મહિલાઓ અને બુરખો

તાજેતરમાં ફ્રાંસમાં મુસ્લિમ મહિલાઓ બુરખો ન પહેરી શકે તે પ્રકારની કાનૂની જોગવાઈ કરવા માટેની હિલચાલ થઈ રહી છે. સામાન્ય રીતે બુરખાને પછાતપણાનું અને સ્ત્રીઓની તાબેદારીનું પ્રતીક સમજવામાં આવે છે. જો કે, આ વિશેનું જે એક ભિન્ન મંતવ્ય ભારતના આયોજન પંચનાં સભ્ય **સુશ્રી સઈદા એસ. હમીદ** દ્વારા 'ધ હિન્દુ' અંગ્રેજી દૈનિકમાં તા. ૮.૮.૧૦ના રોજ વ્યક્ત કરવામાં આવ્યું છે તે અહીં રજૂ કરાયું છે.

૧૯૪૭માં મારી માતા અને પરિવારની અન્ય મહિલાઓએ બુરખો છોડી દેવાનો નિર્ણય કર્યો હતો. અમારો પરિવાર પંજાબના પાણીપતનો હતો. એ જિલ્લામાં મુસ્લિમોની ઘણી વસ્તી હતી અને તે સમયે તેનો વિકાસ થઈ રહ્યો હતો.

સૂફી સંતોના પ્રભાવવાળા આ ભદ્રીય નગરનું એક વિશિષ્ટ લક્ષણ એ હતું કે તેમાં મહિલાઓનો પ્રભાવ સારો એવો હતો. અમારું ઘર મહિલાના નામથી ઓળખાતું હતું. દા.ત. બીબી માઈમુનાકી હવેલી. ઘણા વખત પછી આફ્રિકાના મોરોક્કો દેશના પાટનગર મારાકેશમાં પણ મને રિયાદ દાર માઈમુના જેવો જ ઉલ્લેખ જોઈને આનંદ અને આશ્ચર્ય થયાં હતાં. બુરખો છોડી દેવાનો મહિલાઓનો નિર્ણય મારા પરિવારના પુરુષોએ સ્વીકાર્યો હતો અને તેને આદર આપ્યો હતો.

તેઓ પોતે જ તેમના ભાવિના નિર્માતા હતા. જ્યારે આમાંની ઘણી બધી મહિલાઓએ પાકિસ્તાન સ્થળાંતર કરવું પડ્યું ત્યારે પણ તેમણે પાછો બુરખો પહેરવાની શરૂઆત કરી ન હતી. તેમને રાજ્ય દ્વારા કે તેમના પરિવારો દ્વારા બુરખો પહેરવાનું કે બુરખો છોડી દેવાનું કહેવામાં આવ્યું ન હતું.

૬૩ વર્ષ પછી તા. ૧૩.૭.૨૦૧૦ના રોજ ફ્રાંસની સંસદના નીચલા ગૃહે જાહેર સ્થળોએ મોં ઢંકાય તેવો બુરખો પહેરવા ઉપર પ્રતિબંધ લાદયો. આ માટેના મતદાનમાં ૩૩૬ વિરુદ્ધ ૧ મતે આ પ્રતિબંધ પસાર થયો હતો. ડાબેરી પક્ષોએ મતદાન સમયે હાજરી આપી ન હતી.

પોતાના અહેવાલમાં ફ્રાંસની સંસદીય સમિતિએ કહ્યું હતું કે મહિલાઓ તેમનો ચહેરો ઢાંકી દે એ ફ્રેંચ પ્રજાસત્તાકના બિન-સાંપ્રદાયિકતા અને સમાનતાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે અને આવો વ્યવહાર મહિલાઓના દમનનું તથા અંતિમવાદી ધર્મઝનૂનનું પ્રતીક છે. પાણીપત અને ફ્રાંસ વચ્ચે મુસ્લિમ મહિલાઓ અને બુરખાના સંદર્ભમાં શી કડી છે? ફ્રાંસ માનવ અધિકારોના રક્ષક તરીકે જાણીતો દેશ છે. મારી પેઢીના અનેક લોકોની જેમ હું પણ ફ્રેચ ક્રાંતિની કહાણીઓ અને બેસ્ટિલે કિલ્લા ઉપરનો હુમલો, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શો, મોન્તેસ્ક, રોબેસ્પિયર, લુઈ ૧૬મો, મેરી એન્ટોનેટ અને જેનો જોટો ના જડે એવા ગિલોટિનની કહાણીઓથી પણ પ્રભાવિત હતી.

પાણીપત એક એવું સ્થળ હતું કે જ્યાં અફઘાનિસ્તાન અને ઈરાનના સૂફી વિદ્વાનોના કારવાં આવતા હતા. તેઓ તેમના ઉપદેશ આ વિસ્તારની વસ્તીને કહેતા હતા કે જેઓ એ સાંભળવા માટે, શીખવા માટે તૈયાર હતા. ઈસ્લામી ન્યાયવિદ્યા ત્યાં વિકસી, લોકો ખુલ્લંખુલ્લા ધર્મ વિશે ચર્ચા કરતા હતા અને તેઓ પોતે પોતાના મસલકને અનુસરતા હતા. દરેક વ્યક્તિ પોતપોતાની રીતે તેનું અર્થઘટન કરતી હતી.

આજે પાણીપત વિકાસની અનેક નિશાનીઓ સાથે વિકસતું નગર છે. અને આ નિશાનીઓ તમારી આંખે ચડ્યા વિના રહે નહિ. પરંતુ જેને માટે તે અત્યંત વિશિષ્ટ નગર હતું તે હવે ખૂબ જ અભિશાપરૂપ બની ગયું છે. મહિલાઓના પ્રશ્નોની અવગણના કરવામાં આવે છે અને સમગ્ર દેશમાં સૌથી ઓછાં સ્ત્રી-પુરુષ પ્રમાણ જે નગરોમાં છે તેમાં તેનો પણ સમાવેશ થાય છે. પાણીપતમાં મહિલાઓને ખૂબ માન આપવામાં આવતું હતું. પરંતુ અત્યારે દેશમાં તે એક એવો જિલ્લો છે કે જ્યાં બાળકોમાં સ્ત્રી-પુરુષ જાતિ પ્રમાણ ખૂબ જ વિકૃત થઈ ગયું છે.

ફ્રાંસ છેવાડાના લોકોના અધિકારોના રક્ષક તરીકે જાણીતું છે. તેણે હવે એમ જાહેર કર્યું છે કે જે ૨.૫ લાખ મુસ્લિમ મહિલાઓ ચહેરાને ઢાંકો બુરખો પહેરે છે તેમને ૧૯૦ ડોલરનો દંડ કરવામાં આવશે. પરિવારમાંના પુરુષો જો સ્ત્રીઓને બુરખો પહેરવાની ફરજ પાડે તો તેમને ૩૭૭૫૪ ડોલરનો દંડ કરવામાં આવશે અને તેમને એક વર્ષની કેદની સજા કરવામાં આવશે. જો આ ખરડો સેનેટ દ્વારા પસાર કરવામાં આવશે તો તે ફ્રાંસનો કાયદો બની જશે. આ રીતે આ કાયદો કમ-સે-કમ થોડાક ફ્રેંચ નાગરિકોને તેઓ કદી સશક્તિમાન ન

થઈ શકે તે હદે અશક્ત બનાવી દેશે. ૧૯૬૦ના દાયકામાં જ્યારે ફ્રાંસનું અર્થતંત્ર તેજીમાં હતું ત્યારે ફ્રાંસે વિસા અંગેની તમામ જરૂરિયાતો રદ કરી દીધી હતી અને પોતાના અગાઉના ગુલામ દેશોમાંથી સ્થળાંતરિતો માટે પોતાના દરવાજા ખુલ્લા કરી દીધા હતા. ફ્રાંસના સેવા ઉદ્યોગમાં આ સ્થળાંતરિતોએ સસ્તા મજૂરો તરીકે પોતાનો ફાળો આપ્યો છે. સામાન્ય રીતે બને છે તેમ આ બધા સ્થળાંતરિતો પાટનગર પેરિસની આસપાસ છૂટીછવાઈ ગંદી વસાહતોમાં કેન્દ્રિત થયા છે.

તેમના સામાજિક અને આર્થિક સમાવેશ માટે તુલનાત્મક રીતે ખૂબ જ ઓછી તકો રહી હતી. આવા સ્થળાંતરિતોમાં ઘણા મુસ્લિમો હતા. આ વિસ્તારો સૌથી ગરીબ વિસ્તારો છે અને આ પ્રતિબંધને કારણે આ વિસ્તારની મહિલાને સૌથી વધારે વિપરીત અસર થશે. ફ્રાંસમાં આ રીતે મુસ્લિમ મહિલાઓ બે પ્રકારની મુસીબતોથી ત્રસ્ત થશે.

એક તો, તેઓ તેમનાં ઘરોમાં પરંપરાગત પહેરવેશ અનેક કારણોસર પહેરવાનું પસંદ કરે છે. બીજું, હવે તેઓ ઘરની બહાર એ પહેરવેશ ન પહેરી શકે કારણ કે રાજ્ય હવે તેમને એ પહેરવેશ ફેંકી દેવાનું કહે છે. મુસ્લિમ મહિલાઓનું સશક્તિકરણ કરવાના અને તેમને ગૌરવપ્રદ સ્થાન આપવાના ફ્રેંચ સરકારના પવિત્ર હેતુની પરિપૂર્તિ આને કારણે બિલકુલ નહીં થાય.

એક એવી ધારણા છે કે મુસ્લિમ મહિલાઓ દબાણને કારણે જ બુરખો પહેરે છે. આવી માન્યતા મહિલાઓને તમામ સ્વતંત્રતાઓથી વંચિત બનાવી દે છે. ઘણી વાર મુસ્લિમ મહિલાઓ તેમની ધાર્મિક ઓળખના પ્રતીક તરીકે બુરખો પહેરતી નથી, પશ્ચિમના સામ્રાજ્યવાદનો વિરોધ કરવા તેઓ બુરખો પહેરે છે એવું પણ નથી. પરંતુ તેઓ વધારે શાલીન દેખાવા માંગે છે. શરીર કોઈક કાર્ય માટેનું સ્થળ બને છે.

શું એ શક્ય નથી કે બુરખો પહેરવાનું કૃત્ય એ પોતાના સ્વ સાથે આંતરિક સંવાદ સાધવાનું પ્રતિબિંબ હોય? જો કે, સંવાદ વિશેના નાના નાના મુદ્દાઓ સાથે આપણે સંમત થઈએ કે નહિ એ તદ્દન જુદો જ મુદ્દો છે. શું દમનકારી રાજ્ય આંતરિક સંવાદને ડામી દેતું નથી? શરીર ઉપરના પ્રતિભાવોને રાજ્ય આટલી સરળ રીતે મૂલવે અને તેનું અર્થઘટન કરે એવું રાજ્ય અજ્ઞાની રાજ્ય ન કહેવાય?

જો, મુસ્લિમ મહિલાનો અંતરાત્મા તેને તેની શાલીનતાના કૃત્ય તરીકે બુરખો પહેરવા માટે કહે તો તે એક પ્રતીક નથી પરંતુ તે તેના સ્વનો એક અંતર્ગત ભાગ છે એમ કહેવાય. તેની પોતાની નિષ્ઠાનો ભંગ કરવામાં રાજ્યની ભૂમિકા શું છે? એમસ્ટર્ડમમાં એક મુસ્લિમ ડોક્ટરનો અનુભવ જોવા જેવો છે. યુરોપમાં હજારો મુસ્લિમ મહિલાઓ બુરખો પહેરે છે. તેમાંની તે એક હતી. તેણે જ્યારે બુરખો કાઢી નાંખ્યો ત્યારે તેણે જોયું કે તેની આસપાસના બધા જ લોકો તેની તરફ દયા બતાવવા લાગ્યા. દુકાનદારે પણ તેની સાથે અત્યંત ધીમેથી વાત કરી અને જાણે બાળક શબ્દો વારંવાર બોલતો હોય એમ તે બોલતા હતા. જો, તે દુકાનમાં કોઈ ખામીયુક્ત સાધન બદલાવવા જાય તો તેને તે આધુનિક છે એમ કહીને દુકાનનો મેનેજર તેને ધમકાવે.

મેનેજરનો ઈસ્લામ વિશેનો ડર અને તેનું વલણ યથાવત્ રહેશે પણ જે સ્ત્રી પોતાના પ્રત્યે સાચી રહેશે તે દુકાને જઈ શકશે નહિ. ફ્રાંસના કેટલાક મુસ્લિમ રાજકારણીઓમાંના એક મહિલા સેનેટર બારીઝા ખાયરીને એવો ડર છે કે આ રીતે જે કેટલીક મહિલાઓને લક્ષ્યાંક બનાવવામાં આવે છે તેઓ બજારમાંથી ખસી જશે અને ઘરમાં ભરાઈ રહેશે. તેમણે કહ્યું કે શિક્ષણ માટેની યોજનાઓ કરવાને બદલે આપણે પ્રતિબંધ મૂકી રહ્યા છીએ એ ખેદજનક બાબત છે.

હું મુસ્લિમ મહિલા છું અને અલ્લાહમાં માનું છું. તેમ છતાં હું બુરખો કે હિજબ નહિ પહેરવાનું પસંદ કરું છું. એ મારી પસંદગી છે. ઈસ્લામ તેના આદેશ લા ઈક્રફિદિન અંગે ખૂબ જ સ્પષ્ટ છે. ધર્મમાં કોઈ ફરજિયાતપણું નથી. ઈસ્લામમાં કોઈ નિશ્ચિત પહેરવેશ નથી. તેનો આદેશ માત્ર એટલો જ છે કે સ્ત્રીઓ અને પુરુષોએ ગૌરવપૂર્ણ રીતે પહેરવેશ ધરાવવો જોઈએ. તેથી હું મારા પહેરવેશ કે વ્યવહાર વિશે કોઈ પણ વ્યક્તિ કે સંગઠન કોઈ આદેશ કરે તેનો વિરોધ કરું છું.

જો કોઈ મુસ્લિમ મહિલા હિજબની અંદર ઈસ્લામ પાળવાનું પસંદ કરે તો તેને તેમ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. જો તે, હિજબ વિના ઈસ્લામ પાળવાનું પસંદ કરે તો તેને તેમ કરતાં રોકનાર કોઈ હોવું જોઈએ નહિ.

ઈસ્લામના ચોથા ખલીફા હજરત અલીએ એમ કહ્યું હતું કે જેણે કશું ગુમાવવાનું નથી તેનાથી તમે ડરો. જે મહિલાઓને આ રીતે વંચિત કરવામાં આવે છે તે સૌથી ગરીબ મુસ્લિમ મહિલાઓ છે કે જેમની પાસે ગુમાવવા જેવું કશું જ નથી. આવા ભેદભાવજનક કાયદા દ્વારા તેમની સંવેદનશીલતાને મારી નાંખવામાં આવી રહી છે. જે મહિલાઓ બુરખો પહેરે છે અથવા પહેરતી નથી તેમની સાથે રાજ્યે વાતચીત કરવાની જરૂર છે. માનવ અધિકારો અને ધર્મનિરપેક્ષતાનો આશરો કશા સંદર્ભ વિના લેવામાં આવે તેના કરતાં સાંસ્કૃતિક સંવાદ ઊભો કરવામાં આવે એ વધારે સશક્તિકરણ તરફ દોરી જશે. ધાર્મિક ચર્ચા અને સામેલગીરીના સ્થાન તરીકેનું પાણીપત આવું જ એક ઉદાહરણ હતું કે જે આપણી સમક્ષ છે જ.

# ગુજરાતમાં શાળા સુરક્ષા પ્રયાસ

ગુજરાતમાં ૨૦૦૧માં આવેલા ભૂકંપ દરમ્યાન શાળાઓને ભારે નુક્સાન થયું અને બાળકો તથા શિક્ષકોની ભારે જાનહાનિ પણ થઈ. તે પછી 'ગુજરાતમાં શાળા સુરક્ષા પ્રયાસ' નામે એક ઝુંબેશ હાથ ધરાઈ. તે દરમ્યાન કરાયેલા શાળા સુરક્ષાના પ્રયાસોનું આલેખન ઉન્નતિએ ૨૦૦૮-૯માં કરેલા અભ્યાસને આધારે વ્યાપક દૃષ્ટિકોણ સાથે અહીં કરવામાં આવ્યું છે. શાળાઓ કેવી રીતે આપત્તિનો સામનો કરે અને સમુદાય સુધી આપત્તિના સામનાની તૈયારીને તે કેવી રીતે ફેલાવે તે આ પ્રયાસનો ઉદ્દેશ રહ્યો હતો.

**પ્રસ્તાવના**

દુનિયાભરનો ભૂતકાળનો અનુભવ એમ દર્શાવે છે કે જ્યારે શાળાના સમય દરમ્યાન આપત્તિ આવે છે ત્યારે શાળાનાં બાળકોને સૌથી વધારે મુસીબતોનો સામનો કરવો પડે છે. ૨૦૦૧માં ભૂકંપ દરમ્યાન ગુજરાતમાં ૯૭૧ વિદ્યાર્થીઓ અને ૩૧ શિક્ષકોનાં મોત થયાં હતાં. મ્યાનમારમાં નરગિસ વાવાઝોડામાં ૪૦ ટકા અસરગ્રસ્તો બાળકો હતાં. અસરગ્રસ્તોની માહિતીનું વિશ્લેષણ એમ જણાવે છે કે છોકરીઓને સૌથી વધારે અસર થાય છે.

સામાન્ય રીતે આપત્તિઓનો સામનો કરવાની શાળાઓની ક્ષમતા ખૂબ ઓછી હોય છે. રાષ્ટ્રીય ભૂકંપ ટેક્નોલોજી સોસાયટી-નેપાળનો એક અભ્યાસ એમ જણાવે છે કે ૯૦૦ શાળાઓમાંથી ૬૦ ટકા શાળાઓમાં બાંધકામ જ નબળું હતું અને તે નીચાણવાળા વિસ્તારોમાં હતી. શાળા સમુદાયને માહિતી આપવા માટે એક મહત્ત્વનું સાધન છે. બાળકો સમાજ સુધી માહિતી લઈ જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, હ્યોગો ફ્રેમવર્ક ફોર એક્શનઃ ૨૦૦૫-૧૫નો સ્વીકાર દુનિયાના ૧૬૮ દેશોએ કર્યો છે. તેમાં બે મહત્ત્વના મુદ્દા જણાવાયા છેઃ (૧) શાળાઓ દ્વારા સુરક્ષાને પ્રોત્સાહનઃ આવતીકાલને સુરક્ષિત અને સલામત બનાવવા માટે શાળેય શિક્ષણનો ઉપયોગ કરવો. (૨) શાળાની સુરક્ષાને પ્રોત્સાહન. વિવિધ સંકટોનો પ્રતિકાર પર્યાપ્ત માત્રામાં થઈ શકે તેવી શાળાઓ બનાવવી કે જેથી ત્યાં આવતીકાલ સલામત રહે.

ભારત દુનિયાના એવા ૩૩ દેશોમાં સ્થાન ધરાવે છે કે જેમણે શાળેય અભ્યાસક્રમોમાં આપત્તિ સંચાલનનો વિષય દાખલ કરેલો છે. ૨૦૦૪માં તામિલનાડુમાં કુંભાકોણમ ખાતે શાળામાં ભયાનક આગ લાગી પછી સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનોને શાળામાં બાળકોની સુરક્ષા માટે સમયબદ્ધ યોજનાઓ ઘડી કાઢવા હુકમો કર્યા હતા. ભારત સરકારે પછી એક માર્ગદર્શક યોજના ઘડી છે. તેમાં બે સ્તરની યોજનાનો સમાવેશ થાય છેઃ (૧) જિલ્લા સ્તરની શાળા સુરક્ષા યોજના. (૨) આપત્તિના સામનાની તૈયારી અને પ્રતિભાવ અંગેની શાળા સ્તરની યોજના.

'ગુજરાત શાળા સુરક્ષા પ્રયાસ'નાં વિવિધ પાસાંને સમજવાનો પ્રયાસ અહીં કરાયો છે. જામનગર જિલ્લામાં તેની કામગીરી શું છે તે અહીં દર્શાવાયું છે. જિલ્લામાં ૧૦ તાલુકા છે અને રાજ્યની ૭.૨૧ ટકા વસ્તી જિલ્લામાં રહે છે.

ગુજરાતના ૨૦૦૧ના ભૂકંપમાં શાળાઓના ૮૦૦૦ ઓરડાઓનો નાશ થયો હતો અને ૪૨૦૦૦ ઓરડાઓને નુકસાન થયું હતું. ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળ (જીએસડીએમએ) અને એક બિન-સરકારી સંગઠન 'સીડ્સ' દ્વારા 'ગુજરાત શાળા સુરક્ષા પ્રયાસ'ની શરૂઆત કરાઈ.

**શાળા સુરક્ષા**

આપત્તિનો સામનો કરવા માટેની તૈયારી સાથે સંબંધિત એવી પ્રવૃત્તિઓ વડોદરાની ૩૫, અમદાવાદની ૧૦૦ અને જામનગરની ૧૫ શાળાઓમાં હાથ ધરવામાં આવી. ગુજરાતના તમામ ૨૫ જિલ્લામાં એક નમૂનારૂપ શાળા વિકસાવાઈ. આ પ્રયાસમાં ખાનગી અને સરકારી બંને શાળાઓની પસંદગી કરાઈ હતી. ૧૭૨૫ શિક્ષકો અને ૭૫૦૦ વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ. શાળા આપત્તિ સંચાલન યોજનાઓ તમામ જિલ્લાઓમાં ઘડાઈ અને અભ્યાસક્રમમાં સુધારો પણ કરાયો. એને પરિણામે ૧૭૫ શાળાઓના આશરે ૧.૦૫ લાખ વિદ્યાર્થીઓને ફાયદો થયો. ૧૦૦ શિક્ષકોને પ્રશિક્ષકો તરીકે તૈયાર કરાયા અને લગભગ ૯૦૦૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી. આ સમગ્ર પ્રયાસમાં બે મુદ્દાઓને આવરી લેવાયાઃ

(૧) બાળકો, શિક્ષકો અને મા-બાપો આપત્તિનો સામનો કેવી રીતે કરવો તે સમજે અને તે માટે તૈયારીઓ કરે, અને શાળાઓમાં આપત્તિથી ઊભું થતું જોખમ ઘટાડે. વળી, તાકીદતાના સંજોગોમાં તેઓ યોગ્ય રીતે પ્રતિભાવ આપવા સક્ષમ બને.

## સુરક્ષિત શાળા એટલે શું?

સુરક્ષિત શાળા એવી શાળા છે કે જે સંકટમુક્ત વિસ્તારમાં હોય અથવા તે કોઈ પણ સંકટમાં ટકી શકે એવી હોય. જો આપત્તિ આવે તો સુરક્ષિત શાળા તૂટી ના પડે.

જમીનના વપરાશના આયોજનથી શરૂ કરીને અનેક માળખાગત બાબતોનો તથા આપત્તિના સામનાની તૈયારીની યોજનાઓને આધારે સુરક્ષિત શાળા ઊભી કરી શકાય. ભૂકંપ, ભૂસ્ખલન, વાવાઝોડું, ધડાકા, પૂર, ઝેરી ગળતર વગેરે જેવી આપત્તિઓ સામે ટકી શકે તેવી શાળા બનાવવાનું આયોજન પહેલેથી જ થાય.

શાળાઓની સુરક્ષામાં માળખાગત અને બિન-માળખાગત બંને પાસાં અગત્યનાં છે. માળખાગત પાસાં મકાનની સુરક્ષા સાથે સંબંધિત છે, જ્યારે બિન-માળખાગત પાસાં મકાનના કબજેદારોની સુરક્ષા સાથે સંબંધિત છે.

માળખું મકાનનો બોજો ઉઠાવે છે, કોલમ અને બીમ મકાનનું પિંજર છે અને ભીંત મકાનની ચામડી છે. બિન-માળખાગત વસ્તુઓ મકાનનું વજન વેંઢારતી નથી. એવી વસ્તુઓમાં વીજાણુ ચીજો, ફર્નિચર, ભીંતે લાગેલી ચીજો, પુસ્તકોના ઘોડા વગેરે ચીજોનો સમાવેશ થાય છે. શાળાની માળખાગત અને બિન-માળખાગત ચીજો માટે અલગ અલગ માર્ગરેખાઓ છે.

(૨) શિક્ષકો આપત્તિ સંચાલનનાં પાસાંનું મૂલ્ય સમજે કે જેથી બાળકોમાં તેઓ અસરકારક રીતે એનું શિક્ષણ આપે.

આ માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી:

(૧) આપત્તિ સામે સુરક્ષાની જાગૃતિ વિશે ઝુંબેશ.
(૨) શાળા સુરક્ષા અંગે નિદર્શનો અને મોક ડ્રીલ.
(૩) શોધ અને બચાવ કાર્ય, પ્રાથમિક સારવાર, સંકલન અને સુરક્ષાના મુદ્દાઓ વિશે તાલીમ.
(૪) શાળાનાં મકાનો ભૂકંપ દરમ્યાન તૂટી ના પડે તે માટેનાં પગલાં.
(૫) દરેક ખંડમાંથી બાળકોને કેવી રીતે ખસેડવાં તેની યોજના.

આમ, 'ગુજરાત શાળા સુરક્ષા પ્રયાસ'માં બે મહત્ત્વનાં ઘટકો હતાં:

(૧) આપત્તિના સામનાની તૈયારી સાથે સંબંધિત પ્રવૃત્તિઓનો સીધો અમલ.
(૨) ક્ષમતાવર્ધન દ્વારા દરમ્યાનગીરીને સંસ્થાગત સ્વરૂપ આપવું.

## 'ગુજરાત શાળા સુરક્ષા પ્રયાસ'ના હેતુઓ

૧. શાળાઓમાં આપત્તિ સામે સુરક્ષાનું વાતાવરણ ઊભું કરવું.
૨. માળખાગત અને બિન-માળખાગત સુધારાઓ કરીને શાળાઓમાં આપત્તિનાં જોખમો ઘટાડવાં.
૩. શાળા આપત્તિ સંચાલન યોજનાઓ તૈયાર કરવી.
૪. શાળા સુરક્ષા ક્લબો અને કાર્ય દળોની સ્થાપના કરવી અને તેમને તાલીમ આપવી.
૫. આપત્તિ સંચાલન અંગેનાં મેન્યુઅલ, રમતો અને પ્રવૃત્તિઓની કિટ તાલીમ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવાં.
૬. શિક્ષકોને તાલીમ આપવી અને પ્રશિક્ષકોની તાલીમ દ્વારા કાર્યક્રમોને સંસ્થાગત સ્વરૂપ આપવું.

## રાજ્ય સરકારનાં શિક્ષણ તંત્ર દ્વારા સંસ્થાકરણ

ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તામંડળ દ્વારા જિલ્લાઓના કલેક્ટરોને માટે માર્ગરેખાઓ જાહેર કરવામાં આવી. તેનું કારણ એ હતું કે જિલ્લાની તમામ શાળાઓને કલેક્ટરની કચેરી દ્વારા આવરી લઈ શકાય. તેમના સુરક્ષા અંગેના કાર્યક્રમમાં આગ, પૂર, વાવાઝોડું, ધક્કામુક્કી, ભૂકંપ, માર્ગ અકસ્માત, મકાન તૂટી પડવું, ઉત્સવ સંબંધી આપત્તિઓ અને પર્યાવરણીય કટોકટીઓ જેવી આપત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કલેક્ટરની કચેરીએ તે પછી શાળાઓએ કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તેને અંગેના મુદ્દાઓને આવરી લેતી એક યાદી બહાર પાડી હતી.

શાળાની સુરક્ષા અંગેના પ્રયાસમાં જિલ્લા આપત્તિ સંચાલન કચેરીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમાં નીચે મુજબનાં પગલાં અગત્યનાં હતાં:

**(૧) ઝડપી સર્વેક્ષણ:**

શાળાની સુરક્ષા અંગેના માપદંડો અનુસાર શાળાઓનો સર્વે કરવામાં આવ્યો. તેમાં માળખાગત અને બિનમાળખાગત બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી. જામનગર જિલ્લામાં ત્રણ ત્રણ વ્યક્તિઓને બનેલી સાત ટુકડીઓએ આ કામ કર્યું. દરેક ટુકડીને ૩૫થી ૪૦ શાળાઓ ફાળવવામાં આવી હતી. એક જ સપ્તાહમાં આ સર્વેક્ષણ પૂરું કરવામાં આવ્યું હતું.

**(૨) વિશ્લેષણ:**

દરેક શાળા વાર માહિતી ભેગી કરવામાં આવી અને શાળાની સુરક્ષા અંગેનાં ધોરણો અનુસાર શાળા છે કે નહિ તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. જામનગરમાં જે ૫૨ શાળાઓએ સૂચનાઓનું પાલન કર્યું ન હતું તે શાળાઓને સીલ મારી દેવામાં આવ્યાં હતાં.

### (૩) તાલીમઃ

શાળાઓને આપત્તિ સંચાલન માટે સર્વગ્રાહી તાલીમ આપવામાં આવી. આ તાલીમ જુદા જુદા સમયના અંતરે આપવામાં આવી. ગામ, તાલુકા અને જિલ્લા એમ ત્રણ સ્તરે તાલીમ ગોઠવવામાં આવી હતી. દરેક જૂથને આ ત્રણેય સ્તરની તાલીમમાં સાંકળવામાં આવ્યું હતું. પ્રાથમિક સારવાર, શોધ અને બચાવ જેવી બાબતોને પણ તેમાં આવરી લેવામાં આવી હતી. તમામ માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને તાલીમમાં આવરી લેવામાં આવી હતી. અગ્નિશામક અધિકારી, તબીબી અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા આ તાલીમ આપવામાં આવી હતી.

## પદાર્થપાઠ

ગુજરાત શાળા સુરક્ષા પ્રયાસને આધારે શું કરવું જોઈએ અને શું ના કરવું જોઈએ તે સમજાયું. આ અંગેના મહત્ત્વના મુદ્દા નીચે મુજબ છેઃ

### (૧) વ્યૂહાત્મક પાસાં

(૧) નીતિઓ, વ્યૂહરચનાઓ, લક્ષ્યાંકો અને નિર્દેશકો દ્વારા સાનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં સરકારની મહત્ત્વની ભૂમિકા છે.

(૨) શાળા સુરક્ષા માટે લાંબા ગાળાની યોજનાની જરૂર છે કે જેથી તેને સંસ્થાગત સ્વરૂપ આપી શકાય.

(૩) વિવિધ સરકારી વિભાગો વચ્ચે સતત સંકલન થવું જોઈએ.

(૪) જાહેર જાગૃતિ કેળવવા અને રખેવાળ તરીકે માધ્યમો મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

(૫) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની વાર્ષિક યોજના અને બજેટમાં આપત્તિ જોખમ ઘટાડાનો સમાવેશ થવો જોઈએ. પંચાયતો અને પાલિકાઓને આ અંગે સંવેદનશીલ બનાવવાની જરૂર છે.

(૬) શાળાના સંચોલકો, મા-બાપો કે વાલીઓ, શિક્ષકો અને બાળકો મુખ્ય હિતધારકો છે. સંચાલકોએ મકાનોને સુરક્ષિત બનાવવાં જોઈએ, શિક્ષકોનું ક્ષમતાનિર્માણ કરવું જોઈએ અને આપત્તિ નિવારણના મુદ્દાઓનો સમાવેશ અભ્યાસક્રમમાં કરવો જોઈએ. વાલીઓ અને બાળકોને પ્રેરણા આપવા અને સામેલ કરવાની વ્યૂહરચનાઓ વિકસાવવી જોઈએ.

(૭) શાળાને કેન્દ્રમાં રાખીને આગોતરી ચેતવણીની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

(૮) તમામ શાળાઓ માટે શાળા સંચાલન યોજનાઓ અને સુરક્ષા ઓડિટ ફરજિયાત બનાવાય.

### (૨) માળખાગત સુધારા

(૧) શાળાના વર્તમાન મકાનનું માળખું કેવું છે તે જોવા-તપાસવાનું ખૂબ જ મહત્ત્વનું છે. સરકારે તમામ શાળાઓનાં મકાનોનું મૂલ્યાંકન કરવું જોઈએ. નવી શાળાઓ માળખાગત રીતે સલામત હોય તે જોવું જોઈએ.

(૨) અગાશીઓ અને છતોમાં તિરાડો અંગે નિયમિતપણે ચકાસણી થવી જોઈએ. ખાસ કરીને, ચોમાસા અગાઉ એ ચકાસણી થવી જ જોઈએ. પાણી ગળતું હોય તો શોર્ટ સર્કિટ થાય અને આગ લાગે એમ પણ બને.

(૩) શાળાઓ પાસે આકસ્મિકતા ભંડોળ હોવું જોઈએ. શાળાના મકાનના નિભાવ અને સમારકામ માટે તેમાંથી ખર્ચ કરવાની સ્પષ્ટ લેખિત જોગવાઈઓ હોવી જોઈએ.

### (૩) બિન-માળખાગત સુધારા

(૧) સામાન્ય રીતે મકાનના માળખા સિવાયની બાબતોમાં જે અસહાયતા ઊભી થાય છે તેના પ્રત્યે દુર્લક્ષ લેવવામાં આવે છે. શિક્ષણ નિરીક્ષકો દ્વારા રખાતી દેખરેખમાં આ મુદ્દાનો સમાવેશ થવો જોઈએ.

(૨) શાળાના મકાનમાં જુદાં જુદાં સ્થળોએ પહોંચ કેવી છે તેનું મૂલ્યાંકન થવું જોઈએ. કામચલાઉ આશ્રય માટે કયું સ્થળ હોય તે નક્કી થવું જોઈએ.

(૩) અગ્નિ સુરક્ષાનાં ધોરણોનો અમલ થાય. દરેક શાળામાં અગ્નિશામક હોય અને તેનો ઉપયોગ કરવા માટે કોઈકને તાલીમ આપવામાં આવી હોય.

(૪) અગ્નિ સુરક્ષાનાં ધોરણોનો અમલ  થાય. દરેક શાળામાં અગ્નિશામક હોય અને તેનો ઉપયોગ કરવા માટે કોઈકને તાલીમ આપવામાં આવી હોય.

(૪) ગેસ સ્ટવ કે સીલિન્ડર માટે સાવચેતીનાં પગલાં લેવાય.

(૫) નિસરણીઓ અને ઢાળ જેવી જગ્યાઓ એકસાથે જરૂરી સંખ્યાના ઉપયોગ માટે પર્યાપ્ત જગ્યાવાળી હોય. ધક્કામુક્કી ના થાય તે અગત્યનું છે.

(૬) સતત પૂર કે પાણી ભરાવાની સમસ્યાવાળી જગ્યાએ શાળા હોય તો તે ઊંચાઈ પર હોવી જોઈએ.

(૭) અગાશીઓ પર જવા સીડી હોય, તે ખૂબ સાંકડી ના હોય.

(૮) શાળાની બહારના રસ્તા પર બમ્પ મૂકાય.

(૯) જરૂરી જાજરૂ હોવાં જોઈએ.

(૧૦) દરેક શાળામાં કટોકટીના સમયે સંપર્ક માટેનાં ફોન નંબર સૌને દેખાય તે રીતે લખવા.

(૧૧) પ્રાથમિક શાળાનાં બાળકો માટે ખાસ યોજનાઓ.

## જામનગરમાં કેટલીક શાળાઓમાં નવતર અભિગમો અને પગલાં

### હરિયા સ્કૂલ

હરિયા સ્કૂલ ઓસવાલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી એક ખાનગી શાળા છે. શાળાના દરેક માળ ઉપર ૯ કિગ્રા અને ૪ કિગ્રાના બે અગ્નિશઆમકો છે. તેના ઉપયોગની અંતિમ તારીખ વિશે નિયમિત ચકાસણી કરાય છે. બધા જ ઓરડામાં છ દરવાજા છેઃ બે પાછળ, બે બાજુમાં અને બે આગળ. શાળાના દરવાજે ચોકીદારો હોય છે, પણ તેને તાળું મારવામાં આવતું નથી, કે તે બંધ કરવામાં આવતો નથી. શાળામાં ત્રણ સીડીઓ છેઃ બે માધ્યમિક શાળા માટે અને એક પ્રાથમિક શાળા માટે.

વિવિધ વર્ગો માટે દરવાજા ફાળવી દેવાયા છે કે જેથી ધક્કામુક્કી ના થાય. પ્રાથમિક શાળાના વર્ગો ભોંયતળિયે અને પ્રથમ માળે રાખવામાં આવ્યા છે. શાળા આપત્તિ સંચાલન યોજના તૈયાર કરવામાં આવી છે. આખું મકાન માત્ર ૩ મિનિટમાં ખાલી થઈ શકે છે. ગ્રંથાલયમાં આપત્તિઓ વિશે એક જુદો વિભાગ છે.

દરેક માળે એમસીબી છે. પહેલા માળે જનરેટરો અને ઈન્વર્ટરો રખાયાં છે. ભીંતો પર કશું લટકાવવામાં આવ્યું નથી, કે જેથી બાળકોને ઈજા થાય. રસાયણશાસ્ત્ર માટેની પ્રયોગશાળા વર્ગખંડોથી દૂર છે. પ્રયોગશાળાના મદદનીશ એવી વ્યક્તિ છે કે જેમને અગ્નિશમન કેન્દ્રમાં તાલીમ મળેલી છે.

શાળામાં ઈલેક્ટ્રિશ્યન અને પ્લમ્બર વગેરેની એક સ્થાયી નિભાવ સમિતિ બનેલી છે. ડોક્ટરોના ફોન નંબરની યાદી તૈયાર છે. દરેક માળ પર પ્રાથમિક સારવારની કિટ છે.

ભૂગર્ભ પાર્કિંગમાં પાણીના ભરાવાની સમસ્યા છે પણ ચોકીદારોને સૂચના અપાઈ છે કે ત્યાં જવાના રસ્તા બંધ કરી દેવાયા અને પાણી પંપ દ્વારા બહાર ખેંચી કાઢવું. જો ભારે વરસાદ હોય તો શાળા રજા જાહેર કરે છે અથવા બાળકોને ઘેર મૂકવા માટે પોતાની બસ સેવાનો ઉપયોગ કરે છે.

### ઠેબા ગામની શાળા

ઠેબા ગામની શાળાને એક નમૂનારૂપ શાળા તરીકે વિકસાવવામાં આવી છે. શાળામાં ૧૨ ગામોનાં ૩૦૦ બાળકો છે. ૧૯૯૦માં આ શાળાનું મકાન બંધાયું હતું. ૨૦૦૧માં તેને થોડું નુકસાન થયું હતું અને તેનું સમારકામ કરવામાં આવ્યું છે.

કટોકટીના સમયે સંપર્ક કરવાના ફોન નંબર શાળામાં યોગ્ય રીતે લખાયા છે અને વિદ્યાર્થીઓને તેના વિશે માહિતી આપવામાં આવી છે અને વિદ્યાર્થીઓને તેના વિશે માહિતી આપવામાં આવી છે. શાળામાં એક અગ્નિશામક યંત્ર છે અને તેનો ઉપયોગ કરવા માટે એક શિક્ષકને તાલીમ આપવામાં આવી છે. કોઈ પણ આપત્તિ સમયે લેવાનારાં પગલાં અંગે શાળામાં વિવિધ પોસ્ટર્સ લગાવાયાં છે. બધા જ વાયર યોગ્ય રીતે બંધ છે. કાર્ય દળોની રચના કરાઈ છે અને નિયમિત રીતે વિદ્યાર્થીઓ મોક ડ્રીલમાં સામેલ થાય છે. ભારે વરસાદના સમયે રજા જાહેર કરવામાં આવે છે. એનસીસી, એનએસએસ અને રેડ ક્રોસને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને તાલીમ આપવા માટે રોકવામાં આવે છે.

શાળાના પ્રથમ દિવસે મા-બાપો સાથે એક પરિસંવાદ યોજાય છે. જેમાં તેમની સાથે આપત્તિના નિવારણ વિશે વાતચીત કરાય છે. શાળા વિવિધ મેળાઓમાં ભાગ લે છે અને આપત્તિ નિવારણનાં પગલાં અંગેનું પ્રદર્શન રજૂ કરે છે.

સામુદાયિક કટોકટીના સમયે શાળા પ્રતિભાવ આપે છે. પૂર દરમ્યાન જેમનાં ઘર ડૂબી ગયાં હતાં તેમને તેણે આશરો આપ્યો હતો. સૂરતમાં પૂર આવ્યું ત્યારે શાળાની એક ટુકડી ત્યાં રાહત કાર્ય માટે ગઈ હતી.

## શાળા આપત્તિ સંચાલન યોજના

શાળા આપત્તિ સંચાલન યોજનાના હેતુઓ નીચે મુજબ છેઃ

- આપત્તિઓ સામે શાળાને સલામત બનાવવી.
- શાળામાં આપત્તિના જોખમના ઘટાડા માટેની પ્રવૃત્તિઓનું આયોજન કરવું અને તેમનો અમલ કરવો.
- આપત્તિઓના સામના માટે અસરકારક રીતે તૈયારી કરવી અને પ્રતિભાવ આપવો.
- વિદ્યાર્થીઓ, શાળાનો સ્ટાફ અને મા-બાપોને તાલીમ આપવી અને આપત્તિઓ વિશે જાગૃતિ ઊભી કરવી.
- સ્થાનિક સરકારની કચેરીઓ અને અન્ય તત્કાળ સેવાઓ સાથે સંકલન સાધવું.

શાળા આપત્તિ સંચાલન સમિતિ દ્વારા આ યોજના તૈયાર કરવામાં વે છે. 'સીડ્સ'ના કાર્યકરોએ શાળાના સંચાલકોનો સંપર્ક સાધ્યો અને તેમને શાળાના આપત્તિ સંચાલનના આયોજન વિશે માહિતી આપી. પછી તેમણે શાળાના સત્તાવાળાઓને જણાવીને શાળા આપત્તિ સંચાલન

### શાળા સુરક્ષાના પ્રયાસો

ઓલ ઈન્ડિયા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ દ્વારા દેશમાં ૩૦૦ કરતાં વધુ શાળાઓમાં શાળા સુરક્ષા પ્રયાસ હાથ ધર્યો હતો. તેણે હાથ ધરેલી પ્રવૃત્તિઓ નીચે મુજબ છેઃ

૧. અગ્નિ સુરક્ષાના સાધનનું નિદર્શન અને તે શાળામાં મૂકવું
૨. પ્રાથમિક સારવારની કિટની વહેંચણી
૩. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ માટે નીચા પ્રિમિયમનો વીમો કે જે માત્ર શાળાના કલાકો પૂરતો મર્યાદિત ના હોય
૪. સ્થાનિક ભાષામાં જાગૃતિ અંગેની સામગ્રી તૈયાર કરવી અને તેનો ફેલાવો કરવો
૫. શાળાની સુરક્ષા અંગે તાલીમ
૬. મકાનના માળખામાં સુધારા અંગે માંગ ઊભી થાય તો ટેકો પૂરો પાડવો.
૭. જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક ટેકો

સમિતિની રચના કરાવી.

પછી સમિતિના સભ્યો માટે એક કાર્યશાળાનું આયોજન કરાયું અને યોજના તૈયાર કરાઈ. શાળા આપત્તિ સંચાલન યોજનામાં નીચે મુજબની વિગતોનો સમાવેશ થાય છેઃ

૧. શાળાની પાયાની વિગતો
૨. શાળા આપત્તિ સંચાલન સમિતિના સભ્યોની યાદી અને તેમનો સંપર્ક
૩. આપત્તિ સંચાલનના હેતુઓ અને તબક્કાઓ
૪. દરેક તબક્કા દરમ્યાન વિવિધ હિતધારકોની ભૂમિકાઓ અને જવાબદારીઓ
૫. શાળા જે સંકટોનો સામનો કરે છે તેમનું વિશ્લેષણ
૬. બાહ્ય અસહાયતા, જોખમોનો નકશો અને સંભવિત ઉકેલોનું વિશ્લેષણ
૭. માળખાગત અસહાયતાઓનું વિશ્લેષણ અને સંભવિત ઉકેલો
૮. બહાર પ્રાપ્ય સવલોત્તનું વિશ્લેષણ અને સંસાધનોનો નકશો
૯. લોકોના તત્કાળ સ્થળાંતર માટેની યોજના
૧૦.તત્કાળ પ્રતિભાવ માટેનાં વર્તમાન સાધન-સામગ્રી અને સવલતો જેવાં સંસાધનોનું વિશ્લેષણ અને જરૂરિયાતો ઓળખી કાઢવી
૧૧.કાર્ય દળના સભ્યોની યાદી

શાળાના આપત્તિ સંચાલન માટે નીચે મુજબનાં કાર્ય દળોની રચના કરવામાં આવેઃ

૧. ચેતવણી અને જાગૃતિ કાર્ય દળ
૨. સ્થળાંતર કાર્ય દળ
૩. શોધ અને બચાવ કાર્ય દળ
૪. પ્રાથમિક સારવાર કાર્ય દળ
૫. અગ્નિ સુરક્ષા કાર્ય દળ

### બાળ સભાઓ દ્વારા સમુદાયનું શિક્ષણ

આંધ્ર પ્રદેશના પ્રકાશમ્ જિલ્લાના ચિરાલા તાલુકાનું દરિયાકિનારાનું એક ગામ વિયોદારેવુ. આ ગામમાં મોટે ભાગે માછીમારો રહે છે. સુનામીને લીધે ગામનાં ઘરો અને મિલકતોને ભારે નુકસાન થયું હતું, જો કે જાનહાનિ થઈ નહોતી. વારંવાર વાવાઝોડાં અને પૂરનો સામનો ગામે કરવા પડતો હોય છે. દરિયામાં વધારે મોટી ભરતી આવે તો માછીમારોનાં જીવન અને જીવનનિર્વાહને ભારે વિપરીત અસર થાય. બાળકો સામાન્ય રીતે તેમનાં મા-બાપને મદદ કરતાં હોય છે.

ગામમાં બાળ સભાઓ અને શાળા સમિતિઓની રચના કરવામાં આવી અને આપત્તિના સામનાની શાળા-આધારિત તૈયારીની શરૂઆત કરાઈ. 'સુભાષચંદ્ર બોઝ બાળ સભા' એ શાળા સુરક્ષા જાળ નકશો તૈયાર કર્યો. તેમાં શાળાના વર્ગો, કચેરી, તબીબી કિટ, અગ્નિશામક વગેરે તેમજ શાળાના મકાનની બહારની પાણીની ટાંકી, નીચાણવાળો વિસ્તાર, ઘાસનાં બીડ વગેરે તમામ સ્થળો દર્શાવાયાં. શાળાની અંદર અને શાળાની બહારનાં સંકટોનું નક્શાંકન થયુંઃ શાળાની નજીકનો ખૂબ જ ટ્રાફિક ધરાવતો રસ્તો, પ્રાંગણમાં નીચાણવાળો વિસ્તાર કે જેમાં વરસાદ સમયે પાણી ભરાય છે અને મચ્છરો જન્મ લે છે.

શાળા સમિતિમાં ૩૦ વિદ્યાર્થીઓ લેવાયા. તેમને આગોતરી ચેતવણી, બચાવ, પ્રાથમિક સારવાર, આશ્રય સંચાલન અને પુનર્વસન વિશે તાલીમ આપવામાં આવી. પાંચ સમિતિઓની રચના થઈ કે જે દરેકમાં ૫ સભ્યો હતા. પોસ્ટ બોક્સ સમિતિએ તમામ સમિતિઓની કામગીરીની સમીક્ષા કરી અને સુધારા માટે જરૂરી સૂચનો કર્યાં.

ગામના સમગ્ર સમુદાય સમક્ષ શાળાનાં બાળકો નિદર્શન કરે છે. તેઓ સૌ પ્રથમ ગામમાં જે સામાજિક સંસાધનો છે તેમનો નકશો સમજાવે છે. તેમાં સંભવિત સંકટ, પ્રાપ્ય પાયાની સેવાઓ અને સંકટ સમયે બચાવ માટેનાં આશ્રય સ્થાનો જણાવાય છે. ગામમાં અગાઉ ક્યારે ક્યારે આપત્તિઓ આવી હતી, ગામમાં ક્યારે ઉત્સવો આવે છે, ગ્રામજનોના વ્યવસાયો કયા કયા છે અને સંકટ સંભવ ઋતુઓ કઈ કઈ છે તે આ નિદર્શનમાં દર્શાવવામાં આવે છે. પછી બાળકો શાળા સુરક્ષા પ્રયાસ હેઠળ રચવામાં આવેલી વિવિધ સમિતિઓનાં કાર્યો સમજાવે છે.

# આરોગ્ય તકેદારી: આઈડિયલનો અનુભવ

ગુજરાતમાં ૨૦૦૧માં આવેલા ભૂકંપ બાદ 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ એજ્યુકેશન ઍન્ડ લર્નિંગ' (આઈડિયલ) દ્વારા જાહેર આરોગ્યના ક્ષેત્રે સ્થાનિક સ્તરે ઈજા પામેલાની આરોગ્યની જરૂરિયાતો ઓળખી માહિતી વ્યવસ્થા ઊભી કરવાનું અને આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડનારાઓને તે પૂરી પાડવાનું કામ થયું હતું. તે અંગેનો એક નાનકડો દસ્તાવેજ 'ઉન્નતિ'નાં **સુશ્રી સ્વપ્ની શાહ** અને **શ્રી કિરીટ પરમાર** દ્વારા અંગ્રેજીમાં તૈયાર કરાયો છે. તેનો સારાંશ અહીં આપવામાં આવ્યો છે.

**પ્રસ્તાવના**

ગુજરાતમાં ૨૦૦૧માં ધરતીકંપ આવ્યો તે બાદ આઈડિયલ (ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ એજ્યુકેશન ઍન્ડ લર્નિંગ) દ્વારા ભૂકંપમાં ઈજાગ્રસ્ત લોકોની આરોગ્યની જરૂરિયાતો ઓળખી કાઢવા માટે અને આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડનારાઓ સાથે અસરગ્રસ્તોને સાંકળવા માટે સ્થાનિક માહિતી વ્યવસ્થા ઊભી કરવામાં આવી.

જેમની આરોગ્યની જરૂરિયાતો પ્રત્યે સામાન્ય રીતે ધ્યાન અપાતું નથી એવા સૌથી અસહાય વર્ગો સુધી રાહત અને પુનર્વસનમાં સામેલ સંગઠનો અને નેટવર્ક્સ દ્વારા પહોંચવામાં આવ્યું. શ્રી અશોક ભાર્ગવ, ડૉ. લતા શાહ અને ડૉ. દિલીપ માવલંકર દ્વારા સ્થાનિક કાર્યકર્તાઓ અને સંસાધનોનો ઉપયોગ કરીને આ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

## ઈજાગ્રસ્તોની આરોગ્ય સંભાળની જરૂરિયાતો

ભૂકંપને લીધે ઘણા લોકોનું વિસ્થાપન થયું. તેઓ હંગામી ધોરણે અન્ય સ્થળોએ વસ્યા કે જ્યાં વસ્તીની ગીચતા વધારે હતી. ત્યાં અન્ન, ઘાસચારો, પીવાનું પાણી અને સફાઈની સવલતો અપૂરતી હતી. અપૂરતું પોષણ અને આ સ્થિતિને લીધે ઝાડા, મેલેરિયા, બળિયા, ટીબી, એચઆઈવી/એઈડ્સ અને દમ જેવા રોગો ફેલાયા. કટોકટીની સ્થિતિમાં આરોગ્ય માટેની વ્યવસ્થાઓને જ ભારે નુકસાન થાય છે, એ જ બરાબર કામ કરતી નથી કારણ કે તમામ સવલતો અને માણસો તથા તેમના પરિવારોને ભારે નુકસાન થયું હોય છે.

આરોગ્યની તકેદારીની વ્યવસ્થા આરોગ્ય સત્તાવાળાઓને જાહેર આરોગ્યની અસરકારક દરમ્યાનગીરી કરવા માટેની યોજના બનાવવામાં મદદરૂપ થાય છે. આપત્તિને કારણે આરોગ્યને જે નુકસાન થાય તે દૂર કરવામાં કે તે રોકવામાં તે મદદ કરે છે. તેમાં આરોગ્યનું જોખમ કેટલું છે તે આકારવા માટે પદ્ધતિસર વિશ્લેષણ કરાય છે, કે જેથી આરોગ્યની વિપરીત અસરોની આરંભના તબક્કે જ ખબર પડે. તે સ્થાનિક પરિસ્થિતિ અને સવલતોની માહિતી ભાવિ આયોજન માટે પૂરી પાડે છે.

આમ, આરોગ્યની તકેદારી વ્યવસ્થા આયોજનનું એક સાધન છે અને નિયંત્રણનાં પગલાંનું મૂલ્યાંકન કરવામાં તે મદદ કરી શકે છે.

## આરોગ્યની તકેદારીની પ્રક્રિયા

ભૂકંપ પછી ઈજાઓ અને આઘાતની સંભાળ લેવી એ સૌથી ગંભીર અને તત્કાલીન આરોગ્ય જરૂરિયાત હોય છે. બચાવ, તબદીલી અને અપૂરતી સંભાળને લીધે ઈજાઓ ગંભીર સ્વરૂપ ધારણ કરે છે, અને કાયમી અપંગતા પણ આવી શકે છે. ઘણે દૂર આરોગ્ય સંભાળ સેવા મળતી હોય તો પણ પરિસ્થિતિ ગંભીર બની જાય છે. તેથી સંસ્થાએ ઈજાગ્રસ્ત લોકોને ઓળખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. દર્દીઓને ઓળખવામાં આવ્યા. ઈજાગ્રસ્તોને જ્યાં દાખલ કરાયા હતા તે હોસ્પિટલોની મુલાકાત લેવાઈ.

ઉતાવળે અને અનારોગ્યપ્રદ પરિસ્થિતિમાં ફ્રેક્ચરની સારવાર કરાઈ હતી અને ઘા ઉપર પાટા બંધાયા હતા. ફિઝિયોથેરાપી પૂરી પાડવા માટે સરકાર પાસે કોઈ યોજના નહોતી. સરકારી અધિકારીઓ તો માનતા હતા કે,"લોકો ચાલશે એટલે સરખા થઈ જશે." સ્થાનિક સરકારો એમ માનતી હતી કે જાહેર આરોગ્ય એ સરકારનું કામ છે. અને ઈજા તો વ્યક્તિને થયેલી હોય છે એટલે એ તેના કાર્યક્ષેત્રમાં આવતું નથી.

પરિણામે, ઘાને સાફ કેવી રીતે કરવા અને ડ્રેસિંગ કેવી રીતે કરવું, ૬૦ દિવસ પછી પ્લાસ્ટર કેવી રીતે ખોલવું, ફિઝિયોથેરપી પૂરી પાડવી, કેટલા સર્જન પ્રાપ્ય છે વગેરે જેવા અનેક પ્રશ્નો ઊભા થતા હતા. રાહત કાર્યમાં સામેલ સંસ્થાઓ પાસે ઈજાગ્રસ્તોની સંખ્યા નહોતી કે તેમની યાદી નહોતી. તેથી સતત દેખરેખ અને તકેદારીની આવશ્યકતા હતી, સારવાર અને પુનર્વસન વિશેની જરૂરિયાતોનું આકલન કરવાની જ જરૂર હતી. તેથી અસરગ્રસ્તોની આરોગ્યલક્ષી

## સારી તકેદારી વ્યવસ્થાનાં લક્ષણો

**૧. સરળતા અને નિશ્ચિતતાઃ** સમય વેડફ્યા વિના અને બીજાં કામોમાં સમયનો ઉપયોગ કર્યા વિના સમગ્ર વ્યવસ્થાનાં ઈચ્છિત પરિણામો આવવાં જોઈએ. જો હેતુ સ્પષ્ટ હોય તો જ એ શક્ય બને. શક્ય હોય ત્યાં સુધી બેવડાપણું ટાળવું જોઈએ. માહિતી ભેગી કરવાનાં અને દસ્તાવેજો જાળવવાનાં પત્રકો સમજવામાં સરળ હોવાં જોઈએ. આસાનીથી તેમનું અર્થઘટન કરી શકાય તેવાં હોવાં જોઈએ, કે જેથી ભૂલ થવાની શક્યતાઓ ઘટે. એક જ માહિતી વારંવાર ના આવે તેની કાળજી રાખવી જોઈએ. જે માહિતી ઊભી કરવામાં આવે તે સરળ અને સીધી હોવી જોઈએ.

**૨. લવચીકતાઃ** માહિતી સતત બદલાતી રહે છે અને વ્યવસ્થા એવી હોય કે જે તેને આમેજ કરી શકે.

**૩. સતતઃ** તકેદારી અને કાર્યના તબક્કા વચ્ચે યોગ્ય સંબંધ હોવો જરૂરી છે. ઘણી વાર તે એકસાથે પણ હોય.

**૪. સ્વીકાર્યતાઃ** વપરાશકારો, સમુદાય અને સરકાર તથા સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહાય સંગઠનોના નિર્ણયકર્તાઓને વ્યવસ્થા પાસેથી જે પરિણામોની જરૂર હોય તે તેમને મળવાં જોઈએ. તેમાં સુધારા માટે મુક્ત મને સૂચનો સ્વીકારવાં જોઈએ. ડેટા એન્ટ્રી માટેનાં પત્રકો બનાવવામાં અને મૂલવવામાં સ્ટાફને સમાવવો કે જેથી એ પત્રકો ભરવાનું તેમને આસાન લાગે અને તેઓ તેમનો હેતુ સમજી શકે.

**૫. વિશ્વસનીયતાઃ** માહિતી સાચી છે એવો વિશ્વાસ વપરાશકારોમાં હોવો જોઈએ. વિશ્વસનીય માહિતીમાં ઉચ્ચ કક્ષાની સંવેદનશીલતા હોય છે. એટલે કે જે બહુ મહત્ત્વની ઘટનાઓ નથી તેમને ધ્યાનમાં લેવામાં આવતી નથી. બધી જ ઘટનાઓને આવરી લેવામાંથી વિશ્વસનીયતા ઊભી થાય છે એવું નથી. પરંતુ તમામ પ્રકારના સંજોગોમાં જે ઈજાઓ થઈ હોય તે બધાને આવરી લેવાવી જોઈએ. પ્રતિનિધિરૂપ નમૂનાની પસંદગીથી એ શક્ય બની શકે છે.

**૬. વ્યવહારુ અને પોસાય તેવીઃ** સ્ટાફ અને બજેટ ઉપર બિન-જરૂરી બોજો ઊભો ન થવો જોઈએ.

**૭. ટકાઉપણુંઃ** લઘુતમ મહેનતથી વ્યવસ્થા કામ કરતી હોવી જોઈએ અને તે જાળવવાનું તથા તેને આધુનિકતમ બનાવવાનું આસાન હોવું જોઈએ. જ્યારે જ્યારે જરૂરી હોય ત્યારે ત્યારે છેલ્લામાં છેલ્લી માહિતી મળવી જ જોઈએ.

**૮. સંવેદનશીલતાઃ** લોકો આસાનીથી પ્રતિભાવ આપે તેમ બન્યું જોઈએ. તકેદારીના અહેવાલોમાં વ્યક્તિઓ વિશેની માહિતી છતી ના થવી જોઈએ. લોકોને મુસીબતમાં મૂકે તેવી વ્યક્તિગત માહિતી જાહેર થવી જોઈએ નહિ. તે તેમના જીવનને કે જીવનનિર્વાહનો વિપરીત રીતે અસર કરનારી પણ ના હોવી જોઈએ.

જરૂરિયાતો પ્રત્યેનો પ્રતિભાવ સુધરે તે માટે માહિતી ભેગી કરાઈ. રાજ્યની ૬૫ હોસ્પિટલોમાંથી આશરે ૭,૫૦૦ દર્દીઓ વિશે જનવિકાસ અને કચ્છ નવનિર્માણ અભિયાન જેવાં બિન-સરકારી સંગઠનોના સહયોગ સાથે આ માહિતી ભેગી કરાઈ. દર્દીઓ અને ડૉક્ટરો પાસેથી તે ભેગી કરાઈ. ડૉક્ટરો પાસેથી સારવાર વિશે સલાહ પણ મેળવાઈ.

સરકારના આરોગ્ય વિભાગને હોસ્પિટલો પાસેથી મેળવાયેલી માહિતી પૂરી પડાઈ. આ માહિતીમાં ઈજાગ્રસ્ત વ્યક્તિ વિશેની માહિતી, ઈજાનો સમય અને સ્થળ, ઈજાનો પ્રકાર, મેળવેલી સારવાર વગેરેનો સમાવેશ થતો હતો. ભાવિ પુનવર્સન માટે અસરગ્રસ્ત વ્યક્તિનો વ્યવસાય, ઉંમર, આવાસ વગેરે વિશે પણ માહિતી ભેગી કરાઈ. તેમની જરૂરિયાતો વિશે તેમને જ પૂછવામાં આવ્યું હતું. હોસ્પિટલો પાસે કેસનાં કાગળિયાં નહોતાં એટલે ઈજા અને સારવાર વિશે માહિતી મેળવવાનું મુશ્કેલ હતું.

જે ઈજાગ્રસ્તોને હોસ્પિટલોમાંથી રજા અપાઈ હતી તેમને વિશે તેમનાં ગામોમાંથી જ માહિતી મેળવાઈ. પાયાની સવલતો વિનાનાં અંતરિયાળ ગામોના લોકો ભારે મુસીબતમાં હતા એમ જણાયું. પોતાનું ઘર છોડીને સારવાર મેળવવા જવા માટે પણ તેઓ તૈયાર નહોતા. દરેક ગામ વિશે માહિતી મેળવાઈ અને એના પત્રકમાં દર્દીઓની યાદી તેમના ઘર નંબર અને વ્યવસાય સાથે ભરાઈ. ઈજાગ્રસ્તો ગામમાં ક્યાં છે તેનું નકશાંકન કરાયું.

હોસ્પિટલો, સર્જનો, સવલતો, એમબ્યુલન્સ, બ્રિગેડ, ડૉક્ટરો, સ્વયંસેવકો અને વાહનો જેવાં સ્રોતો કેટલાં છે તે જોવાયું અને તેની માહિતી સ્થાનિક લોકોને અપાઈ. તેનો ઉપયોગ દર્દીઓની વધુ સારવાર માટે કરાયો. નજીકની અને મુંબઈની કઈ હોસ્પિટલો મફત કે ઓછા દરે સારવાર આપે છે તેની તપાસ કરાઈ અને તેમનો સંપર્ક સાધવામાં આવ્યો.

### ઈજાગ્રસ્તોની સ્થિતિ

ગામવાર માહિતી એકત્ર કરાઈ અને વિશ્લેષણ કરાયું. તેનાથી મહત્ત્વની બાબતો છતી થઈ. ભચાઉ તાલુકાને સૌથી વધુ અસર થઈ હતી. જે ૨,૦૫૭ દર્દીઓની માહિતી ભેગી કરાઈ હતી તેમાં ૯૧૧ દર્દીઓ ભચાઉ નગરના હતા. ગામોમાં નુકસાન વધારે થયું હતું. ભૂકંપ અગાઉ છૂટાંછવાયાં ગામોમાં આરોગ્ય સેવાઓ અપૂરતી હતી. સામાન્ય સમયમાં પણ દર્દીઓએ સારવાર માટે ખૂબ લાંબા અંતરે જવું પડતું હતું. પરિવહનની સવલતોનો અભાવ મુસીબતોમાં વધારો કરતો હતો. મોટા ભાગના ઈજાગ્રસ્તો તેમનાં ગામોમાં જ રહ્યા હતા.

### કેટલાક દાખલા

**૧. ગુમીબહેન (કંથકોટ):**

૩૫ વર્ષનાં ગુમીબહેનને ટિબિયા એટલે કે પગના ઘૂંટણ અને ઢીંચણ વચ્ચેના હાડકામાં ફ્રેક્ચર થયું હતું. ઘૂંટણમાં ડિસ્લોકેશન થયું હતું એટલે કે હાડકું ખસી પણ ગયું હતું. ભાડભુજાએ તેમની સારવાર કરી હતી. ઘૂંટણનો સાંધો તદ્દન ખરાબ થઈ ગયો હતો. ગામમાં એક કાર્યકરને ફિઝિયોથેરપી કરતી વખતે તેમની ખબર પડી. તેમને સર્જરીનો ડર લાગતો હતો અને પરિવારમાંથી તેમને કોઈ ટેકો મળતો નહોતો. 'આઈડિયલ'ની વિનંતીથી સર્વોદય હોસ્પિટલ-બિહડા ખાતે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના સચિવે એક ઓર્થોપિડિક સર્જન અને એક એનેસ્થેટિસ્ટને મોકલી આપ્યા. ઓપરેશન સફળ થયું. પછી ફિઝિયોથેરપી પણ થઈ અને તેમને સારું થઈ ગયું.

**૨. રતનભાઈ પટેલ (અધોઈ):**

૩૨ વર્ષના રતનભાઈને બંને પગે લકવો થઈ ગયો હતો. રોગ મૂત્રાશય અને પેટને પણ લાગુ પડ્યો હતો. તેમને સૌ પ્રથમ એક ટેમ્પામાં રાધનપુર લઈ જવાયા હતા અને ત્યાં થોડી ઘણી સારવાર થઈ  હતી. બીજે દિવસે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા અને ત્યાં ઓપરેશન કરાયું. પણ રતનભાઈની સ્થિતિ ખરાબ હતી. તેમને પાઠાં પડી ગયાં હતાં પણ તેની તેમને ઝાઝી સમજણ પડતી નહોતી. એ બહુ ઊંડાં નહોતાં પણ તેમાં ચેપ લાગી ગયો હતો. તેમને એ ભાગ પર દબાણ ન આવે તેવી પદ્ધતિઓ શિખવવામાં આવી. સારવાર ખૂબ ધીમી હતી અને તેઓ હતાશામાં સરી પડ્યા હતા. પેશાબની નળીમાં ચેપ લાગ્યો હતો. તેથી તેઓ જે પાણી પીતા હતા તેના ઉપર સતત ધ્યાન આપવું જરૂરી હતું. તેમણે પોતે જ એક ચાર્ટ બનાવીને દેખરેખ રાખી. દિવસમાં ૪-૫ વાર કેથેટરનો ઉપયોગ કરવાની સલાહ અપાઈ, કે જેથી મૂત્રાશયમાં સોજો ના આવે. દરેક ઉપયોગ પછી સાફ કરવાનું પણ કહેવાયું. ઈજા થઈ તે પહેલાં તેઓ જે રીતે ભોજન લેતા હતા તે જ રીતે તેમને ભોજન લેવાનું જણાવાયું. થોડા દિવસ તેમને કબજિયાત થઈ. તેમને રેચક દવાઓ પણ અપાઈ અને મળ કાઢવાની અન્ય પદ્ધતિઓ પણ અપનાવાઈ. તેમને પથારીમાં હલનચલન કરવાની અને કસરત કરવાની રીતો બતાવાઈ. તેમના ઘરમાં કઠેડા સાથે એક ઢાળ પણ બનાવાયો. અન્ય સાધનો સાથે તેઓ ચાલે તે માટે પ્રયાસો કરાયા. થોડા સમય પછી તેઓ વોકર લઈને ચાલતા થયા. આજે લાંબા અંતરે જવા માટે તેઓ ટ્રાયસિકલનો ઉપયોગ કરે છે.

આવાસની પૂરતી સગવડ નહોતી અને પાયાની સવલતોનો અભાવ હતો. બચાવની કામગીરી દરમ્યાન પણ મુસીબતો વધી હતી. કારણ કે લાંબા અંતરે જવું પડતું હતું અને વાહનો યોગ્ય નહોતાં. દર્દીઓના એક્સ-રે ફોટા લીધા વિના જ પ્લાસ્ટર કરાયાં હતાં.

ઉપરાંત, મહિલાઓ અને બાળકોની વિશિષ્ટ સમસ્યાઓ ઊભી થઈ રહી હતી. પેશાબની નળીના ચેપની સમસ્યાઓ મહિલાઓમાં જણાઈ. પાણીની અછત તથા સૂકી અને ગરમ આબોહવાથી મહિલાઓ અને બાળકોને વિપરીત અસર થતી હતી. ઝાડા, મેલેરિયા, બળિયા, કન્જક્ટીવાઈટિસ, ન્યૂમોનિયા, રતાંધળાપણું અને ટ્રેકોમા જેવા રોગો સામાન્ય થઈ પડ્યા હતા.

તકેદારી વ્યવસ્થા હેઠળ આ તમામ માહિતી મેળવાઈ. પછી 'આઈડિયલ'ના વાહનને ડાર્ક રૂમ બનાવાયો. નિદાન શિબિરો પણ યોજાઈ. તેમાં ફિઝિયોથેરપીની જરૂરિયાત કે ફરીથી યોગ્ય ઓપરેશન કરવાની જરૂરિયાત નક્કી થઈ અને બીજી ઘણી બિન-તબીબી જરૂરિયાતો પણ ઓળખી કઢાઈ. વળતર મેળવવામાં અને વિકલાંગતાનું પ્રમાણપત્ર મેળવવામાં લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. નિદાન શિબિરોમાં જ તેમને પ્રમાણપત્રો અપાયાં અને કાર્યકરોએ લોકોને વળતર મેળવવામાં પણ મદદ કરી.

શિબિરોમાં જેમની ચકાસણી કરાઈ તેમાંથી ૪૦ ટકા દર્દીઓને ફરીથી ઓપરેશન કરવાની જરૂર હતી. તેમને માટે ઓપરેશન અગાઉનાં પરીક્ષણોની વ્યવસ્થા પણ કરાઈ. રાજકોટ, જામનગર, અમદાવાદ, ભુજ અને મુંબઈ સુધી કાર્યકર્તાઓ તો તેમની સાથે પણ ત્યાં ગયા.

### સામુદાયિક સંભાળ

મળેલી માહિતીને આધારે ભાવિ દરમ્યાનગીરીઓ નક્કી કરવામાં આવી. ફિઝિયોથેરપીની જરૂરિયાત સૌથી મોટી જરૂરિયાત હતી. અંતરિયાળ ગ્રામ વિસ્તારોમાં એ નિયમિત રીતે પૂરી પાડવી એક મોટો પડકાર હતો. લોકભારતી (સણોસરા)ના ૯૦ કાર્યકર્તાઓએ ૩ ફિઝિઓથેરપીસ્ટ સાથે અંજાર અને ભચાઉ તાલુકાનાં ૫૦ ગામોના ૧,૦૦૦ અસરગ્રસ્તોને સારવાર આપી. ૬૩૪ દર્દીઓને તો ઘણા લાંબા સમય માટે આવી સારવાર આપવામાં આવી હતી.

ઈજાગ્રસ્ત દર્દીઓને ઓછાં ખર્ચાળ સાધનો પણ પૂરાં પાડવામાં આવ્યાં. કાર્યકર્તાઓને એક વિડિયોના માધ્યમથી તાલીમ પણ અપાઈ. ઉપરાંત, 'હાથ-પગની ફિઝિયોથેરપી' વિશે એક ચોપાનિયું પણ તૈયાર કરાયું. આમ, ઉઘાડપગા ફિઝિયોથેરપીસ્ટ તૈયાર કરાયા અને તેઓ રોજ સામાન સાથે લગભગ ૩૦ કિ.મી. ચાલીને ગામોમાં જઈને સારવાર

### આરોગ્ય તકેદારી વ્યવસ્થાનાં પગલાં

૧. હેતુ નક્કી કરવો.

૨. માહિતીની જરૂરિયાત નક્કી કરવી.

૩. હિતધારકોને માહિતી આપવી અને સામેલ કરવા.

૪. પ્રાપ્ય સંસાધનોનો તાગ મેળવવો.

૫. સાધનની ડિઝાઈન નક્કી કરવી (વિવિધ સ્રોતોને ભાર આપવો અને માહિતીની આપ-લે).

૬. માહિતીનાં સ્રોતો ઓળખવાં.

૭. માહિતીના એકત્રીકરણ અને વિશ્લેષણની પદ્ધતિ.

૮. તાલીમ.

માહિતીનું એકત્રીકરણ, વિશ્લેષણ, અર્થઘટન

૯. અહેવાલ તૈયાર કરવો અને વહેંચવો.

અહેવાલને આધારે દરમ્યાનગીરીનું આયોજન

૧૦. દેખરેખ અને મૂલ્યાંકન.

કરતા હતા. તમામ કાર્યકરોને પ્રાથમિક સારવારની પેટી આપવામાં આવી હતી. આવા ઉઘાડપગા ફિઝિયોથેરપીસ્ટ માહિતીની બેમાર્ગી તબદીલી કરતા હતા. દર્દીઓની સારવાર માટે તેમણે અનેક અન્ય મુદ્દાઓ ઓળખી કાઢ્યા કે જેમનો સમાવેશ પછીથી કાર્યલક્ષી યોજનામાં કરાયો.

અસરગ્રસ્ત લોકોના પ્રાથમિક આરોગ્ય અંગેના શિક્ષણ વિશે પાયાની તાલીમ દર્દીઓ અને તેમનાં સગાંઓ બંનેને આપવામાં આવી. પ્રાથમિક સારવાર અને ઝાડા તથા મેલેરિયા જેવા રોગોની સારવારના મુદ્દા તેમાં આવરી લેવાયા. તાલીમ માટે ૧૦ વિડિયો તૈયાર કરાયા હતા. તેમાં શ્વસનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર, પાચન તંત્ર, મેલેરિયા, સૂક્ષ્મ જીવો અને સ્ત્રીઓના માસિક જેવા મુદ્દાઓનો સમાવેશ કરાયો હતો.

## કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ

**૧. કટોકટીઃ**

તે એક ઘટના અથવા અનેક ઘટનાઓ છે કે જેનાથી આરોગ્ય, સુરક્ષા, સલામતી અને સુખાકારી સામે ગંભીર ખતરો ઊભો થાય છે. સશસ્ત્ર સંઘર્ષ, રોગચાળો, દુકાળ, કુદરતી આપત્તિઓ, પર્યાવરણની હાનિ કે અન્ય મોટી ઘટનાઓ આવી કટોકટી ઊભી કરી શકે છે અને તે સામાન્ય રીતે મોટા વિસ્તારમાં ફેલાયેલી હોય છે.

**૨. અસહાયતાઃ**

નૈતિક, સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પરિબળો કે પ્રક્રિયાઓ દ્વારા નક્કી થતી સ્થિતિ કે જેનાથી સમુદાય પર આરોગ્યનું જોખમ વધી જાય. આપત્તિની અસરનો વ્યક્તિ કે સમુદાય સામનો ના કરી શકે, તેનો પ્રતિકાર ના કરી શકે કે તેમાંથી બેઠા ના થઈ શકે તેવી સ્થિતિ.

**૩. જોખમઃ**

હાનિકારક પરિણામો કે અપેક્ષિત નુકસાનની શક્યતાઓ કે જે કુદરતી કે માનવસર્જિત મુસીબતો અને અસહાયતાઓમાંથી જન્મે. જેમ કે, મૃત્યુ, ઈજા, મિલકતનું અને જીવનનિર્વાહનું નુકસાન, આર્થિક પ્રવૃત્તિમાં વિક્ષેપ, પર્યાવરણને હાનિ.

**૪. આપત્તિઃ**

સમુદાય કે સમાજની કામગીરીમાં ગંભીર વિક્ષેપ કે જેનાથી વ્યાપક પ્રમાણમાં માનવીય, આર્થિક, પર્યાવરણીય કે ભૌતિક નુકસાન થાય, અને એ નુકસાનને અસરગ્રસ્ત સમુદાય કે સમાજ પોતાનાં સંસાધનોનો ઉપયોગ કરીને ભરપાઈ ના કરી શકે.

| 'આઈડિયલ'ની દરમ્યાનગીરી તબક્કા | |
|---|---|
| **સમયગાળો** | **પ્રવૃત્તિઓ** |
| જુલાઈથી ડિસેમ્બર - ૨૦૦૧ | માહિતીનું એકત્રીકરણ, ફિઝિયોથેરપી, આકલન શિબિરો અને સુધારાત્મક સર્જરી |
| જાન્યુઆરીથી ડિસેમ્બર - ૨૦૦૨ | આરોગ્ય કાર્યકરોની પસંદગી, સામગ્રીની તૈયારી, તાલીમ કાર્યક્રમ, આરોગ્ય શિક્ષણ અને દર્દીઓનું અનુવર્તી કાર્ય |
| જાન્યુઆરીથી જુન - ૨૦૦૩ | સામગ્રીની તૈયારી, રિફ્રેશર તાલીમ અને આરોગ્ય શિક્ષણ |

આપત્તિ જોખમની પ્રક્રિયા ઉપર આધાર રાખે છે. તે સંકટ, અસહાયતાની પરિસ્થિતિ, જોખમનાં નકારાત્મક પરિણામો ઘટાડવા માટેનાં અપૂરતાં પગલાં કે અપૂરતી ક્ષમતા જેવાં પરિબળોમાંથી જન્મે છે.

આપત્તિ એક એવી પરિસ્થિતિ છે કે જેમાં એવું નુકસાન થાય છે, પર્યાવરણીય વિક્ષેપ ઊભો થાય છે અથવા જાનહાનિ કે આરોગ્યને હાનિ પહોંચે છે કે આરોગ્ય અને આરોગ્યલક્ષી સેવાઓ એટલા મોટા પ્રમાણમાં બગડે છે કે જેથી અસરગ્રસ્ત વિસ્તાર કે સમુદાયને માટે બહારથી અસાધારણ પ્રતિભાવની આવશ્યકતા ઊભી થાય છે.

**૫. જાહેર આરોગ્ય સેવાઓ:**

જાહેર આરોગ્ય સેવાઓ સમગ્ર વસ્તીના આરોગ્ય સાથે સંબંધિત સેવાઓ છે. તેમાં અનેક વસ્તુઓ, પ્રવૃત્તિઓ અને સેવાઓની સમાવેશ થાય છે. આરોગ્યની સ્થિતિ ઉપર દેખરેખ રાખવી, ચેપી રોગો ઉપર દેખરેખ રાખવી, રોગચાળો કે આપત્તિઓ સામે તત્કાળ પ્રતિભાવ આપવો, આરોગ્યપ્રદ પર્યાવરણ ઊભું કરવું, હવા-પાણી-જમીનની ગુણવત્તાનાં ધોરણો નક્કી કરવાં અને તેમનો અમલ કરવો, વ્યાવસાયિક આરોગ્ય અને કામના સ્થળે સુરક્ષા ઊભી કરવી, ઈજા થતી રોકવી, રસ્તાઓમાં સુરક્ષા ઊભી કરવી, રસીકરણ દ્વારા રોગો અટકાવવા, સારવારની વ્યવસ્થા ઊભી કરવી, આરોગ્યનું શિક્ષણ આપવું અને સંશોધન કરવું વગેરે બાબતોને સમાવેશ જાહેર આરોગ્ય સેવાઓમાં થાય છે.

## પદાર્થપાઠ

'આઈડિયલ' દ્વારા ગુજરાતમાં ભૂકંપ પછી ઈજાગ્રસ્તો માટે જે આરોગ્ય તકેદારી વ્યવસ્થા ઉપર મુજબ ઊભી કરવામાં આવી તેમાંથી નીચે મુજબના કેટલાક પદાર્થપાઠ શીખવા મળ્યા છે. માત્ર ભૂકંપના સંદર્ભમાં નહિ પરંતુ તમામ પ્રકારની આપત્તિઓ વેળાએ ઈજાગ્રસ્તોની યોગ્ય સારવાર માટે આ અભિગમ ઉપયોગી થઈ પડશે.

(૧) રાજ્ય સરકારના રોગચાળા વિભાગને રોગચાળા અને આપત્તિ વિભાગ બનાવવો જોઈએ. તેમાં વધારે ટેકનિકલ માણસો રાખવા જોઈએ. આવા વિભાગો જિલ્લા પંચાયત સ્તરે પણ હોવા જોઈએ. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ પાસે ચાર-પાંચ વાન અને વાયરલેસ રેડિયો વ્યવસ્થા ઈજાગ્રસ્તોને અન્ય સ્થળોએ તત્કાળ ખસેડવા માટે હોવી જોઈએ.

(૨) બચાવ અને શોધ કાર્ય માટે સ્થાનિક સ્તરના ગ્રામીણ કાર્ય દળોને આપત્તિ વ્યવસ્થાપન વિશે તાલીમ આપવી જોઈએ. આપત્તિના સામનાની તૈયારીનો તે ભાગ બનવો જોઈએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રોના સ્ટાફને કરોડરજ્જુની ઈજા ધરાવનારાને કેવી રીતે ખસેડવા અને સાચવવા તેની તાલીમ આપવી જોઈએ. આપત્તિ પછી પરિસ્થિતિમાં તમામ ડૉક્ટરોને ગ્રામ વિસ્તારોમાં મોકલવા જોઈએ?

(૩) વ્યૂહાત્મક જગ્યાઓએ ડૉક્ટરો અને અન્ય વ્યવસાયીઓને રાખવા જોઈએ કે જેથી તેઓ જરૂરિયાતોનું આકલન કરી શકે અને જરૂરતમંદ વિસ્તારોમાં સીધી રાહત પહોંચાડી શકે. મોબાઈલ હોસ્પિટલ શરૂ કરવી જોઈએ અને તેમાં તત્કાળ સંભાળની સેવાઓ પૂરી પાડવી જોઈએ.

(૪) ઈજાગ્રસ્ત દર્દીઓની પૂરી સારવાર થાય, સુધારાત્મક સર્જરી થાય, જરૂરી સાધનો તેમને મળે, કોઈ જટિલતા ઊભી ના થાય, ફિઝિયોથેરપી તેમને મળે, વ્યાવસાયિક ચિકિત્સા મળે વગેરેની કાળજી લેવી જોઈએ. આ તમામ માહિતી ડેટા બેઝમાં ભેગી કરવી જોઈએ કે જેનો ઉપયોગ વિવિધ હિતધારકો કરી શકે. ઈજા મળે તેની સારવાર દર્દીઓના વ્યવસાય અને તેમના જીવનનિર્વાહને અસર કરે છે. તેથી તેમના રેકર્ડમાં એ અંગેની વિગતો ઉમેરવી જોઈએ. હાડકાંના ૪૦ ટકા દર્દીઓને હાડકાં બરાબર બેઠાં હોતાં નથી અને તેથી તેમના જીવનનિર્વાહને વિપરીત અસર થઈ શકે છે. તેથી સુધારાત્મક સર્જરી અને ફિઝીયોથેરપીનું મહત્ત્વ તેમને સમજાવવું જોઈએ.

# દુકાળ સહાય સેવાઓ ઉપર સમુદાયની દેખરેખ

રાજસ્થાનના ત્રણ જિલ્લામાં ગયે વર્ષે દુકાળ રાહત કાર્યો અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સરકારી યોજનાઓના અમલ ઉપર દેખરેખ માટેનું કાર્ય લોકોની સહભાગિતા સાથે હાથ ધરાયું હતું. લોકો પોતે જ પોતાની સમસ્યાઓ ઉકેલવા માટે સક્ષમ બને તેવા ઉદ્દેશ સાથે ધરાયેલા સામુદાયિક દેખરેખના આ કાર્યક્રમનો અહેવાલ અહીં 'ઉન્નતિ'ના **શ્રી દિલીપસિંહ બિદાવત** દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.

## ભૂમિકા

૨૦૦૯-૧૦નો મધ્ય ગાળો રાજસ્થાન માટે ખૂબ જ મહત્ત્વનો રહ્યો. રાજ્ય સરકારની બે મહત્ત્વની ઘોષણાઓ દરેક નાગરિક સાથે જોડાયેલી હતી એટલે દરેક સ્તરે તેની ચર્ચા થતી હતી. આ ચર્ચા ચિંતા અને આનંદ બંને સાથે જોડાયેલી હતી. ચિંતા એ હતી કે ઓગસ્ટ માસ સુધી રાજસ્થાનમાં દુકાળ હોવાના સંકેતો મળતા હતા અને આનંદનો વિષય પંચાયતોની ચૂંટણીઓની જાહેરાત હતી. પહેલી જ વખત રાજ્ય સરકાર ખાસ્સી ચિંતિત દેખાતી હતી. ઓગસ્ટના અંત સુધીમાં તમામ જિલ્લાની આનાવારી કરાવીને સરકારે ૩૩માંથી ૨૬ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કર્યા હતા અને રાહત કાર્યોની જાહેરાત પણ કરી હતી. સરકારે અછતગ્રસ્ત વિસ્તારો માટે અછત રાહત હેઠળ નીચેનાં કાર્યોની ઘોષણા કરી હતીઃ

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના હેઠળ જેમને ૧૦૦ દિવસની રોજગારી મળી છે તેમને દર મહિને વધારાના ૧૦ દિવસની રોજગારી મળશે.

(૨) જરૂરિયાત ઊભી થયે ઘાસચારા માટે ડેપો ખોલાશે અને પશુ શિબિરોનું આયોજન કરાશે.

(૩) પીવાના પાણીની અછત ધરાવતાં એવાં ગામો અને ઢાણીઓ કે જ્યાં ૧.૬ કિ.મી.ની ત્રિજ્યામાં પાણીનો કોઈ પણ સ્રોત નથી કે પાણી પુરવઠા વિભાગની કોઈ યોજનાનો અમલ થતો નથી ત્યાં પાણીનાં એવાં સ્રોતોની પસંદગી કરવી કે જ્યાંથી પરિવહનથી પાણી પહોંચાડી શકાય અને અસરગ્રસ્ત પરિવાર આસાનીથી પાણી પ્રાપ્ત કરી શકે.

(૪) ગ્રામ વિસ્તારોમાં અસહાય પરિવારો ઓળખવા અને તેમના ભરણપોષણ માટે પુખ્ત વયની દરેક વ્યક્તિને રોજ રૂ. ૨૦ અને સગીર વ્યક્તિને રોજ રૂ. ૧૫ આપવા. આ રકમ ૬૦ દિવસ સુધી આપવામાં આવશે. પછી તેને વધારીને ૧૮૦ દિવસ કરવામાં આવ્યા.

(૫) રાજ્યમાં સતત ચાલતી અન્ન સુરક્ષા, સામાજિક સુરક્ષા, આરોગ્ય વગેરેની યોજનાઓ પરની દેખરેખ મજબૂત કરવી.

## સરકારી કાર્ય

રાજ્ય સરકારે રાજ્ય સ્તરે રાહત કાર્યોની દેખરેખ માટે પાંચ કાર્ય દળોની રચના પણ કરી. સરકારે તમામ પ્રકારનાં રાહત કાર્યોના આરંભની ઘોષણા ઓગસ્ટ-૨૦૦૯ના અંત ભાગમાં જ કરી દીધી હતી તથા સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૦૯માં આદેશો પણ જારી કર્યા હતા. ગામ સ્તરે પટવારી અને ગ્રામ સેવકો દ્વારા પાણી વિતરણનાં સ્રોતો, અસહાય પરિવારોની પસંદગી, ઘાસચારાનું વિતરણ અને પશુ શિબિરોની જરૂરિયાતનું આકલન વગેરે પ્રક્રિયાઓ શરૂ થઈ ગઈ હતી.

મધ્યમ વર્ગીય સમાજ અને રાજકીય ક્ષેત્રો સાથે જોડાયેલા લોકો સંપૂર્ણપણે પંચાયતોની ચૂંટણીઓમાં લાગી ગયા હતા, જ્યારે અતિ ગરીબ, દલિત અને વંચિત અસહાય વર્ગો શંકાશીલ હતા. ચૂંટણીની આચાર સંહિતા લાગુ પડી ગઈ હતી. બધું જ કામકાજ સરકારી કર્મચારીઓના હાથમાં હતું. અછત જાહેર થઈ હોવા છતાં સરકાર અને વહીવટી તંત્રની પ્રાથમિકતા તો ચૂંટણી હતી. અસહાય સમુદાયોની ચિંતા અને આશંકા વાજબી હતાં. એક, ચૂંટણીને કારણે ઊભા થયેલા માહોલમાં તેમની વાત સાંભળનારું કે તેમની સમસ્યાઓ વિશે વિચાર કરનારું કોઈ નહોતું. બીજું, રાહત કાર્યોમાં ગામડાંઓમાં જે કંઈ થઈ રહ્યું હતું તેમાં તેમની કોઈ ભાગીદારી નહોતી. કોઈને એની માહિતી પણ મળતી નહોતી કે પાણીનું વિતરણ કયાં સ્થળોએથી થાય છે, અને કોની પસંદગી અસહાય લોકોમાં થઈ છે.

## વિચાર-વિમર્શ

'ઉન્નતિ' અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓએ પણ તમામ પરિસ્થિતિતઓ અને ભૂતકાળના અનુભવોને આધારે અસહાય પરિવારોની ચિંતા અને આશંકાઓ વિશે વિચાર-વિમર્શ કર્યો. ડિસેમ્બર-૨૦૦૯ આવતાં આવતાં તો એમ લાગવા માંડ્યું કે દુકાળ રાહતનાં કાર્યો અને સરકારની ચાલુ યોજનાઓથી તો અસહાય વર્ગોની વંચિતતા ચાલુ જ રહેવાની છે. ગામો તથા ઢાણીઓમાં જે વર્ગોનું સામાજિક, આર્થિક અને રાજકીય વર્ચસ્વ છે એ લોકો જ રાહત કાર્યોનો લાભ

## પાણીના વિતરણની વ્યવસ્થા થઈ

બાડમેર જિલ્લાના પચપાદરા તાલુકાની બાગાબાસ ગ્રામ પંચાયતનું એકડલી ગામ અંતરિયાળ વિસ્તારમાં આવેલું છે. આ ગામમાં ૩૫ આદિવાસી ભીલ પરિવારો રહે છે. ગામમાં પાયાની સવલતોનો અભાવ છે અને પીવાના પાણીની ભારે સમસ્યા છે. ગામમાં એક જીએલઆર છે, પરંતુ ગામના લોકોના જણાવ્યા અનુસાર તેમાં ૮-૧૦ વર્ષથી પાણી પુરવઠો નથી. દુકાળ રાહત કાર્ય હેઠળ ગામમાં પાણીની વહેંચણીનું સ્થળ નક્કી કરવામાં આવ્યું નહોતું.

ગામના લોકો ટેન્કર ખરીદીને પાણી મેળવતા હતા. કેટલાક ગરીબ અસહાય પરિવારો પાણી ખરીદવાની તાકાત ધરાવતા નહોતા તેથી તેમને ભારે મુસીબતોનો સામનો કરવો પડતો હતો.

ગ્રામ વિકાસ સમિતિની બેઠક મળી અને આ સમસ્યા વિશે ચર્ચા કરવામાં આવી. એવો નિર્ણય કરાયો કે સમિતિના સભ્યો મામલતદાર અને એસડીએમનો સંપર્ક સાધીને સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે. બેઠકમાં જ એક આવેદનપત્ર તૈયાર કરાયું અને પછી સમિતિના જ સભ્યોએ તેની જવાબદારી લીધી. ઉપરોક્ત અધિકારીઓનો સંપર્ક કરાયો પછી પાણીના વિતરણનું સ્થળ નક્કી કરાયું અને ટેન્કર દ્વારા પાણી અપાવાની શરૂઆત થઈ.

લેવા દોડે છે. પીવાના પાણીની અછત ધરાવતાં ક્ષેત્રોમાં ખાનગી ટેન્કરોએ પાણીનો ભાવ વધારી દીધો હતો અને ઘાસચારાના ભાવ પણ વધી ગયા હતા.

તા.૦૪-૦૧-૨૦૧૦ના રોજ ‘ઉન્નતિ’ના પ્રયાસથી સહયોગી સંસ્થાઓ સાથે દુકાળની સ્થિતિ અને સરકારનાં રાહત કાર્યો વિશે વિચાર-વિમર્શ માટે એક બેઠક યોજવામાં આવી. આ બેઠકમાં જેસલમેર, બાડમેર અને જોધપુર એમ ત્રણ જિલ્લામાં ઘણા લાંબા સમયથી ‘દલિત અધિકાર અભિયાન’ સાથે જોડાયેલી ૯ સંસ્થાઓએ ભાગ લીધો. બેઠકમાં એ બાબત મજબૂત રીતે ઉપસી આવી કે ઓગસ્ટથી ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન સ્થાનિક સ્તરે દુકાળને લીધે અનેક સમસ્યાઓ ઊભી થઈ છે. અસહાય પરિવારોની પસંદગી, પાણી વિતરણનાં સ્થળોની પસંદગી વગેરેમાં સૌથી વધુ અસરગ્રસ્ત લોકોની ભાગીદારી જ નહોતી. ૧૦૦ દિવસની રોજગારી મેળવનારા લોકોને વધારાની રોજગારી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયદરી ધારા હેઠળ મળતી નહોતી. એનું મુખ્ય કારણ એ હતું કે લોકો માંગ કરી રહ્યા નહોતા અને માંગણીપત્રક સ્વીકારવામાં પણ આવતાં નહોતાં. અન્ન સુરક્ષા યોજના હેઠળ અનાજ વિતારણમાં પણ સમસ્યાઓ હતી. દર મહિને રેશન મળતું નહોતું. અનેક સ્થળોએ તેના નિશ્ચિત ભાવોથી વધારે ભાવ લેવામાં આવતા હતા. બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધરાવનારાને અને અન્નપૂર્ણા યોજનાના લાભાર્થીઓને સમયસર અનાજ મળતું નહોતું. વળી, આંગણવાડીમાં પણ ગરીબ, દલિત અને વંચિત પરિવારોનાં બાળકોની નોંધણી કરવામાં આવી નહોતી. આ બેઠકમાં એ મુદ્દો ઉપસી આવ્યો કે અસહાય પરિવારોની મુસીબતો વધી રહી છે. ચૂંટણી અને રાહત કાર્યોની પૂર્વતૈયારીની પ્રક્રિયા તથા વર્તમાન સ્થિતિ જોતાં અસહાય પરિવારો રાહત કાર્યોતી વંચિત રહે એમ સૌને જણાતું હતું.

આ બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે બાડમેર, જેસલમેર અને જોધપુર જિલ્લામાં દુકાળ રાહત કાર્યો પર દેખરેખ રાખવામાં આવે તથા જ્યાં પણ સમસ્યા દેખાય ત્યાં તરત જ વહીવટી તંત્રને જાણ કરીને તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવે. આ દેખરેખ કાર્ય ગામ સ્તરની સમિતિઓ અને અસહાય પરિવારોની ભાગીદારીથી કરવામાં આવે એમ પણ નક્કી કરાયું. દર મહિને ગામોમાંથી રાહત કાર્યોની નિયમિત અને વ્યવસ્થિત માહિતી મેળવવામાં આવે અને જ્યાં પણ સમસ્યા જણાય ત્યાં તેનો ઉકેલ લાવવા માટે તાલુકા અને જિલ્લા સ્તરે પ્રયાસ કરવાનો પણ નિર્ણય કરાયો. એમ પણ નક્કી કરવામાં આવ્યું કે મહિનાને અંતે તમામ માહિતીનો એક અહેવાલ તૈયાર કરીને તેને જિલ્લા તથા રાજ્યના અધિકારીઓ સમક્ષ મૂકવો અને સમસ્યાઓના ઉકેલનો પ્રયાસ કરવો. આ કાર્ય ૯ તાલુકાનાં ૮૫ ગામોમાં કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

## ઘાસચારાના ડેપો ખોલવામાં વિલંબ

આ વખતે દુકાળ દરમ્યાન પીવાના પાણી અને ઘાસચારાની ભારે તંગી હતી. દેશનાં અન્ય રાજ્યોમાં પણ દુકાળ હતો તેથી રાજસ્થાનમાં ઘાસચારાની આયાત ઓછી થતી હતી. દુકાળની ઘોષણા થતાંની સાથે જ સ્થાનિક સ્તરે ઘાસચારાનો ભાવ ચાર ગણો વધી ગયો હતો. મે-જુન, ૨૦૧૦ સુધી રૂ. ૩૦૦થી રૂ. ૪૦૦ના ભાવે એક ક્વિન્ટલ ઘાસ મળતું હતું. તેના ભાવ નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં રૂ. ૬૦૦થી રૂ. ૮૦૦ થઈ ગયા હતા.

સરકાર દ્વારા રાહત કાર્યોમાં ઘાસચારાના ડેપોનું સંચાલન કરવામાં આવશે એવી જાહેરાત પછી પણ પંચાયતો અને સહકારી મંડળીઓએ તેમાં કોઈ ખાસ રસ દર્શાવ્યો નહોતો. ઘાસચારાના ડેપોમાંથી સસ્તો ઘાસચારો મળે તો ખુલ્લા બજારમાં પણ તેના ભાવ દબાય. આ વખતે ડેપો મોડો ખૂલ્યો અને પૂરતા પ્રમાણમાં ગુણવત્તાયુક્ત પૌષ્ટિક ઘાસચારો ન મળતાં ખુલ્લા બજારમાં પણ ભાવ ઊંચા રહ્યા હતા.

## રોકડ સહાયમાં ઘાલમેલ

જેસલમેર જિલ્લાના પોખરણ તાલુકાના ખેતોલાઈ પંચાયતનાં ગામોમાં પરવારી દ્વારા ૧૩૦ જણાને રૂ. ૬૦૦ના બદલે રૂ. ૪૦૦ની રોકડ સહાય અપાઈ હતી. બાકીના રૂ. ૨૦૦ એમ કરીને ઓછા આપવામાં આવ્યા હતા કે ગામમાં આવીને પૈસા વહેંચવા માટે થતો પ્રવાસ ખર્ચ કાપી નાખવામાં આવ્યો છે. ગામના અસહાય પરિવારો સાથેના સંપર્ક દરમ્યાન જ્યારે આ પ્રશ્ન જણાયો ત્યારે કાર્યકર્તાઓ અને ગ્રામ વિકાસ સમિતિના સભ્યોએ પરવારી સાથે ઝગડો કર્યો. પછી પરવારીએ માફી માગી અને જેમને રકમ ઓછી અપાઈ હતી એ તમામ પરિવારોને રૂ. ૨૬,૦૦૦ તેણે ચૂકવી દીધા!

### દેખરેખની પ્રક્રિયા

દેખરેખનો મુખ્ય ઉદ્દેશ દુકાળથી અસરગ્રસ્ત અસહાય વર્ગ સુધી સરકારનાં રાહત કાર્યોને પહોંચાડવા અને તેનો તેમને લાભ મળે તે જોવું.

આ કામને આગળ વધારવા માટે કેટલીક પ્રક્રિયાઓ નક્કી કરવામાં આવી. માહિતી એકત્ર કરી તેનું બંધારણ કરી યોગ્ય અભ્યાસો તૈયાર કરવામાં આવ્યા. એ પણ નક્કી કરવામાં આવ્યું કે દર મહિને તા.૨૫ થી ૩૦ દરમ્યાન માહિતીનું સંકલન કરવામાં આવે. ગામમાંથી માહિતી મેળવીને સમુદાય સાથે તેનું વિશ્લેષણ કરી યોગ્ય અભ્યાસો તૈયાર કરવામાં આવ્યા. એ પણ નક્કી કરવામાં આવ્યું કે દર મહિને તા. ૨૫થી ૩૦ દરમ્યાન માહિતીનું સંકલન કરવામાં આવે.

ગામમાંથી માહિતી મેળવીને સમુદાય સાથે તેનું વિશ્લેષણ કરી સમસ્યાઓને ઓળખથી તથા તેમનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો. તમામ માહિતી ભેગી કરી વિશ્લેષણ કરી એક જ સપ્તાહમાં અહેવાલ તૈયાર કરવો તથા જિલ્લા અને રાજ્ય સ્તરના અધિકારીઓને તે માહિતી આપી સમસ્યાઓનો ઉકેલ લાવવાની જવાબદારી 'ઉન્નતિ'એ સ્વીકારી. જાન્યુઆરી-૨૦૧૦થી એ કાર્ય શરૂ કરાયું.

જોધપુર જિલ્લાના ૪ તાલુકાનાં ૪૦ ગામ, બાડમેર જિલ્લાના ૩ તાલુકાનાં ૩૦ ગામ તથા જેસલમેર જિલ્લાના ૨ તાલુકાનાં ૧૫ ગામ મળી કુલ ૮૫ ગામોમાં કામ કરવાનું નક્કી કરાયું હતું. એક તાલુકાનાં ૧૦ ગામોમાં એક-બે કાર્યકર્તાઓને જવાબદારી સોંપવામાં આવી. દેખરેખની પ્રક્રિયા માટે એવાં ગામો પસંદ કરાયાં કે જ્યાં દલિત પરિવારોની વસ્તી વધારે હોય, સવલતો અને સંસાધનોથી વંચિત હોય કે પછી જે ગામોમાં 'દલિત અધિકાર અભિયાન' હેઠળ ગ્રામ સમિતિઓ સક્રિયપણે કામ કરતી હોય. આરંભમાં તમામ ગામોની રાહત કાર્યની માહિતી સરકારી વિભાગો પાસેથી એકત્ર કરાઈ. ગામની માહિતી મેળવવા માટે ગ્રામ સિતિ અને દુકાળથી અસરગ્રસ્ત સમુદાયો સાથે બેઠકો યોજાઈ. સરકારી હુકમો તથા સરકાર પાસેથી મેળવાયેલી માહિતી લોકો સમક્ષ મૂકવામાં આવી અને રાહતની પ્રાપ્યતા અને પ્રાપ્તિ વચ્ચેનો તફાવત અને વંચિતતાને ઓળખવામાં આવ્યાં.

માહિતી સાચી છે કે નહિ તે ચકાસવા માટે અસહાય પરિવારો સાથે સતત સંપર્ક રખાયો. તેમના રેશન કાર્ડ, જોબ કાર્ડ, પેન્શન ડાયરી જેવા જરૂરી દસ્તાવેજો તૈયાર રખાયા. કોઈ પરિવાર પાણી ક્યાંથી મેળવે છે, પાણી મેળવવાનું સ્થળ કેટલું દૂર છે, કેટલું પાણી મળી રહ્યું છે. પાણીની ગુણવત્તા કેવી છે, પાણીના સ્રોત પર ભેદભાવ થાય છે કે નહિ વગેરે બાબતો ઉપરક દેખરેખની પ્રક્રિયાનો હિસ્સો હતી. આ માહિતીને આધારે જે સમસ્યાઓ નજરે પડે તેમના ઉકેલ માટે હિમાયત કરવાનું નક્કી કરાયું.

### રાહત કાર્યો પર દેખરેખ

૧. નરેગામાં ૧૦૦ દિવસવની રોજગારી મેળવનારા પરિવારોને દર મહિને વધુ ૧૦ દિવસની રોજગારી મળે અને જેમના ૧૦૦ દિવસ પૂરા થયા નથી તેમના તે પૂરા થાય તે જોવાયું. સમયસર વેતન મળે, કામના સ્થળે છાંયડો, પાણી અને બાળકોની સારસંભાળની વ્યવસ્થા હોય એ જોવાયું.

૨. પાણીની વહેંચણી માટે જે સ્થળોની પસંદગી કરાઈ ત્યાં અસહાય પરિવારો પહોંચી શકે તેમ છે કે નહિ તે જોવાયું. સરકારના માપદંડ અનુસાર જો ૧.૬ કિ.મી.ના વિસ્તારમાં પીવાના પાણીનું કોઈ સ્રોત ના હોય તો ત્યાં પાણીનું વિતરણ કરવું જોઈએ. ઉપરાંત, સમયસર પાણી મળે છે કે નહિ, ભેદભાવ રખાય છે કે નહિ, પાણીની ગુણવત્તા વગેરે અંગેની સમસ્યાઓનો ઉકેલ લવાયો.

૩. ગામમાં અસહાય પરિવારો ઓળખી કાઢવા અને સરકારી યાદી સાથે તેની મેળવણી કરીને રહી ગયેલા પરિવારોને તેમાં સમાવવા પ્રયાસ કરવો. સરકાર દ્વારા નક્કી કરાયેલી રકમ સમયસર પૂરેપૂરી મળે છે કે નહિ તે જોવું. એમાં કંઈ સમસ્યા હોય તો ઉકેલ લાવવો.

૪. બીપીએલ, અંત્યોદય અને અન્નપૂર્ણા યોજના માટે નક્કી કરાયેલા પરિવારોને દર મહિને નિર્ધારિત જથ્થામાં નિર્ધારિત ભાવે અનાજ મળે તે જોવું. આંગણવાડીમાં અસહાય પરિવારોનાં બાળકો, સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ તથા કિશોરીઓ જોડાય તે જેવું. મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ દરરજો નિર્ધારિત ભોજન

પૂરતી માત્રામાં ભેદભાવ વિના મળે તે જોવું.

૫. સરકાર દ્વારા જરૂરિયાત અનુસાર ઘાસચારાનો ડેપો શરૂ કરાય અને પશુ શિબિર યોજાય તેની જાહેરાત કરાઈ હતી. તે મુજબ તે થાય છે કે નહિ અને તેનો ઉપયોગ થાય છે કે નહિ તે જોવાયું.
૬. ખાસ કરીને વિધવાઓ, વૃદ્ધો અને વિકલાંગોને પેન્શન સમયસર મળે તે જોવું. સામાન્ય રીતે ગામડાંમાં તે ૪ કે ૬ માસનું પેન્શન એકસાથે અપાય છે.

દુકાળ રાહતનાં કાર્યો પર દેખરેખ અને પગલાંનો કાર્યક્રમ છ માસ માટે શરૂ કરાયો હતો પણ તેમાં અનેક સમસ્યાઓ રહી અને ઘણા પદાર્થપાઠ શીખવા મળ્યા. સરકારી કર્મચારીઓનો વિધાયક સહયોગ પ્રાપ્ત ના થાય એ મોટી સમસ્યા હતી. પરંતુ કેટલીક સફળતા પણ મળી.

## પરિણામ

### ૧. પાણીનું વિતરણ

ત્રણ જિલ્લાનાં ૮૫ ગામોમાં સરકાર દ્વારા ૧૬૯ સ્થળોએ પાણીનું વિતરણ કરાયું હતું. છ મહિનામાં કુલ ૧,૪૮૦ ટેન્કર પાણીનું વિતરણ કરાયું. એમાંથી ૫૭૪ ટેન્કરનું વિતરણ દેખરેખથી પ્રક્રિયાને કારણે શક્ય બન્યું હતું કે જેનો લાભ વંચિત સમુદાયોને પ્રાપ્ત થયો હતો. કેટલાંક ગામોમાં સરકારની પીવાના પાણીની યોજનાનો અમલ થતો હતો. પરંતુ પાણી પુરવઠો નિયમિત નહોતો. એવાં ૨૯ સ્રોતોએ પુરવઠો શરૂ થયો. પાણી સાથે સંબંધિત એવી પણ કેટલીક સમસ્યાઓ હતી કે જેમનો ઉકેલ સમુદાયે ગામ સ્તરે જ કર્યો. કેટલીક જગ્યાઓએ નિર્ધારિત પ્રમાણ કરતાં ઓછો પુરવઠો હતો અને કેટલીક જગ્યાઓએ પાણી ખારું હતું. સમુદાયે જ આ સમસ્યાઓ ઉઠાવી અને તેમનો ઉકેલ આણ્યો.

### ૨. રોજગારી

મનરેગામાં તાલુકા સ્તરે ૧૦૦ દિવસની રોજગારી મેળવનારા પરિવારોની માહિતી ભેગી કરાઈ અને એ ગામોમાં કામો ચાલુ છે કે બંધ તેની માહિતી પણ ભેગી કરાઈ. ઘણાં ગામોમાં કામ બંધ હતું અથવા ૧૦૦ દિવસ પૂરા ના થયા હોય એવા પરિવારોને પણ રોજગારી મળતી નહોતી. સમુદાયને જાગૃત કરાયો અને કામની માગણી માટે ૪,૧૦૮ અરજીઓ કરાઈ. તેને પરિણામે સરકારે કામ શરૂ કરવું પડ્યું. કામના સ્થળે છાંયડો, પીવાનું પાણી, બાળકોની દેખભાળની વ્યવસ્થા તથા પ્રાથમિક સારવારની વ્યવસ્થા જેવા મુદ્દાઓ ૩૪ ગામોમાં ઉઠાવાયા અને તેમનો ઉકેલ લવાયો. ૯૭ કામોમાં વેતનની ચુકવણી ૩-૪ મહિનાથી થઈ નહોતી અને એ પણ કરાવાઈ.

### ૩. ઘાસચારો

૮૫ ગામોમાં સરકાર દ્વારા ઘાસચારાના ૩૦ ડેપો ખોલવા માટે સૂચનાઓ અપાઈ હતી. તેમાંથી ૨૧ સ્થળો પસંદ કરાયાં હતાં પણ ત્યાં ડેપો ખોલવામાં આવ્યા નહોતા. આ ૨૧ સ્થળોએ ડેપો ખોલાવવાનું અને તેમનું સંચાલન કરવાનું કામ પછી શક્ય બન્યું. અને તેને પરિણામે ખુલ્લા બજારમાં પણ ઘાસચારાના ભાવો દબાયા.

### ૪. સામાજિક સુરક્ષા

૮૫ ગામોમાં કુલ ૩,૧૨૫ બીપીએલ પરિવારો હતા. તેમને રેશનિંગની દુકાનોએથી દર મહિને રૂ. ૪.૬૦ના ભાવે ૩૫ કિ. ગ્રા. ઘઉં આપવામાં આવતા હતા. ૧૨૪૬ પરિવારોનો સમાવેશ અંત્યોદય યોજનામાં થયો હતો. તેમને રૂ. ૨ના ભાવે દર મહિને ૩૫ કિ. ગ્રા. ઘઉં આપવામાં આવતા હતા. ૪૩૬ પરિવારોનો સમાવેશ અન્નપૂર્ણા યોજનામાં થયો હતો અને તેમને દર મહિને ૧૦ કિ. ગ્રા. ઘઉં મફત આપવામાં આવતા હતા.

આ કાર્યક્રમ હેઠળ ૮૫ ગામોમાં સસ્તા અનાજની દુકાનો પર દેખરેખ રાખવામાં આવી. સમુદાય પાસેથી માહિતી મેળવાઈ, અસહાય પરિવારોમાંથી રેશન કાર્ડ દર મહિને જોવાયાં, નિર્ધારિત ભાવે નિર્ધારિત પ્રમાણમાં તેમને અનાજ મળે છે કે નહિ તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. જ્યાં પણ સમસ્યા જણાઈ ત્યાં દુકાનદારને મળીને ઉકેલ લવાયો અને જો ત્યાં પ્રશ્ન પાયો ન હોય તો ઉપલા સ્તરે રજૂઆત કરાઈ. દર મહિને અનાજ ન મળવું, પૂરતું અનાજ ન મળવું, નિર્ધારિત ભાવ કરતાં વધારે ભાવ લેવાવા વગેરે મુખ્ય સમસ્યાઓ હતી. તેમનો ગામ સ્તરે જ ઉકેલ લવાયો. કેટલાંક ગામોમાં તો દુકાનદારે લીધેલા વધારે ભાવની રકમ પાછી આપવી પડી.

આંગણવાડીઓમાં સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પોષક આહારનું વિતરણ કરવા માટે બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ તથા કિશોરીઓની સંખ્યા નક્કી હોય છે. બે વર્ષની વય સુધીનાં ૪૦ બાળકો, બેથી પાંચ વર્ષની વયનાં ૪૦ બાળકો, ૯ ધાત્રી માતાઓ, ૯ સગર્ભા સ્ત્રીઓ અને બે કિશોરીઓ એમ સંખ્યા નિશ્ચિત હોય છે. વિભાગનો આદેશ છે કે આંગણવાડી ધરાવતા વિસ્તારમાં કુપોષણથી પીડિત કે શારીરિક રીતે અશક્ત લોકોને ઓળખી કાઢવા અને તેમને પોષક આહાર આપવો. બાકીના જેઓ ઉપરોક્ત માપદંડો અનુસાર નથી તેમને આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે નોંધણી કરવાનો પણ હુકમ કરાયો હતો. અનુભવ એવો છે કે આંગણવાડીમાં અપોષણથી પીડિત બાળકો અને મહિલાઓને સાંકળવાને બદલે કાર્યકર્તાઓ પોતાની મરજી મુજબ લાભાર્થીઓ નક્કી કરી નાખે છે.

## દુકાળ રાહત દેખરેખ કાર્યક્રમ હેઠળ થયેલાં કાર્યો

(જાન્યુઆરીથી જુન-૨૦૧૦)

કુલ વસ્તીઃ ૧,૩૩,૯૪૮, મહિલાઓઃ ૬૫,૭૧૦, પુરુષોઃ ૬૮,૨૪૫. પરિવારોઃ ૨૪,૧૬૫

| | પીવાનું પાણી | | | | | એનઆરઈજીએ | | | | | | ઘાસચારો | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | હયાત સ્રોત | કુલ ટેંકરો | પ્રયાસનું પરિણામ | કુલ લાભાર્થી પરિવાર | અન્ય સ્રોતો માટે પ્રયાસ | જોબ કાર્ડ | અરજીઓ | સવલતો માટે પ્રયાસ | નવા કામોનો સ્વીકાર | ચૂકવણી માટેના પ્રયાસો | કામથી વંચિત | ડેપો | પ્રયાસોનું પરિણામ | લાભાર્થી પરિવારો | વંચિત પરિવારો | બીપીએલ | અંત્યોદય |
| **પોખરણ** | ૨૭ | ૧૧૧ | ૧૧૧ | ૫૪૨ | ૩ | ૧૭૫૯ | ૬૯૨ | ૧૩ | ૬ | ૧૦ | ૧૦ | ૧૦ | ૦ | ૯૮૭ | ૫૮ | ૨૯૩ | ૧૮૦ |
| **સિણધરી** | ૧૮ | ૨૦૫ | ૩૧ | ૪૮૬ | ૪ | ૨૬૫૬ | ૨૨૨ | ૦ | ૫ | ૧(૭૬૦૦) | ૧૦૮૫ | ૪ | ૨ | ૧૦૬૦ | ૪૧૦ | ૫૨૨ | ૧૫૧ |
| **સિવાના** | ૨૨ | ૫૩૧ | ૨૩૬ | ૧૦૨૧ | ૦ | ૩૮૨૬ | ૧૪૨૧ | ૪ | ૦ | ૭ | ૦ | ૬ | ૨ | ૪૪૮ | ૦ | ૩૨૮ | ૨૦૧ |
| **મંડોર** | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧૪૫ | ૬૨૯ | ૩ | ૩ | ૬૪ | ૦ | ૩ | ૨ | ૩૧૪૫ | ૦ | ૨૦૯ | ૧૨૩ |
| **ફલૌદી** | ૨૫ | ૦ | ૦ | ૧૯૯૫ | ૧૦ | ૧૬૬૫ | ૭૩૫ | ૯ | ૧૮ | ૬ | ૦ | ૭ | ૭ | ૧૦૯૦ | ૦ | ૫૫૦ | ૧૪૯ |
| **કલ્યાણપુર** | ૨૨ | ૧૫૪ | ૪૫ | ૧૨૦૫ | ૬ | ૪૧૨૫ | ૧૫૪ | ૧ | ૩ | ૧ | ૦ | ૬ | ૫ | ૧૨૦૯ | ૦ | ૩૫૫ | ૧૨૨ |
| **જેસલમેર** | ૧૦ | ૧૨૦ | ૨૪ | ૫૨૦ | ૦ | ૧૧૨૧ | ૪૪ | ૨ | ૫ | ૨ | ૦ | ૧ | ૦ | ૬૮૨ | ૦ | ૧૮૨ | ૧૨૯ |
| **શેરગઢ** | ૨૪ | ૧૬૫ | ૫૪ | ૧૪૦૨ | ૫ | ૧૨૧૩ | ૧૬૫ | ૧ | ૬ | ૬ | ૧૨ | ૮ | ૧ | ૧૨૧૩ | ૦ | ૩૮૧ | ૫૭ |
| **ગોપાલગઢ** | ૨૧ | ૧૯૪ | ૭૩ | ૧૨૯૮ | ૧ | ૭૩૪૪ | ૪૬ | ૧ | ૧૦ | ૧ | ૦ | ૬ | ૨ | ૭૩૪૪ | ૦ | ૩૦૫ | ૧૩૪ |
| **કુલ** | **૧૬૯** | **૧૪૮૦** | **૫૭૪** | **૮૪૬૯** | **૨૯** | **૨૬૮૫૪** | **૪૧૦૮** | **૩૪** | **૫૬** | **૯૭** | **૧૦૯૭** | **૫૧** | **૨૧** | **૧૭૧૭૮** | **૪૬૮** | **૩૧૨૫** | **૧૨૪૬** |

આ કાર્યક્રમ હેઠળ અસહાય પરિવારોની નોંધણી આંગણવાડી કેન્દ્રોમાં થાય એ જોવામાં આવ્યું. છ માસ દરમ્યાન ૮૨ સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રી માતાઓ તથા ૩૦૯ બાળકોને આંગણવાડીઓ સાથે જોડવામાં આવ્યાં અને તેમને પોષક આહાર મળે તેના ઉપર ધ્યાન અપાયું.

દુકાળ રાહતમાં આ વખતે સરકાર દ્વારા અસહાય પરિવારોની પસંદગી કરીને તે દરેકને પુખ્ત વયની વ્યક્તિ દીઠ માસિક રૂ. ૬૦૦ અને સગીર વયની વ્યક્તિને માસિક રૂ. ૩૦૦ ભરણપોષણ માટે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. વૃદ્ધો, બીમાર અને વિકલાંગ તથા અસહાય પરિવારોનો સમાવેશ તેમાં કરાયો હતો. ૮૫ ગામોમાં સરકાર દ્વારા આ માટે ૬૨૯ અસહાય પરિવારો પસંદ કરાયા હતા. દેખરેખ કાર્યક્રમ અન્વયે બીજા ૬૦ અસહાય પરિવારોનો સમાવેશ એ યાદીમાં કરાવાયો અને કુલ ૬૮૦ પરિવારોને રૂ. ૨૦,૨૨,૮૦૦ની રકમ મળે તે જોવાયું. કેટલાંક ગામોમાં પટવારી દ્વારા લાભાર્થીઓને નિશ્ચિત રકમ કરતાં ઓછી રકમ અપાઈ હતી. એવા કિસ્સા પકડાયા અને પટવારીનો સંપર્ક કરીને તેમને બાકીની રકમ અપાવાઈ હતી.

### પદાર્થપાઠ

દુકાળ રાહત કાર્યો ઉપર દેખરેખ રાખવાનું કાર્ય જેટલું સરળ દેખાય છે એટલું સરળ નથી. અનેક જોગવાઈઓ, માપદંડો, પ્રક્રિયાઓ અને હુકમોની જાણકારી ન હોવી, સમયસર માહિતી ન મળવી અને ગામ અને તાલુકા સ્તરના અધિકારીઓ તથા કર્મચારીઓનો હકારાત્મક સહયોગ ન મળવો જેવી અનેક સમસ્યાઓ આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન જણાઈ આવી.

દુકાળ રાહત કાર્ય ઉપર દેખરેખના કાર્યક્રમ હેઠળ જાણકારી ભેગી કરવા, વિશ્લેષણ કરવા, જિલ્લા સ્તરે માહિતી કોમ્પ્યુટરાઈઝ્ડ કરવી, વિશ્લેષણ અને અહેવાલ સરકારી અધિકારીઓને સુપરત કરવાં વગેરે આવશ્યક હોય છે. કઈ માહિતી મેળવવી, કયાં પત્રકો હોવાં જોઈએ કે જેમનું સંખ્યાત્મક અને ગુણાત્મક બંને પ્રકારનું વિશ્લેષણ થઈ શકે, સમયસર માહિતી આવવી, તેનું સંકલન સાધવું અને વિશ્લેષણ કરીને અહેવાલ તૈયાર કરવો વગેરે જેવી પૂર્વતૈયારી પણ જરૂરી છે.

## દુકાળ રાહત દેખરેખ કાર્યક્રમ હેઠળ થયેલાં કાર્યો

(જાન્યુઆરીથી જુન-૨૦૧૦)

કુલ વસ્તીઃ ૧,૩૩,૯૪૮, મહિલાઓઃ ૬૫,૭૧૦, પુરુષોઃ ૬૮,૨૪૫. પરિવારોઃ ૨૪,૧૬૫

| અસહાયોને સહાય | | | | મધ્યાહ્ન ભોજન | | | આંગણવાડી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અન્નપૂર્ણા | અસહાય પરિવારો (સરકાર) | પ્રયાસોનું પરિણામ | વંચિત | લાભાર્થી બાળકો | ગુણવત્તા | સમસ્યા | કુલ | નોંધાયેલાં બાળકો | નોંધાયેલી મહિલાઓ | પ્રયાસોનું પરિણામ-મહિલાઓ | પ્રયાસોનું પરિણામ-બાળકો |
| ૭૧ | ૧૭૯ | ૧ | ૧૫૪ | ૧૫ | ૯૦ | ૦ | ૫ | ૩૫૨ | ૯૦ | ૦ | ૦ |
| ૭૦ | ૨૪ | ૩ | ૭૦ | ૧૮ | ૧૦૦ | ૦ | ૧૦ | ૮૨૬ | ૧૮૦ | ૩૯ | ૧૦૪ |
| ૩૦ | ૬૭ | ૨ | ૭ | ૨૭ | ૧૦૦ | ૦ | ૨૨ | ૧૬૮૦ | ૩૯૬ | ૨ | ૪૫ |
| ૬૪ | ૭૮ | ૮ | ૦ | ૧૬ | ૧૦૦ | ૦ | ૧૧ | ૭૮૬ | ૨૩૮ | ૦ | ૦ |
| ૪૪ | ૫૭ | ૦ | ૩૧ | ૨૦ | ૧૦૦ | ૦ | ૬ | ૩૧૫ | ૧૪૬ | ૧૩ | ૧૩ |
| ૪૭ | ૮૯ | ૧૩ | ૧૨ | ૧૦ | ૧૦૦ | ૦ | ૮ | ૩૧૦ | ૧૫૪ | ૧૧ | ૯ |
| ૩૦ | ૧૧ | ૨ | ૧૪ | ૬ | ૧૦૦ | ૦ | ૪ | ૧૨૪ | ૪૪ | ૨ | ૩ |
| ૩૭ | ૮૨ | ૪ | ૧૫ | ૧૭ | ૬૦ | ૦ | ૧૧ | ૪૫૬ | ૨૧૪ | ૧૫ | ૧૨ |
| ૪૩ | ૩૯ | ૨૭ | ૧૭ | ૨૦ | ૧૦૦ | ૦ | ૧૩ | ૮૪૨ | ૨૮૦ | ૦ | ૧૨૩ |
| **૪૩૬** | **૬૨૬** | **૬૦** | **૩૨૦** | **૧૪૯** | **૮૫૦** | **૦** | **૯૦** | **૫૬૯૧** | **૧૭૪૨** | **૮૨** | **૩૦૯** |

આ કાર્યક્રમમાં પ્રત્યક્ષ કાર્યને પણ જોડવામાં આવ્યું. તેથી અનેક પ્રશ્નોનો ઉકેલ ગામ સ્તરે જ થયો અને ગ્રામ વિકાસ સમિતિઓએ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. તેથી સમુદાયને અનેક પ્રકારની માહિતી મળી અને તેમને હિમાયત કરવાની પણ ખબર પડી. નીચેનાં ક્ષેત્રોમાં સમુદાયની દેખરેખ વધી અને સાથે સાથે પ્રશ્નોનો ઉકેલ લાવવાની ક્ષમતા પણ વધીઃ

૧. નરેગાની જોગવાઈઓ અને પ્રક્રિયા.
૨. સરકારી વિભાગોની જાણકારી કે જેથી દુકાળ દરમ્યાન પાણી, રોજગારી અને ઘાસચારાના સંદર્ભે દેખરેખ થઈ શકે.
૩. જાહેર વિતરણ વ્યવસ્થાની જોગવાઈઓ અને પ્રક્રિયાઓ.
૪. આંગણવાડીનાં બાળકો અને મહિલાઓનાં આરગ્ય અને પોષણ વિશેની જાણકારી.

આ કાર્યક્રમથી ગામોમાં એવું વાતાવરણ ઊભું થયું કે જેથી ગામ સ્તરના સેવાદાતાઓ સક્રિય અને સતર્ક થઈ ગયા. બેઠકોમાં રાહત કાર્યોનું વિશ્લેષણ કરાયું અને સમુદાયને રાહત કાર્યો વિશે માહિતી મળી. સમુદાય પોતે સવાલો ઊભા કરતો થયો, ઉચ્ચ અધિકારીઓને પત્રો લખીને રજૂઆતો કરતો થયો. તેનાથી અધિકારીઓને પણ એમ થયું કે તેમની મનમાની નહિ ચાલે. સૌથી મહત્ત્વની વાત એ હતી કે ગ્રામીણ સમિતિઓએ અસહાય પરિવારોને ધ્યાનમાં રાખીને હિમાયત કરી અને એ રજૂઆતોનો ઈન્કાર કરવાનું સરકારી કર્મચારીઓ કે અધિકારીઓ માટે લગભગ અશક્ય બની ગયું. સમિતિઓના સભ્યોને અસહાય પરિવારોની સમસ્યાઓને સમજવાની તક મળી અને તેમના પ્રત્યે તેમની સંવદેનશીલતા વધી.

પંચાયતની ચૂંટણીને કારણે ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી મોટા ભાગના લોકોનું ધ્યાન ચૂંટણી તરફ જ હતું. ચારે તરફ પાણીની અછતની ભારે કટોકટી હતી તેમ છતાં ગામોમાંથી એ સવાલ ઉપરસી આવતો નહોતો. આ ખરા મુદ્દા ઉપસાવનારા રાજકીય પક્ષોના નેતાઓ પણ ચૂંટણીમાં વ્યસ્ત હતા. તેવા સમયે સરકારનું રાહત કાર્ય બરાબર ચાલે અને અસહાય પરિવારોને ટેકો મળે તે માટેનું કાર્ય ગામ સ્તરની સમિતિઓએ કર્યું.

# વિકાસલક્ષી યોજનાઓ અને આપત્તિ નિવારણ વચ્ચે સંકલન

આપત્તિ વ્યવસ્થાપન વિકાસની પ્રક્રિયાનો ભાગ બનવું જોઈએ એ બાબત આપત્તિ નિવારણના નવા અભિગમનો મુખ્ય હિસ્સો છે. આ લેખમાં 'ઉન્નતિ'ના **શ્રી ભાનુભાઈ મિસ્ત્રી** વિકાસલક્ષી યોજનાઓ અને આપત્તિ નિવારણ વચ્ચે સંકલન કેવી રીતે ઊભું કરવું તે સમજાવે છે. વિવિધ હિતધારકોની અપેક્ષાઓ તથા તેમની સામેલગીરીથી ઊભાં થતાં પરિણામોનું આકલન કરીને આપત્તિ નિવારણની વ્યૂહરચના ઘડવી જોઈએ એ બાબત ઉપર આ લેખમાં ભાર મૂકવામાં આવ્યો છે.

### પ્રસ્તાવના

વિકાસ યોજનાનું ઘડતર એટલે કે માત્ર ને માત્ર પ્રગતિ એવું જ નથી. વિકાસ યોજનાઓના અમલ દરમ્યાન પણ 'જોખમ' સંભવી શકે છે જે આપણી પ્રગતિમાં બાધક બની શકે છે. આમ વિકાસ યોજનાઓનો અમલ કઈ રીતે થાય છે તે બાબત જોખમનાં સંદર્ભે અગત્યની બની જાય છે. લાંબા સમય સુધી ટકી શકે તેવા વિકાસની વાત કરતી વેળા ત્રણ વાતોને સાંકળવી પડશે: સામાજિક-આર્થિક વિકાસ, પર્યાવરણીય સુરક્ષા-સમતોલન અને આપદા નિવારણ.

વિકાસલક્ષી કામોનું મૂલ્યાંકન કરતી વખતે એ ખાસ સમજવું રહ્યું કે આપણે સામાજિક સમાનતા અને આર્થિક ક્ષમતા કે ગરીબી નિવારણ ને કેટલે સુધી પહોંચી શક્યા છીએ - વિકાસ કાર્યના અમલ દરમ્યાન પર્યાવરણને તો કોઈ હાનિ પહોંચી નથી ને, તેની સાથે સાથે વિકાસ યોજનાઓને કારણે જો કોઈ જોખમ ઊભા થતા હોય તો તેને કેવી રીતે ઓછી થઈ શકે તેનો ખ્યાલ કરવો રહ્યો. વિકાસ યોજનાઓ એટલે "જોખમ શૂન્ય" યોજનાઓ એવું નથી. વિકાસ યોજનાઓનો સંભાળપૂર્વક અને સાવચેતીપૂર્વકનાં અમલમાં જ આપત્તિ નિવારણની વિભાવનાની શરૂઆત થઈ શકે છે.

વિકાસલક્ષી યોજનાના આયોજનમાં અને મૂલ્યાંકનમાં આપત્તિ નિવારણની વાતને પ્રાધાન્ય આપવા માટે, હકારાત્મક રાજકીય ઈચ્છા શક્તિ, અર્વાચીન વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ, લોકોનાં સહકાર, સંકલન, આપદા પ્રત્યે સંવેદનશીલ આયોજન અને અમલ, આપદા સામે જરૂરી પૂર્વતૈયારી, માનવીય અધિકારો અને લિંગભેદ જેવી બાબતોને પણ સાંકળવી અને મૂલવવી પડશે. વિકાસનાં તમામ આયોજનોમાં આપદા નિવારણની વાત અગત્યની બનવી જોઈએ. કોઈ પણ વિકાસ યોજના કેટલે અંશે જોખમ ઘટાડવામાં મદદ કરે છે એટલું જ જોવાં કરતાં આ કાર્યક્રમના અમલથી ભવિષ્યમાં કોઈ જોખમ તો ઊભું થતું નથી તે ખાસ જોવું રહેવું.

### જોખમનું નિવારણ

આપદાથી ઊભા થતા જોખમને ઓછું કરવા નીચેની બાબતો અગત્યની બને છે:

(૧) જોખમની ઓળખ: વિકાસની અયોગ્ય પદ્ધતિઓ જોખમની સંભાવનાઓ વધારે છે. તેથી એ સૌથી અગત્યનું બને છે કે વિકાસની કોઈ યોજના સાથે જોખમ જોડાયેલું છે કે નહીં! કેમ કે ઘણી વાર જમીનની અછતને કારણે વિકાસ યોજનાઓ એવા સ્થળે બનાવવામાં આવે જ્યાં નજીકમાં વસતા સમુદાય માટે કાયમી જોખમ ઊભું થઈ શકે છે.

(૨) પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરતી વખતે જ જોખમની શક્યતાઓની ઓળખ કરવામાં આવી હોય. તે અંગે જરૂરી તંત્રવિજ્ઞાનની ઓળખ કરવામાં આવે. નાણાકીય ફાળવણી કરવામાં આવે તથા સંસ્થાગત માળખાં ઊભાં કરવામાં આવે. આમ સંભવિત જોખમ સામે તર્કબદ્ધ આયોજન કરેલું હોય.

(૩) વિવિધ યોજનાઓને સંકલિત સ્વરૂપમાં જોવું - ઉદાહરણ તરીકે સ્વચ્છતા કે સફાઈની યોજનાની વાત કરતી વખતે પાણી પહોંચાડવાની યોજનાની વાત કરવી જ પડે કારણ કે બંને એકબીજા સાથે જોડાયેલા છે અને એક યોજના પૂર્ણ કરવા બીજાની જરૂર અવશ્ય રહેવાની.

(૪) જોખમ ઘટાડવાના વિષયના અનુસંધાને લોકજાગૃતિ ઊભી કરવા શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવું તથા તાલીમ દ્વારા ક્ષમતા વર્ધન કરવું એ પણ અગત્યનું અંગ છે.

### વિકાસલક્ષી આયોજન અને આપત્તિ વ્યવસ્થાપન વચ્ચે સમન્વય

૨૦૦૬ના ઓગસ્ટમાં દિલ્લી ખાતેના સાર્ક દેશોના સંમેલનમાં સધાયેલી સંમતિ અનુસાર આપત્તિ જોખમ ઘટાડવા અંગે કેટલીક રણનીતિઓ વિચારવામાં આવેલી.

(૧) મોટી વિકાસલક્ષી યોજનાઓ (જેવી કે બંધ, મોટા રસ્તા)ના આયોજન વખતે સંભવિત જોખમનો અંદાજ કાઢવા જરૂરી ટુલ્સ અને પદ્ધતિઓ વિકસાવવાં.

(૨) આપત્તિનું જોખમ ઘટાડવા માટે વિકેન્દ્રિત વ્યવસ્થાઓને પ્રોત્સાહિત કરવી કે જેમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને યોજનાના ઘડતર માટે સામેલ કરવી અને આ મુદ્દે કામ કરવા માટે સક્ષમ બનાવવી. દસમી પંચવર્ષીય યોજના (૨૦૦૨-૦૭)માં દરેક રાજ્યોને સૂચના કરવામાં આવે કે વિકાસ યોજનાના ઘડતર વખતે નીચેના મુદ્દા ઉપર ખાસ ધ્યાન આપવામાં આવેઃ
   (૧) મકાન બાંધકામના નિયમોની સમીક્ષા કરવી.
   (૨) આપત્તિ સામે રક્ષણ, બચાવની વાતને સરકારી યોજનામાં વણી લેવી જોઈએ. જેમ કે મકાન બાંધકામની યોજનામાં સુરક્ષિતતાને કેન્દ્રમાં રાખી માર્ગદર્શક સિદ્ધાંતો ઘડવામાં આવ્યા છે.
   (૩) આપત્તિ વ્યવસ્થાપન શાળાના અભ્યાસક્રમમાં એક શૈક્ષણિક વિષય તરીકે સામેલ કરવો.
   (૪) આપત્તિ વ્યવસ્થાપનના ઉદ્દેશની પંચવર્ષીય યોજનામાં સામેલ કરીને નાણાકીય ફાળવણી (પૂર નિયંત્રણ, રણવિકાસ, પાણી સંગ્રહ-સંચય, રોજગારી વિકાસ જેવા કાર્યક્રમોનો આ પંચવર્ષીય યોજનામાં સમાવેશ કરવો).

આ ઉપરાંત, ૨૦૦૫માં રાષ્ટ્રીય આપદા નિવારણ ધારાને પણ સંસદમાં મંજૂરી આપવામાં આવેલી કે જેનો ૨૦૦૭થી અમલ કરવામાં આવ્યો છે.. આ ધારા હેઠળ દરેક રાજ્ય દ્વારા

- આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની રચના કરવામાં આવે છે.
- દેશનાં ૬૧૨ જિલ્લામાં જિલ્લા કક્ષાના આપત્તિ વ્યવસ્થાપન એજન્સીની નિમણૂક કરવામાં આવે.
- સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ પંચાયત, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ દ્વારા રાહત, પુનર્વસન અને આપદા નિવારણનાં કામો હાથ ધરવામાં આવે.
- રાજ્ય અને કેન્દ્ર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન યોજના ઘડવામાં આવે અને તેને વિકાસની નિરંતર રીતે ચાલતી યોજનાઓ સાથે જોડવામાં આવે.

તદ્દુપરાંત ગ્લોબલ વોર્મિંગ કે 'ક્લાઈમેટ ચેન્જ'ના મુદ્દે ૨૦૦૮ ઓગસ્ટમાં સંમત થયેલા મુદ્દાઓ ઉપર પણ કાર્યવાહી કરવા સંમતિ દર્શાવી છે. કેન્દ્ર પણ દર વર્ષે ખૂબ મોટા પ્રમાણમાં વિકાસ યોજનાની જાહેરાત કરે છે તથા તેના અમલ માટે સંસાધનોની ફાળવણી કરે છે. આમ, આ યોજનાઓને માધ્યમ બનાવી નિસહાયતા તેમ જ આપદાનું સંભવિત જોખમ ઓછું કરવા ઉપયોગમાં લઈ શકાય, અલબત્ત તે માટે જરૂરી માળખાંઓ ઊભાં કરવાં પડશે અને તેને વ્યાવહારિક બનાવવા જરૂરી પગલાં લેવાં પડશે.

આગળ વાત થઈ તેમ વિકાસ યોજનાઓનો મૂળભૂત હેતુ સામાજિક-આર્થિક વિકાસ છે. તેમાં સમાજના છેવાડેના માણસ સુધી તેનો લાભ પહોંચાડવાનો ઉદ્દેશ છે. અર્થાત્ કે આ યોજનાઓનો અમલ એ રીતે થાય અથવા થવો જોઈએ કે જેથી નિસહાયતા ઘટે - અર્થાત્ કે સમુદાય સક્ષમ બને કે જેથી આપત્તિનાં સંભવિત જોખમો સામે ટકી શકે.

## રાષ્ટ્રીય યોજનાઓમાં આપત્તિ નિવારણનો સમન્વય

વિવિધ રાષ્ટ્રીય યોજનાઓ સાથે આપદા નિવારણનો સમન્વય કેવી રીતે સાધી શકાય તેના સૂચનો અહીં આપવામાં આવ્યાં છેઃ

**(૧) આવાસ**

- સ્થાનિક પરિસ્થિતિ અને આપદાનાં સંદર્ભે મકાનોની સુરક્ષિતતા માટે માપદંડો ઘડવા.
- મકાન બાંધકામ માટે એવી જગ્યા-જમીનની ફાળવણી કરવી કે જે આપદાગ્રસ્ત વિસ્તારમાં ન હોય.
- વિસ્તાર દીઠ ખાસ પ્રકારના બિલ્ડીંગ કોડની રચના કરવી.
- મકાન બાંધકામને તેમ જ જમીન ફાળવણીને લગતાં ચુસ્ત ધારાધોરણો ઘડવાં.
- સાર્વજનિક સુવિધા જેવા કે, પીવાનું પાણી, વીજળી, સફાઈ, ગટરવ્યવસ્થા યોગ્ય માત્રામાં પૂરાં પાડવાં.
- બાંધકામની ગુણવત્તામાં કોઈ સમાધાન કર્યા વગર એવી બાંધકામ સામગ્રીને પ્રોત્સાહિત કરવી કે જે પર્યાવરણીય સુરક્ષામાં ઉપયોગી હોય.
- ઘન કચરાના નિકાલ, વરસાદી પાણી નિકાલ વગેરેનું આયોજન કરવું.

**(૨) ખેતી અને જળસંચય વિકાસ**

- આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા પાકનું આયોજન.
- ખેડૂતો સાથે પાક વીમાનું જોડાણ.
- પ્રોજેક્ટના આયોજનમાં ક્લાઈમેટ ચેન્જને સ્પર્શતી કામગીરી- જેમ કે સજીવ ખેતી, ઓછું પાણી વાપરતા પાકની જાતો વિકસાવવી વગેરે.
- ખેતીમાં પાણી વપરાશ માટે નિયંત્રણો લાગુ કરવાં.
- દરિયાકાંઠેના વિસ્તારમાં પર્યાવરણીય સમતોલન જળવાય તે માટેનું આયોજન.
- યોજનાઓ તૈયાર કરતી વેળા ભૂસ્તરીય જળ, સંસાધનોનો પૂરતો ખ્યાલ કરવામાં આવે.

## આપત્તિ નિવારણની વ્યૂહરચનામાં વિવિધ હિતધારકોની અપેક્ષાઓ

| હિતધારકો | અપેક્ષાઓ | સંભવિત પરિણામો |
|---|---|---|
| (અ) સરકારી વિભાગો | યોજનાઓનું પરસ્પર જોડાણ થઈ શકે તેવી પદ્ધતિઓ વિકસાવવી. | યોજનાઓના સંકલનથી આપત્તિ સામે રક્ષણની શક્યતાઓ વધશે. |
| (બ) સ્વયંસેવી સંગઠનો | સ્વયંસેવી સંસ્થાઓ એકબીજા સાથે સંકલન કરે, લોકભાગીદારી બળવત્તર કરવા પ્રયાસ કરે, વિચારધારાને પોષે તેવા નમૂના ઊભા કરે. | નબળા વર્ગોની અને હાંસિયામાં ધકેલાયેલા સમૂહની અસહાયતા ઓછી થશે. |
| (ક) સ્થાનિક સમાજ/સમુદાય | પોતાની જરૂરિયાતોને ઓળખવી, આપત્તિ સામે ટકવાની પોતાની આગવી પદ્ધતિઓને બહાર લાવવી, ટકાવવી તેમ જ સરકારી યોજના તેઓ સુધી પહોંચી શકે તે માટેની ક્ષતિઓ ઓળખવી. | જોખમ ઘટાડવા માટેની ક્ષમતાનું વર્ધન થઈ શકશે અને લાંબે ગાળે ભય મુક્ત સમુદાયની રચના થશે. |
| (ડ) સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ | યોજનાનાં જોડાણ માટે જરૂરી નીતિ-નિયમોની રચના કરવી, તેમાં નાણાકીય ફાળવણી અને ક્ષમતાવર્ધનના કાર્યક્રમોનું જોડાણ હોય. | સમુદાયની અસહાયતા દૂર થશે અને કટોકટીની સ્થિતિને પહોંચવા સમુદાય સક્ષમ બનશે. |
| (ઈ) રાજ્ય પ્રેરિત આપત્તિ વ્યવસ્થાપન મંડળો | આપત્તિની અસરોને ઓછી કરે તેવી પ્રણાલીઓનો અન્ય યોજનાઓમાં પણ અમલ થાય તે જોવું. | આપત્તિમાં જોખમ ઘટાડવાની યોજનાઓ પાછળ થતો ખર્ચ ઘટશે. રાજકોષીય ખર્ચ વિવિધ કાર્યો પાછળ થાય છે. તેમાં કાર્યક્ષમતા ઊભી થઈ શકે છે. |
| (ફ) ઉદ્યોગ જૂથ | તાંત્રિક સહાય કરવી, નાણાકીય સહકાર તથા વ્યવસ્થાનો સહયોગ. | ઉદ્યોગ જૂથોની સામાજિક જવાબદારી હેઠળનાં કામો થશે. આપત્તિ જોખમ ઘટાડવા માટે પરવડી શકે તેવા નમૂના-હસ્તક્ષેપ ઊભા થશે. |
| (જી) નિષ્ણાતો / સંશોધન સંસ્થાઓ | નીતિઓમાં માર્ગદર્શન, પેરવીનાં કામોમાં મદદ, શીખ-શિક્ષણને આગળ સુધી લઈ જવાની પદ્ધતિમાં સૂચન અને રજૂ કરવાની પદ્ધતિમાં માર્ગદર્શન. આ માર્ગદર્શન આપત્તિ નિવારણનાં તમામ કાર્યોમાં ઉપયોગી થશે. | શીખનો વ્યાપ વધારી શકીશું અને નીતિ ઉપર સંશોધન થશે. હિમાયતના વિવિધ મુદ્દાઓ ઉપસી આવશે અને તે મુદ્દાઓ વિશે મજબૂત રજૂઆત થઈ શકશે. |

- વધતી જતી ખારાશને રોકવાનું આયોજન.
- ભૌતિક માળખાં ઊભાં કરતી વેળા આપત્તિ સામેની મજબૂતાઈ, સ્થિરતા અંગે ખાતરી.

**(૩) ગ્રામ કક્ષાએ રોજગારી વધારવી**

- કામના સ્થળે સલામતીને પ્રાધાન્ય, નીતિ નિયમોનું ઘડતર.
- પ્રાદેશિક સ્થિતિ અનુસાર આપદા નિવારણનાં કામોને પ્રાથમિકતા.
- પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ વધારવા માટે સ્થાનિક સંસ્થાઓની સામેલગીરી.
- કેટલાક મુદ્દાઓ માટે ખેતીવાડી યુનિવર્સિટી, સંશોધન એકમો સાથે જોડાણ કરવું.
- રોજગાર બાંયધરી કાયદા હેઠળ થતાં કામોને આપદા નિવારણના હેતુ સાથે સાંકળવાં, જોડવાં.
- રાજ્ય અને જિલ્લાના વિભાગોને તાંત્રિક મદદ માર્ગદર્શન પૂરું પાડે તેવી ટીમ આપવી.
- પાણી અને જમીન સંવર્ધન જેવી યોજનાઓનાં અમલ-વિકાસ માટે રાહત દરે ધિરાણ મળે તેવી વ્યવસ્થા કરવી.

**(૪) શહેરી વિકાસ**

- કુદરતી આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં જોખમ ઘટાડવાના હેતુથી સુરક્ષિત આવાસ અને જમીનનાં ઉપયોગ અંગેના નીતિ-નિયમો ઘડવા.
- જમીન વપરાશ અને ખાસ હેતુસરના ઝોનની બનાવતાં પહેલાં આપત્તિના સંભવિત જોખમનો અભ્યાસ હાથ ધરવો.
- ખૂબ મોટી યોજનાઓ જેમ કે ભૂગર્ભ રેલવે, ઝડપી બસ સેવા કે એક્સપ્રેસ રોડની યોજનાઓને અમલી બનાવતાં પહેલાં સ્થાનિક ભૂગર્ભ વ્યવસ્થાને ધ્યાનમાં લેવી.
- ઓછી ઊર્જા વાપરનારા પર્યાયો શહેરી વિકાસ યોજનામાં દાખલ કરવા.
- ઝૂંપડપટ્ટીના લોકો માટે ભયમુક્ત પર્યાયો શોધવા અને રોજગારીની તકોનું નિર્માણ કરવું.

**(૫) આરોગ્ય અને વીમો**

- હોસ્પિટલોની સુરક્ષા તપાસ, સુરક્ષા ઓડિટના કાર્યક્રમો કરવા.
- જોખમના પ્રમાણમાં યોગ્ય વળતર મળે તેવી વીમા સુરક્ષા નીતિને પ્રોત્સાહન.
- સમયસર પૈસાની ચુકવણી-પેશગી.
- વ્યાવસાયિક આરોગ્ય જોખમ માટે રોજગાર આપનાર એકમ દ્વારા જ આરોગ્ય વીમાનું રક્ષણ, સહાય આપવામાં આવે તેવી નીતિ.
- કુદરતી આફતથી થતા નુકસાન માટે વીમા સહાય.
- આરોગ્ય વીમાની યોજના માટે ખાનગી સંસ્થાઓને જોડવી.
- આરોગ્ય સુધારણા માટે પાયાની શૌચ-સફાઈ સુવિધા પૂરી પાડવી.

**(૬) શિક્ષણ**

- પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં મકાનો અને તેની સેવા-સુવિધાઓ આપત્તિ સામે ટકી શકે તેવાં બનાવવાં.
- પાઠ્યક્રમોમાં એવો અભ્યાસક્રમ ઉમેરવો કે જે આપત્તિ સામે જાગૃતિ, તૈયારી અને બચાવ ઉપાયોનું શિક્ષણ આપે.

**(૭) પાણી અને સ્વચ્છતા**

- પાણી સંગ્રહ અને બચાવના કાર્યક્રમો ઘડવા.
- ભૂગર્ભ પાણીનો યોગ્ય ઉપયોગ થાય તે માટે નીતિનિયમો ઘડવા.
- કુટુંબ કક્ષાએ સફાઈ, સ્વચ્છતા કાર્યક્રમો ઘડવા.
- ઘરેલૂ - બિનઉપજાઉ કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ.

**(૮) સ્વશાસન**

- સ્થાનિક કક્ષાએ જોખમની સંભાવનાઓ વખતે સજ્જ અને જવાબદાર બને તેવી લોકોની સામેલગીરી અને ભાગીદારીવાળી શાસન પદ્ધતિ વિકસાવવી.

**(૯) પાણી અને સ્વચ્છતા**

- સામૂહિક તેમ જ વ્યક્તિગત કક્ષાએ પાણી સંગ્રહ અને બચાવના કાર્યક્રમો ઘડવા.
- ભૂગર્ભ પાણીનો યોગ્ય ઉપયોગ થાય તે માટે નીતિ-નિયમો ઘડવા.
- બિન-ઉપજાઉ કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવો.


## ઉપસંહાર

આપત્તિ નિવારણની આ રણનીતિનું અવારનવાર મૂલ્યાંકન પણ કરતાં રહેવું પડશે અને તદ્નુસાર ફેરફારો પણ કરતાં રહેવું પડશે. અસહાયતા નિવારવા માટે સરકાર દ્વારા અનેક વિકાસલક્ષી યોજનાઓ ઘડવામાં આવતી હોય છે. આ યોજનાઓ આપત્તિ દ્વારા થતું નુકસાન વિકાસની પ્રક્રિયાનો ભાગ છે તે બાબતને ધ્યાનમાં રાખીને ઘડાવી જોઈએ. ત્યારે જ વિકાસલક્ષી યોજનાઓ અને આપત્તિ નિવારણ વચ્ચે સંકલનને આડે આવતા પ્રશ્નોને આપણે ઓળખી શકીશું અને આફત મુક્ત સમુદાયની રચના કરી શકીશું. આવો સમાજ વધારે સશક્ત, સ્વતંત્ર અને ન્યાયી હશે.

# સંદર્ભ સાહિત્ય

## હેલ્થ સર્વેલન્સ ઈન પોસ્ટ ડિઝાસ્ટર સીચ્યુએશન

ગુજરાતમાં ૨૦૦૧માં આવેલા ભૂકંપ બાદ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડેવલપમેન્ટ એજ્યુકેશન એન્ડ લર્નિંગ (આઈડિયલ) દ્વારા જાહેર આરોગ્યના ક્ષેત્રે સ્થાનિક સ્તરે ઈજા પામેલા અસરગ્રસ્તોની આરોગ્યની જરૂરિયાતો ઓળખી માહિતી વ્યવસ્થા ઊભી કરવાનું અને તે માહિતી આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડનારાઓને આપવાનું કામ કર્યું હતું. તે અંગેનો એક આ નાનકડો દસ્તાવેજ અંગ્રેજીમાં તૈયાર કરાયો છે.




ભૂકંપમાં ઈજાગ્રસ્ત લોકોની આરોગ્યની જરૂરિયાતો ઓળખી કાઢવા માટે અને આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડનારાઓ સાથે અસરગ્રસ્તોને સાંકળવા માટે સ્થાનિક માહિતી વ્યવસ્થા ઊભી કરવામાં આવી. જેમની આરોગ્યની જરૂરિયાતો પ્રત્યે સામાન્ય રીતે ધ્યાન અપાતું નથી એવા સૌથી અસહાય વર્ગો ઉપર રાહત અને પુનર્વસનમાં સામેલ સંગઠનો અને નેટવર્ક્સ દ્વારા પહોંચવામાં આવ્યું. શ્રી અશોક ભાર્ગવ, ડો. લતા શાહ અને ડો. દિલીપ માવલંકર દ્વારા સ્થાનિક કાર્યકર્તાઓ અને સંસાધનોનો ઉપયોગ કરીને આ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ નાનકડી પુસ્તિકામાં આરોગ્યની તકેદારીની પ્રક્રિયા કેવી રીતે રાખવામાં આવી તેનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. આ પુસ્તિકા એમ જણાવે છે કે સંસ્થા દ્વારા ત્રણ તબક્કામાં આ કામગીરી કરવામાં આવી હતીઃ (૧) જુલાઈથી ડિસેમ્બર-૨૦૦૧ઃ માહિતીનું એકત્રીકરણ, ફિઝિયોથેરપી, આકલન શિબિરો અને સુધારાત્મક સર્જરી (૨) જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૦૨ઃ આરોગ્ય કાર્યકરોની પસંદગી, સામગ્રીની તૈયારી, તાલીમ કાર્યક્રમ, આરોગ્ય શિક્ષણ અને દર્દીઓનું અનુવર્તી કાર્ય (૩) જાન્યુઆરીથી જુન-૨૦૦૩ઃ સામગ્રીની તૈયારી, રિફ્રેશન તાલીમ અને આરોગ્ય શિક્ષણ.


આ પુસ્તિકામાં આરોગ્ય તકેદારીની વ્યવસ્થા માટેના ૧૦ પગલાં અનુભવને આધારે જણાવવામાં આવ્યા છે. તે ઉપરાંત, સારી તકેદારી વ્યવસ્થાના લક્ષણો પણ જણાવવામાં આવ્યા છે. કટોકટી, અસહાયતા, જોખમ, આપત્તિ અને જાહેર આરોગ્ય સેવાઓની વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ) દ્વારા સ્વીકૃત એવી વ્યાખ્યાઓ પણ આપવામાં આવી છે જે આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં ખૂબ જ માર્ગદર્શક બને છે. ભૂકંપ પછીના સમયમાં ઈજાગ્રસ્તોની સારવાર માટે કરવામાં આવેલી આ કામગીરી કોઈપણ આપત્તિ પછી ઈજાગ્રસ્તોની સારવાર માટે શી કાળજી લેવી જોઈએ તેનું માર્ગદર્શન પૂરું પાડે છે. રાહત અને પુનર્વસનના કાર્યમાં સામેલ તમામ લોકો માટે તથા સામેલ થવા માંગતા લોકો માટે આ પુસ્તિકા ઉપયોગી થાય તેમ છે.

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાનઃ 'ઉન્નતિ', લેખકઃ સ્વપ્ની શાહ અને કિરીટ પરમાર.

## ક્લાઈમેટ ચેન્જઃ પોલિટિક્સ એન્ડ ફેક્ટ્સ

ગ્લોબલ વોર્મિંગ એટલે કે વૈશ્વિક તાપમાનમાં થતો વધારો એ સંભવતઃ દુનિયાનો સૌથી વધારે મોટો અને સૌથી વધારે મુશ્કેલ એવો આર્થિક અને રાજકીય પ્રશ્ન છે. તેમાં વિજ્ઞાન, અર્થકારણ અને રાજકારણ ત્રણેયનું મિશ્રણ છે. આબોહવામાં પરિવર્તન થઈ રહ્યું છે તેનું કારણ કાર્બન ડાયોકસાઈડ અને અન્ય વાયુઓ હવામાં છોડવામાં આવે છે તે છે. છેવટે તે આર્થિક વૃદ્ધિ અને દુનિયાની સંપત્તિ સાથે સંકળાયેલી બાબત છે. આથી એમ કહી શકાય કે આ ઘટના માનવસર્જિત છે અને તે દુનિયાને મુસીબતમાં મૂકી શકે તેમ છે. પ્રશ્ન એ છે કે જે ધનવાન દેશો સૌથી વધારે પ્રદૂષક વાયુઓ હવામાં છોડે છે તેમને તેઓ એ વાયુઓ છોડવાનું પ્રમાણ ઘટાડે તે માટે તેમને કેવી રીતે સમજાવવા? એમ કહેવામાં આવે છે કે આ સમસ્યા પોતે જ બજારની મોટી નિષ્ફળતા છે. તે એક મોટી રાજકીય અને આર્થિક સમસ્યા છે કારણ કે તે આર્થિક વૃદ્ધિ સાથે સંબંધ ધરાવે છે. જે ન ગમે તેવું સત્ય છે તે એ છે કે આબોહવામાં પરિવર્તનને પરિણામે રાષ્ટ્રો અને લોકો વચ્ચે આર્થિક વૃદ્ધિની વહેંચણી કેવી રીતે કરવી. ધનવાન દેશોએ અને લોકોએ પ્રદૂષક વાયુઓ હવામાં છોડવાનું ઓછું કરવું પડે કારણ કે તો જ ગરીબોનો આર્થિક વિકાસ થઈ શકે.

આબોહવામાં પરિવર્તન આપણને એ શીખવે છે કે વિશ્વ એક જ છે અને જો ધનવાન લોકોએ ગઈ કાલે વધારે પ્રદૂષક વાયુઓ હવામાં છોડ્યા હતા તો હવે આવતી કાલે ગરીબ લોકો પણ વિકાસની પ્રક્રિયામાં વધારે પ્રદૂષક વાયુઓ હવામાં છોડશે. તેથી આબોહવામાં પરિવર્તનને નાથવા માટે ધનવાન અને ગરીબ લોકોએ તથા ધનવાન





અને ગરીબ દેશોએ સહકાર સાધવો પડશે. પરંતુ સમતા અને ન્યાય વિના આવો સહકાર કેવી રીતે સાધી શકાય? આ પુસ્તકમાં ૯ પ્રકરણો છે. તેમાં આબોહવામાં પરિવર્તન એટલે શું, આબોહવામાં પરિવર્તનનું વિજ્ઞાન, હવામાં છોડાતા પ્રદૂષક વાયુઓ, તેને માટે કોણ જવાબદાર, ભારત અને દક્ષિણ એશિયા ઉપર તેની અસરો, દુનિયાના દેશો વચ્ચેની વાટાઘાટો, બજારતંત્ર, ઓછા કાર્બન ડાયોક્સાઈડના ઉત્પાદનવાળા અર્થતંત્ર તરફની દિશા અને બોજાનું વિભાજન વગેરે જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. ખાસ કરીને બજારતંત્ર નિષ્ફળ ગયું છે એ બાબત ઉપર તેમાં ભાર મૂકવામાં આવ્યો છે. સાથે સાથે કોણ બોજો ઉઠાવે છે અને હવે કોણે બોજો ઉઠાવવો જોઈએ તેની દિશા પણ તેમાંથી પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ આ પુસ્તક સમગ્ર વિષયને સમજવા માટે ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. પર્યાવરણની રક્ષાની ચિંતા કરનારા લોકોને વિજ્ઞાનનું અર્થકારણ અને રાજકારણ સુપેરે સમજાશે.

પ્રાપ્તિસ્થાનઃ સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટ, ૪૧ તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, નવી દિલ્લી ૧૧૦ ૦૬૨. ફોનઃ ૦૧૧-૨૯૯૫૬૧૧૦-૫૧૨૪-૬૩૯૪-૬૩૯૯. ઈમેલઃ cse@cseindia.org, kushal@cseindia.org

## સિટિઝન્સ રિવ્યુ – જેએનએનયુઆરએમ

જવાહરલાલ નેહરુ રાષ્ટ્રીય શહેરી પુનરુત્થાન મિશનની શરૂઆત ભારત સરકાર દ્વારા શહેરોના પુનરુત્થાન માટે કરવામાં આવી. આ મિશનમાં જે વિવિધ યોજનાઓનો અમલ દેશનાં વિવિધ શહેરોમાં કરવામાં આવ્યો ત્યાં વિવિધ લોકોએ અનેક કારણોસર તેનો વિરોધ કર્યો હતો. ભારત સરકારે ૨૦૦૫માં જ્યારે આ યોજનાની શરૂઆત કરી ત્યારે એવી દલીલ કરવામાં આવી હતી કે શહેરો દેશની કુલ ઘરેલૂ પેદાશ (જીડીપી)માં લગભગ ૫૦ ટકા જેટલો ફાળો આપે છે અને તેથી શહેરી સ્થાનિક સંસ્થાઓને મજબૂત બનાવવાની જરૂર છે. આ મિશનમાં બજારલક્ષી એવા સુધારા ઉપર ભાર મૂકવામાં આવ્યો અને આ સુધારા કરવામાં આવે તો જ શહેરી સ્થાનિક સંસ્થાઓને શરતી ભંડોળ પ્રાપ્ત થાય એવી જોગવાઈ કરવામાં આવી. આ પુસ્તકમાં શહેરી વિકાસ યોજનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાં શહેરની વસ્તી અને પાયાની સેવાઓ, શહેરનો આર્થિક પાયો, શહેરની નાણાકીય વ્યવસ્થા, માળખાગત સવલતો જમીન અને ગૃહ નિર્માણની




વ્યવસ્થા, સેવાઓ પૂરી પાડવામાં ખાનગી ક્ષેત્રની ભૂમિકા, સૂચિત વિકાસ, સુધારા વગેરે બાબતોને આવરી લઈને ૧૭ શહેરોએ તેમની વિકાસ યોજનામાં શું જણાવ્યું છે તેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત, શહેરી વિકાસ યોજનાઓની તુલના પણ ૨૬ શહેરોના સંદર્ભમાં કરવામાં આવી છે. શહેરી વિકાસ યોજના અને વિગતવાર પરિયોજના અહેવાલની તુલના પણ કરવામાં આવી છે. આ પુસ્તકમાં મિશનની કામગીરી અંગે અખબારોમાં જે અહેવાલો આવ્યા છે તેમનો સારાંશ સંદર્ભો સાથે આપવામાં આવ્યો છે. આ અહેવાલો એમ દર્શાવે છે કે મિશનની યોજનાઓનો અમલ કેટલો કંગાળ રીતે થઈ રહ્યો છે. પુસ્તકમાં અંતે નાગરિકોનાં મંતવ્યો પણ આપવામાં આવ્યા છે. વિવિધ શહેરોમાં મિશનની પરિયોજનાઓ વિશે લોકો અને બિન-સરકારી સંગઠનો શું માને છે તે તેમાં ટૂંકમાં જણાવવામાં આવ્યું છે.


દેશભરમાં વિવિધ વ્યક્તિઓ, નાગરિક જૂથો અને સંગઠનો દ્વારા સામુહિક રીતે જે પ્રવૃત્તિઓ કરવામાં આવી છે તે દર્શાવવામાં આવી છે. આ સમગ્ર અહેવાલ નવી દિલ્લીમાં તા. ૧૬-૧૮ જુલાઈ, ૨૦૦૯ દરમ્યાન યોજાયેલા એક રાષ્ટ્રીય પરિસંવાદ દરમ્યાન રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં ૧૬ શહેરોમાંથી ૮૪ લોકોએ ભાગ લીધો હતો. શહેરોના વિકાસ માટે આ મિશન હેઠળ જે પરિયોજનાઓ હાથ ધરવામાં આવે છે તે શહેરી ગરીબોને કેવી રીતે વિપરીત અસર પહોંચાડે છે અને શા માટે પહોંચાડે છે તથા તેમની સમસ્યાઓ દૂર કરવા માટે મિશનમાં જોગવાઈ હોવા છતાં પણ શા માટે તેમનો અમલ થતો નથી તેની વિગતવાર ચર્ચા અહીં કરવામાં આવી છે.

પ્રકાશકઃ હેઝાર્ડસ સેન્ટર, ૯૨ એચ, પ્રતાપ માર્કેટ, મુનીરકા, નવી દિલ્લી - ૧૧૦ ૦૬૭. ફોનઃ ૦૭૭-૨૬૭૧૪૨૪૪, ૨૬૧૮૭૮૦૬ ઈમેલઃ hazardscentre@gmail.com

## કોમ્યુનિટી ચાર્ટર ઓન કલાઈમેટ ક્રાઈસિસ

દુનિયાભરમાં અત્યારે આબોહવામાં પરિવર્તન અથવા ગ્લોબલ વોર્મિંગ વિશે ચર્ચા ચાલી રહી છે ત્યારે સામાન્ય લોકો કોની આબોહવા અને શાનું પરિવર્તન એવો સવાલ પૂછે છે. માનવજાતના ઈતિહાસમાં પૃથ્વીના જન્મ પછી સૌથી મોટો ખતરો કદાચ આબોહવામાં પરિવર્તનને લીધે ઊભો થયો છે. તેવા સમયે નાગરિક સમાજના જૂથો વનવાસીઓ,

નાના ખેડૂતો, પશુપાલકો, માછીમારો અને પર્વતીય વિસ્તારોમાં રહેતા લોકોની ચિંતાઓ વ્યક્ત કરવા માટે કામ કરે એ ઈચ્છનીય છે. પ્રકૃત્તિ અને આબોહવા વિશેના તેમના દૃષ્ટિકોણો ક્યાંય રજૂ થતા નથી અને તેમને સાંભળવામાં આવતા નથી. તેથી 'પિપલ્સ કોએલિશન ઓન ક્લાઈમેટ ચેન્જ' નામે નાગરિક સમાજના જૂથોનું એક નેટવર્ક બનાવવામાં આવ્યું છે. આ નેટવર્ક દ્વારા સમુદાયોને આબોહવામાં પરિવર્તનની શું અસર થાય છે અને સમુદાયો પોતે તેને કેવી રીતે જુએ છે તથા તેનો પ્રતિભાવ કેવી રીતે આપે છે તેના ઉપર એમા ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ભારતનાં તમામ ભાગોમાંથી પાંચ પર્યાવરણીય વ્યવસ્થાઓમાંનાં ૧૨ સ્થળોના ૨૦ સમુદાયોને તે માટે પસંદ કરવામાં આવ્યા. તેઓ જંગલોમાં, રણોમાં, મેદાનોમાં, પર્વતોમાં, દરિયાકિનારે અને અંદરુની વિસ્તારોમાં રહેનારા સમુદાયો છે.




જ્યારે સમુદાયો તેમની પોતાની કહાણી રજૂ કરે છે ત્યારે પર્યાવરણ એટલે શું તેનો તદ્દન નવોજ દૃષ્ટિકોણ ઊભો થાય છે. ઉપરાંત, વિકાસના મુખ્ય પ્રવાહને પરિણામે દાયકાઓથી તેમને જે સહન કરવું પડ્યું છે તેની કહાણીઓ પણ તેમાં રજૂ થાય છે. નાગ, બઈગા, ડોંગરિયા કોંધિયા, માલધારીઓ, પરાવા, મુથિયાર, સંથાલ, દલિતો અને માછીમારો જેવા સમુદાયો કેવી રીતે આબોહવામાં આવી રહેલા ફેરફારોને જૂએ છે તથા એ ફેરફારોને પરિણામે તેમને થનારી અસર કેવી રીતે દૂર કરી શકાય એમ છે તેને વિશે પણ અનેક બાબતો જણાવે છે.આ પુસ્તકમાં આ પ્રકારની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. લોકોની સમસ્યાઓ, તેમનું પોતાનું વિશ્લેષણ, તેમની આશાઓ અને ગૌરવ, તેમનો આત્મવિશ્વાસ અને હિંમત વગેરેનું પ્રતિબિંબ આ ચાર્ટરમાં પડે છે. આ ચાર્ટર અસાધારણ રીતે પ્રેરણાદાયક ચાર્ટર છે. તેમાં બ્રહ્માંડ વિશિનું સ્થાનિક દર્શન છે અને તદ્દન જુદો જ વૈશ્વિક દૃષ્ટિકોણ છે. લોકોની તાકાત અને આશાઓનું પ્રતિબિંબ પણ તેમાં પડે છે અને સાથે સાથે ભારતમાં રાજ્ય પાસેથી તેમની શી અપેક્ષાઓ છે તે પણ જોઈ શકાય છે. આ ચાર્ટરમાં નીચે મુજબની માંગણીઓ રજૂ કરવામાં આવી છેઃ

(૧) ખેતરો, પશુઓ, જંગલો, દરિયા વગેરે માનવ સભ્યતાઓની અસ્કામતો છે. તેમની વિવિધતા અને એકતા અગત્યની છે. તેમનામાં વિક્ષેપ ઊભો થાય એવું કશુંય કરવું નહી.

(૨) ખેતીના બહુ આયામી, પર્યાવરણીય અને વૈવિધ્યપૂર્ણ વ્યવહારને સ્વીકારવો. કારણ કે તે આબોહવામાં પરિવર્તન સામે સૌથી મહત્ત્વનો અને મોટો બચાવ છે.

(૩) પરંપરાગત બિયારણને પ્રોત્સાહન આપવું કારણ કે તેમના ઉપયોગથી ખેતીમાં પાણીનો ઓછો વપરાશ થાય છે અને ભારે ગરમી સામે પણ તે ટકી શકે છે.


(૪) સરકારની વનીકરણ અંગેની નીતિઓમાં માત્ર વૃક્ષોના વાવેતરને પ્રોત્સાહન ન આપવું પણ પર્યાવરણીય ચિરંતનતાને મહત્ત્વ આપવું.

(૫) ભૂગર્ભ જળસંસાધનોનું ગેરવાજબી શોષણ ન થાય તેના ઉપર ધ્યાન આપવું. લોકોના રોજિંદા જીવનમાં પાણીના જતનને જે સ્થાનિક પદ્ધતિઓ વણાયેલી છે તેમને પ્રોત્સાહન આપવું.

(૬) પશુ પાલનને આદર આપવો અને ગતિશીલતાને સાંસ્કૃતિક ઓળખ અને એકતા તથા અધિકારોના સંદર્ભમાં જોવી. વર્તમાન આરક્ષિત વિસ્તારોના સંચાલન માટે પશુપાલકોને સક્ષમ બનાવવા. દેશજ જ્ઞાન અને સમતાનો ઉપયોગ જૈવ વૈવિધ્યના રક્ષણ માટે કરવો.

પ્રાપ્તિસ્થાનઃ ડેક્કન ડેવલપમેન્ટ સોસાયટી, ગામ - પસ્તાપુર, તાલુકો - ઝહીરાબાદ, જિલ્લો - મેડક - ૫૦૨ ૨૨૦, આંધ્ર પ્રદેશ. ફોનઃ ૦૮૪૫૧-૨૮૨૨૭૧, ૨૮૨૭૮૫ ઈમેલઃ ddspastapur@gmail.com

## વરિષ્ઠ પત્રકાર શ્રી દિગંત ઓઝાની વિદાય



ગુજરાતના વરિષ્ઠ પત્રકાર અને લેખક દિગંતભાઈ ઓઝાનું તા. ૨૧મી ઓગસ્ટના રોજ સવારે ટૂંકી માંદગી બાદ અમદાવાદ ખાતે નિધન થયું હતું. તેમણે વર્ષો સુધી સક્રિય પત્રકારત્વમાં સેવા આપી હતી. તેમાં સૌથી મોટા અખબારી જૂથ ઈન્ડિયન એક્સપ્રેસ ગ્રુપનાં ગુજરાતી દૈનિકો, જનસત્તા-લોકસત્તામાં એડીટર ઈન ચીફ તરીકેની કામગીરી આવરી શકાય. ગુજરાત સ્વ. ઓઝાના નિધનથી એક અભ્યાસુ, નિર્ભીક અને સક્રિય પત્રકાર ગુમાવ્યો છે. માયાળુ અને પ્રેમાળ સ્વભાવના પણ તીખા-તમતમતા દિગંતભાઈ ઓઝા ખંભે ખડિયો અને ખેસ લઈને ફરતા પત્રકારોમાં એક હતા. તેઓ કદીયે કોઈને તાબે થયા નહોતા, વખત આવ્યે એમણે સાપ કાંચળી ઉતારે એમ ગમે તેવા મોટા ચમરબંધીને છોડતાં ક્ષણનોય વિલંબ કર્યો નહોતો. તેમની કલમ અને કામ કરવાની આવડત એ તો પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે નવી તાકાત અને જોમ પૂરું પાડનાર ઈતિહાસ રૂપ છે. પરમકૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને ચિરશાંતિ અર્પે એ જ અભ્યર્થના.

છેલ્લા ચાર માસ દરમ્યાન ‘ઉન્નતિ’ દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતીઃ

## (૧) સામાજિક સમાવેશ અને સશક્તિકરણ

### દલિતોના અધિકારોને પ્રોત્સાહન

પશ્ચિમ રાજસ્થાનમાં જોધપુર જિલ્લામાં ભોપાલગઢ અને શેરગઢ, બાડમેર જિલ્લામાં શિવાના અને સિંધરી તથા જેસલમેર જિલ્લામાં પોખરણ ખાતે પાંચ દલિત સંસાધન કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યાં છે કે જેમાં ૭૫ ગામોને સ્થાનિક સ્તરની સમિતિઓ દ્વારા આવરી લેવામાં આવે છે. આ સમિતિઓનું તાલુકા સ્તરે મહામંડળ બનાવવામાં આવ્યું છે. જુલાઈ માસ દરમ્યાન અત્યાચારના ચાર કિસ્સા ઊભા થયા હતા અને ત્રણ જૂના કિસ્સાઓમાં પણ ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જમીન દબાણના એક કિસ્સામાં પણ ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. જુન અને જુલાઈ માસ દરમ્યાન જિલ્લા સ્તરની બે ક્ષમતાનિર્માણ તાલીમો તાલુકા સ્તરની સમિતિઓના કાર્યકરો માટે યોજવામાં આવી હતી. તેમાં ૩૯ મહિલાઓ સહિત ૧૧૮ સ્થાનિક સ્તરના નેતાઓએ ભાગ લીધો હતો. આ તાલીમોનો ઉદ્દેશ એ હતો કે દલિતો ઉપરના અત્યાચારના કિસ્સામાં સામેલ કાનૂની પ્રક્રિયા વિશે તેઓ માહિતગાર થાય, અત્યાચાર વિરોધી ધારામાં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ વિશે કરવામાં આવેલી જોગવાઈઓ અંગે માહિતગાર થાય, પ્રથમદર્શી માહિતી અહેવાલ વિશે જાણકારી મેળવે, વિવિધ સરકારી યોજનાઓ અને નરેગા વિશે માહિતી પ્રાપ્ત કરે. તે પછી તાલુકા સ્તરની સમિતિના સભ્યોએ ગામ સ્તરે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. તેમાં દલિત બાળકોને શાળાઓમાં પ્રવેશ અપાવવો, નરેગા હેઠળ કામ મેળવવામાં સ્થાનિક લોકોને મદદ કરવી, બાળ લગ્નો અટકાવવાં અને ભેદભાવ તથા અત્યાચારના કિસ્સામાં પગલાં ભરવાં.

મે ૨૦૧૦ દરમ્યાન જોધપુરના ‘ફાઉન્ડેશન ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ’ના સહયોગમાં જિલ્લા સંસાધન કેન્દ્રો દ્વારા જિલ્લા સ્તરની એક દિવસની કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં ચૂંટાયેલા ૪૯ પ્રતિનિધિઓ અને સ્થાનિક સ્તરના ૮૮ દલિત નેતાઓએ ભાગ લીધો હતો. પંચાયતી રાજ સંસ્થાઓ વચ્ચેનો વિધાયક સંબંધ ઊભો થાય, ચૂંટાયેલા નવા દલિત પ્રતિનિધિઓ પંચાયતો વિશે જાણકારી મેળવે, સ્થાનિક સ્વશાસન અંગેના કાયદા, જોગવાઈઓ અને નાણાકીય વ્યવસ્થાઓ વિશે માહિતી મેળવે તે તેનો ઉદ્દેશ હતો. દલિત માનવ અધિકાર રક્ષકોના ક્ષમતાનિર્માણ માટે તા. ૨૮થી ૩૦ મે ૨૦૧૦ દરમ્યાન એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પશ્ચિમ રાજસ્થાનનાં ૧૧ સંગઠનોના ૨૩ પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો હતો. તેમાં વિકાસ ક્ષેત્રનો ઈતિહાસ, દેશમાં દલિતોનાં આંદોલનોનો ઈતિહાસ, દલિતોના મુદ્દાઓ વિશે સામુહિક સમજ, મહિલાઓના પ્રશ્નો વિશેની સમજ વગેરે મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ભેદભાવ અને અત્યાચારોના કિસ્સામાં દલિતોને ન્યાય પ્રાપ્ત થાય તે માટેની કાનૂની પ્રક્રિયા વિશે પણ તેમાં માહિતી આપવામાં આવી હતી. તે ઉપરાંત, કાસા-ઉદયપુર અને સસ્વિકા-અજમેરના સહયોગમાં તથા પિપલ્સ વોચ-તમિલનાડુના ટેકાથી માનવ અધિકાર રક્ષકોના અધિકારો અને જવાબદારીઓ વિશે બે દિવસની ક્ષમતાનિર્માણ તાલીમ રાખવામાં આવી હતી. તેમાં રાજસ્થાનનાં ૨૨ બિન-સરકારી સંગઠનોના ૩૯ કર્મશીલોએ હાજરી આપી હતી. પ્રાદેશિક અને રાજ્ય સ્તરે માનવ અધિકારોના રક્ષકોના બચાવ માટે અને માનવ અધિકાર સંસ્થાઓના આકલન માટે એક ફોરમની પણ સ્થાપના કરવામાં આવી છે.

જુલાઈ ૨૦૧૦ દરમ્યાન બીએમઝેડ (જર્મનીનું આર્થિક સહકાર મંત્રાલય) અને માલતેસર ઈન્ટરનેશનલના સહયોગમાં પશ્ચિમ રાજસ્થાનના દુકાળ સંભવ જિલ્લાઓમાં દલિતો, આદિવાસીઓ અને છેવાડાના લોકોના સામાજિક સમાવેશ અને સામુદાયિક પ્રતિકારને મજબૂત કરવાના ઉદ્દેશથી એક નવો પ્રયાસ શરૂ કરવામાં આવ્યો છે. મુખ્ય હેતુ એ છે કે સૌથી વધારે તકવંચિત અને અસહાય સમુદાયોને આર્થિક, સામાજિક અને લોકભાગી સહભાગિતા સમાનતાના ધોરણે પ્રાપ્ત થાય. ખાસ કરીને પીવાનું પાણી, આરોગ્ય સંભાળ અને સામાજિક સલામતી, રોજગારી વગેરે પ્રાપ્ત થાય તેના ઉપર તેમાં ધ્યાન આપવામાં આવ્યું. જુલાઈ મહિનામાં સહભાગી સંગઠનો સાથે હેતુઓ, વ્યૂહરચનાઓ વિશે સમજ ઊભી કરવા અને કાર્યગત યોજના ઘડી કાઢવા માટે એક અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

### વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવો

અમદાવાદમાં બાળકોના માનસિક આરોગ્યના પ્રશ્નો વિશે કામ કરનારાં ૪ સંગઠનોને તેમની ક્ષમતા વધારવા માટે ટેકો પૂરો પાડવામાં આવી રહ્યો છે. તેમનું પિતૃ સંગઠન અંધજન મંડળ છે અને તેના સહયોગમાં તેઓ વધારે વ્યવસાયી સેવાઓ પૂરી પાડે તે માટે ક્ષમતા ઊભી કરવાનું કામ થઈ રહ્યું છે. તે દરેક સંગઠનના બબ્બે પ્રતિનિધિઓ તે માટે નક્કી કરવામાં આવ્યા છે અને તેઓ અનેક પ્રકારની વિકલાંગતા ધરાવતાં

બાળકોને તેઓ સારી સેવાઓ પૂરી પાડે તે માટે તાલીમ આપવામાં આવી રહી છે. અંધજન મંડળ, 'ઉન્નતિ'ના કાર્યકરો અને સ્ટાફ સાથે મળીને નિયમિત રીતે દર મહિને આયોજન અને સમીક્ષા બેઠકો યોજવામાં આવે છે. સહભાગી સંગઠનો દ્વારા કેટલાક મહત્ત્વના ફેરફારો સૂચવવામાં આવ્યા છે. બાળકોનું આકલન, શિક્ષણ માટેની દરેકની વ્યક્તિગત યોજના બનાવવી, દરેક બાળકની વિગતવાર નોંધો રાખવી અને શિક્ષણ તથા ભણતર માટેની પદ્ધતિઓ નવી રીતે અપનાવવી વગેરે બાબતોનો તેમાં સમાવેશ થાય છે. જરૂરિયાતના આકલન માટે સહભાગી સંગઠનો દ્વારા બે શિબિરો યોજવામાં આવી હતી. તેમાં વ્યાવસાયિક ચિકિત્સા માટે ૩૬, વાણી ચિકિત્સા માટે ૩૭, મનોરોગની ચિકિત્સા માટે ૪૪ અને સરકારી યોજનાઓના લાભ માટે ૫૦ બાળકોને ઓળખી કાઢવામાં આવ્યાં હતાં. સહભાગી સંગઠનોના ૧૭ કાર્યકરોએ વડોદરામાં દિશા અને અર્પણ સંગઠનોની મુલાકાત લીધી હતી. આ બંને સંગઠનો માનસિક રીતે બીમાર બાળકો સાથે કામ કરે છે.

સહભાગી પદ્ધતિઓ અને ખાસ કરીને સહભાગી ગ્રામીણ મૂલ્યાંકનના ઉપયોગ વિશે તથા સર્વે પદ્ધતિ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ઓળખ માટે બે દિવસની એક કાર્યશાળાનું આયોજન એપ્રિલ ૨૦૧૦માં ૧૩ સંગઠનો માટે કરવામાં આવ્યું હતું. તે પછી ૭ સંગઠનોએ ગુજરાતનાં ૨૯ ગામોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ઓળખી કાઢી હતી.

**સેટકોમ દ્વારા આદિવાસી વિસ્તારોની શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજીનું શિક્ષણ**

ગુજરાતના આદિવાસી વિકાસ વિભાગના સહયોગથી સેટકોમ દ્વારા આદિવાસી વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવાનો એક પ્રોજેક્ટ ગયા વર્ષથી હાથ ધરવામાં આવ્યો છે. બ્રિજ કોર્સનું ટ્રાન્સમિશન પૂરું થયા બાદ એક ટુકડીએ ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી અને વલસાડ એમ છ જિલ્લાની ૨૮ શાળાઓની મુલાકાત લીધી હતી. કુલ ૧૫૧ શાળાઓમાં આ કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ મુલાકાતનો મુખ્ય હેતુ શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીને વેલકમ ઈંગ્લિશ કાર્યક્રમની અસર તપાસવાનો અને તેના હેતુઓ પાર પડ્યા છે કે નહિ તે જોવાનો હતો. આ અંગેનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે અને વિભાગને આપવામાં આવ્યો છે. વલસાડ, સુરત, પંચમહાલ, સાબરકાંઠા અને નર્મદા જિલ્લામાં તા. ૨૩થી ૨૮ જુલાઈ દરમ્યાન જિલ્લા સ્તરની બે અભિમુખતા શિબિરો યોજવામાં આવી હતી. આ તાલીમોમાં ૧૦૮ આચાર્યો, ૧૩૨ શિક્ષકો, ૫ પરિયોજના વહીવટદારો અને ૧૨ કન્સલ્ટન્ટ્સ હાજર રહ્યા હતા. વર્કબુક-૧ અને વર્કબુક-૨ શાળાઓમાં વહેંચવામાં આવી હતી.

## (૨) નાગરિક નેતૃત્વ અને સામાજિક ઉત્તરદાયિત્વ

### ગ્રામીણ શાસન

ગુજરાતના અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાના ૬ તાલુકાઓમાં નાગરિક નેતાઓ તથા પંચાયત વિકાસ સમિતિઓ દ્વારા માહિતી અધિકાર ધારા વિશે ૧૧૪ શિબિરો યોજવામાં આવી હતી. તેમાં ૧૯૩૬ પુરુષો અને ૩૬૭ મહિલાઓએ ભાગ લીધો હતો. એ જ રીતે ત્રણ તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના વિશે માહિતી આપવા ૧૫ શિબિરો યોજાઈ હતી કે જેમાં ૨૯૧ પુરુષો અને ૨૧૮ મહિલાઓએ ભાગ લીધો હતો. નરેગા વિશે રાજ્ય અને જિલ્લા સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સંપર્ક ઊભો થાય તે માટે દાહોદ, આણંદ, પોરબંદર અને ડાંગ જિલ્લામાં તાલુકા, જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધારાસભ્યો અને સંસદ સભ્યો સાથે વિચાર-વિમર્શ યોજવામાં આવ્યો હતો. જુલાઈ-૨૦૧૦થી ગુજરાતના ગ્રામ વિકાસ વિભાગના ટેકા સાથે રાજ્યના તમામ ૨૬ જિલ્લામાં ફરિયાદ નિવારણની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવામાં આવે છે અને તાલુકા સંસાધન જૂથોનું ક્ષમતાનિર્માણ કરીને સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવે છે.

### શહેરી શાસન

તા. ૭-૮ જુન, ૨૦૧૦ દરમ્યાન 'સામાજિક ઉત્તરદાયિત્વનું સંસ્થાકરણઃ પદ્ધતિઓ, સાધનો, પ્રશ્નો અને પડકારો' વિશે બે દિવસની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ ભાગોના નાગરિક સમાજનાં સંગઠનોના ૬૦ પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો હતો. સામાજિક ઉત્તરદાયિત્વની દરમ્યાનગીરીઓ વિશેના તેમના અનુભવોનું આપ-લે થઈ હતી. કયા પડકારો છે અને કયા પદાર્થપાઠ શીખવા મળ્યા છે તેની પણ આપ-લે થઈ હતી. સામાજિક વિકાસ અસરકારક અને સમતાપૂર્ણ બને તે માટે નીતિ નિર્ધારકો અને સેવાઓના પુરવઠાકારોનું જાહેર ઉત્તરદાયિત્વ ઊભું કરવાની જરૂર છે. ઉત્તરદાયિત્વની પરંપરાગત વ્યવસ્થા મર્યાદિત માત્રામાં સફળ થઈ છે તેથી નવાં સાધનો ઊભાં કરવામાં આવ્યાં છે. તેમાં આયોજનમાં અને પરિયોજનાના સંચાલનમાં લોકોની સહભાગિતા, યોજનાઓ અને સેવાઓની કામગીરી ઉપર દેખરેખ, સામાજિક અન્વેષણ, જનસુનાવણી, લોકોનું અંદાજપત્ર, નાગરિકોનું રિપોર્ટ કાર્ડ અને અન્ય વ્યવસ્થાઓ વિકસાવવામાં આવી છે.

શીખવા મળેલા પદાર્થપાઠ વિશે વાતચીત કરવાની, મોટા પાયા પર કામ કરવાની વ્યૂહરચના વિકસાવવાની અને આ પ્રક્રિયાઓને અન્ય સ્થળોએ અનુસરવાની તથા તેમનું સંસ્થાગત સ્વરૂપ વિકસાવવાની બાબતે વિચારોની આપ-લે કરવાની તક આ કાર્યશાળામાં પ્રાપ્ત થઈ હતી.

## (૩) આપત્તિના જોખમના ઘટાડાના સામાજિક નિર્ધારકો

પશ્ચિમ રાજસ્થાનમાં પાંચ તાલુકામાં સાત ગામોમાં ૬૫ પરિવારોને એક વીઘો જમીન તેઓ બાગાયત અને ઘાસચારા માટે વિકસાવે તે માટે ટેકો આપવામાં આવી રહ્યો છે. એવી આશા છે કે ત્રણ વર્ષની દરમ્યાનગીરી પછી આ પરિવારોને ૧૦થી ૧૫ બકરીઓ માટે જરૂરી ઘાસચારો પ્રાપ્ત થશે અને તેઓ કંઈક આવક રળવા માટે સક્ષમ બનશે. બાડમેર અને જોધપુર જિલ્લામાં દલિત પરિવારો માટે પાણીની સલામતી ઊભી કરવા માટે ચાર ટ્રેક્ટર અને ટેન્કર ખરીદવામાં આવ્યાં છે. સમજૂતી પત્ર અને ધંધાકીય યોજના તૈયાર કરીને બે ટ્રેક્ટર અને ટેન્કર સમુદાયને આપવામાં આવ્યાં છે. સમુદાયે આ કામ માટે આવક રળવાનું મોડલ તૈયાર કર્યું છે. ગામ સ્તરની સમિતિ આ વ્યવસ્થા બરાબર કામ કરે તે માટે રચવામાં આવી છે અને તે તેના ઉપર દેખરેખ રાખવાનું કામ કરે છે. ટ્રેક્ટર અને અન્ય સાધન સામગ્રી ઉપર દેખરેખ રાખવાનું કામ કાર્યદળના સભ્યો કરે છે. દુકાળના સમયગાળા દરમ્યાન લગભગ ૩૦૦ પરિવારોને આ સાધનો દ્વારા ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો.

ઉનાળામાં દુકાળની પરિસ્થિતિ વણસશે એવી ધારણા સાથે અને દલિત મહિલાઓ તથા બાળકો અને ઢોરને વિપરીત અસર થશે એવી ધારણા સાથે સમુદાયના સભ્યો અને કાર્યદળના સભ્યો સાથે મળીને આપત્તિના જોખમના ઘટાડા વિશે તેમને તાલીમ આપવામાં આવી હતી અને દુકાળ રાહતની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. સૌ પ્રથમ તો જોધપુર અને બાડમેર જિલ્લાનાં ૨૩ ગામોમાંથી લાભાર્થીઓને ઓળખી કાઢવામાં આવ્યા હતા. અસહાયતાના નિર્દેશકો વિકસાવવા માટે સહભાગી ગ્રામીણ મૂલ્યાંકનની પદ્ધતિ અપનાવવામાં આવી હતી. જોખમ અને અસહાયતાને આધારે તમામ પરિવારોને પાંચ શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા હતા. પાણી, ઘાસચારો અને પાણી સંઘરવાનાં માળખા વિશે ટેકો આપવાનો જેમને જરૂરી હોય તેવા અસહાય પરિવારોની યાદી તૈયાર કરવામાં આવી હતી. કેટલાક પરિવારોને વિવિધ સેવાઓ પૂરી પાડી શકાય તે નક્કી થયું હતું. દુકાળ રાહત કાર્યક્રમ માટે કુલ ૫૭૯ લાભાર્થીઓને ઓળખી કાઢવામાં આવ્યા હતા. ૯૬ પરિવારોને ૫,૦૦૦ લિટરની ક્ષમતાવાળી ટાંકીઓ પૂરી પાડવામાં આવી હતી. લાભાર્થીઓ સાથે મળીને તેની ડીઝાઈન નક્કી કરવામાં આવી હતી. ગ્રામ વિકાસ સમિતિ સામગ્રીની ખરીદી, દેખરેખ અને સમાનતા તથા સમયસરતા ઉપર ધ્યાન આપતી હતી. લાભાર્થીઓએ કેચમેન્ટ એરિયા તૈયાર કરવામાં અને જમીન ખોદવામાં પોતાનો શ્રમ રેડીને પ્રદાન આપ્યું હતું. આ બાંધકામ પછી નિયમિત રીતે પરિવારોને પીવાનું પાણી મળે એ બાબત માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. પીવાના પાણીનો ટેકો પૂરો પાડવા માટે ૨૯૦ અસહાય પરિવારો નક્કી કરવામાં આવ્યા હતા. તેનાથી અસહાય પરિવારોનો બોજો ઘટ્યો અને રોજગારી માટે તેઓ બહાર જઈ શકતા હતા. ૨૯૦ પરિવારોને બે રાઉન્ડમાં ૮,૦૦૦ લિટર પાણી પુરવઠો તીવ્ર દુકાળના સમયગાળા દરમ્યાન પૂરો પાડવામાં આવ્યો હતો. જેમની પાસે ૫ બકરીઓ હોય તેવા અસહાય પરિવારોને ઘાસચારો પણ પૂરો પાડવામાં આવ્યો હતો. જો ઘાસચારાની અછત હોય તો આ પરિવારો અત્યંત નીચા ભાવે પોતાની બકરીઓ વેચી મારે તેવો ડર રહેતો હતો. ત્રણ રાઉન્ડમાં ૨૨.૫ કિગ્રા ઘાસચારો બકરી દીઠ ૨૮૯ પરિવારોને પૂરો પાડવામાં આવ્યો હતો. એમ જણાયું હતું કે આ ટેકાને પરિણામે પરિવારોને વધારે દૂધ પ્રાપ્ત થયું છે અને તેમણે બકરીઓ વેચી મારી નથી.

દુકાળ રાહત સેવાઓ ઉપર સમુદાય દ્વારા દેખરેખ રાખવાની કામગીરી જોધપુર, બાડમેર અને જેસલમેર જિલ્લામાં નવ તાલુકામાં ૮૫ ગામોમાં કરવામાં આવી હતી. સરકાર દ્વારા જે દુકાળ રાહત અપાય છે તેના ઉપર દેખરેખ રખાઈ. દલિતો અને મહિલાઓ પ્રત્યે ભેદભાવ ન થાય તે માટે વિવિધ ખાતાંઓના સરકારી અધિકારીઓને સંવેદનશીલ બનાવવામાં આવ્યા અને સેવાઓના વિતરણ માટે જવાબદાર બનાવાયા. સાથે સાથે સમુદાયની ક્ષમતા આ સેવાઓ ગૌરવ અને ગુણવત્તા સાથે પ્રાપ્ત કરવા માટે વધે તેવા પ્રયાસો કરવામાં આવ્યા. પરિણામે ૩૧૦ પરિવારોને સૌથી વધુ અસહાય લોકોની સરકારી યાદીમાં ઉમેરવામાં આવ્યા. આ પરિવારોને દુકાળ રાહત પેટે દર મહિને રૂ. ૬૦૦ પ્રાપ્ત થયા છે. સત્તાવાળા દ્વારા ઘાસચારાના વિતરણ માટે ૨૫ ડેપો શરૂ કરવામાં આવ્યા, ૨૫ ગામોમાં દલિતોની વસ્તીમાં પાણીનું વિતરણ કરવામાં આવ્યું અને ૩૦ ગામોમાં ૫૦ સ્થળોએ રોજગારીનાં કામોની શરૂઆત થઈ.

તમામ ૨૩ ગામોમાં આરોગ્ય કાર્યદળના સભ્યો દ્વારા આરોગ્યની સ્થિતિની આકલન કરવામાં આવ્યું. ૭ આરોગ્ય શિબિરો અને ૧૦ પશુચિકિત્સા શિબિરો સ્થાનિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સ્થાનિક વેટરનરી ડોક્ટરો સાથે મળીને યોજવામાં આવી હતી. આ શિબિરોનો લાભ લગભગ ૧,૦૦૦ લોકોએ લીધો હતો. ગંભીર કિસ્સામાં લોકોને સરકારી હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા હતા. પશુચિકિત્સા શિબિરોમાં

મુખ્યત્વે બકરીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું અને ચોમાસા અગાઉ તેમની સારવાર કરવામાં આવી હતી. અર્ધ-આરોગ્ય કાર્યકરો માટે ત્રણ દિવસનું મોડ્યુલ તૈયાર કરાયું હતું. ગામની આરોગ્યની સ્થિતિનું આકલન આ કાર્યકરોએ કર્યું હતું અને ગામમાં આરોગ્ય શિબિરો યોજવા માટે તેને આધાર ગણવામાં આવ્યો હતો. અમદાવાદની 'સેવા'ની આરોગ્ય પાંખે તાલીમ પૂરી પાડી અને ક્ષેત્રીય સાધનો પૂરાં પાડવામાં આવ્યાં. આરોગ્યનો વીમો, મિલકત અને જીવનનો વીમો ઉતારવા માટે ૬૬૦ પરિવારોના ૨૫૦૦ સભ્યોને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

'કોર્ડએઈડ ઈન્ડિયા'નાં ૯ સહભાગી સંગઠનો અને 'ગુજરાત રાજ્ય આપત્તિ સંચાલન સત્તા મંડળ'ના ૨૬ સહભાગીઓ માટે તા.૦૫થી ૧૭ એપ્રિલ, ૨૦૧૦ દરમ્યાન એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ઉન્નતિ' દ્વારા તેનું આયોજન કરાયું અને ફિલિપાઈન્સની 'ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર રૂરલ રિકન્સ્ટ્રક્શન' અને એ.એસ.કે. ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે તે કાર્યક્રમ હાથ ધરાયો હતો. સમુદાય સંચાલિત આપત્તિ જોખમ ઘટાડાનું દર્શન, સિદ્ધાંતો, પ્રક્રિયાઓ અને વ્યવહારો વિશે સમજ ઊભી કરવાથી આ તાલીમ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. સમુદાય પોતે જોખમ ઘટાડાની પ્રક્રિયા હાથ ધરે, સમુદાય જે જોખમોનો સામનો કરે છે તેને વિશે સમજ કેળવે અને અસહાયતા કેવી રીતે દૂર થાય તથા જોખમોનો સામનો કરવાની ક્ષમતા કેવી રીતે ઊભી થાય તે શીખે એવા હેતુથી આ તાલીમ યોજવામાં આવી હતી. સંગઠનાત્મક અને સામુદાયિક સ્તરે આપત્તિ જોખમ ઘટાડાની બાબતનું સંકલન સમુદાયની પોતાની યોજનાઓમાં કેવી રીતે થાય તે આ તાલીમમાં શીખવાયું હતું અને નજીકનાં ગામોમાં તેમનો અનુભવ પણ લેવામાં આવ્યો હતો.

હવામાનનો વીમો, દુષ્કાળ સામે પ્રતિકાર, પૂરના સામના માટેની તૈયારી, જળ સંચાલન અને ઘરનું સુરક્ષિત બાંધકામ વગેરે સાથે સંબંધિત પ્રશ્નો અંગેના કેટલાક કિસ્સા અંગેની એક પુસ્તિકા ગુજરાતીમાં પત્રકારો દ્વારા તૈયાર કરવામાં આવી છે.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૦૭૯-૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: **sie@unnati.org** વેબસાઈટ: **unnati.org**

ક્ષેત્રીય કાર્યાલય: ૬૫૦, રાધાકૃષ્ણપુરમ, લહેરિયા રિસોર્ટની નજીક, ચોપાસની-પાલ બાય-પાસ લિંક રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન.

ફોનઃ ૦૨૯૧-૩૨૦૪૬૧૮ ઈ-મેલ: **unnati@datainfosys.net**



ડિઝાઈન : રમેશ પટેલ અને હિતેશ ગોલકીયા 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૯૮૨૫૧૫૬૪૦૨



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.